ચિત્રલેખા

71 વર્ષમાં શાનદાર પ્રવેશ

૩ ઓગસ્ટ, ૨૦૨૦ | ₹૩૦
chitralekha.com

ચીનની દવાનો ઘૂંટડો ચીનને જ આપણે પિવડાવી શકીશું ખરા?

લૉકડાઉનમાં આપણા અભિગમના એક્સ-રે...

કોવિડ-૧૯ના ઓછાયા તળે...

કેવોક છે રક્ષાબંધનનો ઉત્સાહ...

કેવી સર્જાઈ છે અવનવી રાખડી?

VISIT…

એ માટે હિંમત જોઈએ

એ બતાવવા કે તમને ફિકર છે

PPE કિટ્સ, IR થર્મોમીટર, સેનિટાઇઝર્સ અને વર્કપ્લેસ ગિફ્ટ્સ. **સુરક્ષિત. આનંદ.**

જથ્થાબંધ ઓર્ડર પર વિશેષ કિંમતનો લાભ. કસ્ટમ બ્રાન્ડિંગ. ઝડપી ડિલીવરી

તમારી ખાસ જરૂરિયાત અનુસાર

* મફત સલાહ

મુકુલ વશિષ્ટ
ડાયરેક્ટર–RR સોલ્યૂશન

ઘર વપરાશની ચીજો । વર્કપ્લેસ ચીજ–વસ્તુઓ । ટેક ઉત્પાદનો । તહેવારોની ભેટ સોગાદ । સજાવટ

સેલ
મોસમ

કસ્ટમફેબ્રિકેશન્સ
તમારો લોગો ઉમેરો અને એને બ્રાન્ડ બનાવો
હવે ઉપલબ્ધ છે માસ્ક્સ અને PPE કિટ્સ તથા ઘણા સેફ્ટી ઉત્પાદનો

RR SOLUTION

D-24/396, Chattarpur Hills, New Delhi 110074 | +91-9818867921 | www.rrgifting.in

અનુક્રમ

૨૪। કવર સ્ટોરી

દીદી, તેરી રાખી નિરાલી...

આ વર્ષે ચીનથી રાખડીઓ નથી આવવાની ત્યારે દેશી કારીગરોએ વીરાઓને નિરાશ ન થવા દેવા માટે અવનવી રાખડી બનાવીને બજાર છલકાવી દીધી છે. ખાણી–પીણીના આકારની રાખડી, શરીરની ઊર્જા વધારે એવી રાખડી, ભાઈ–ભાભીની કપલ રાખડીથી માંડીને વાંસમાંથી ને છાણમાંથી બનેલી કળાત્મક રાખડીઓ કાંડે બંધાવીને ભાઈઓ નિભાવશે પ્યાર કા બંધન.

૨૦। વિશેષ

દવા ઉત્પાદનમાં ખરી આત્મનિર્ભરતા ક્યારે?

ફાર્મા ઉદ્યોગમાં આજે ભારતનું મોટું નામ છે, પણ એલોપેથિક ઔષધિ બનાવવામાં વપરાતી મોટા ભાગની કાચી સામગ્રી આપણે ચીનથી આયાત કરીએ છીએ. કોઈ એક દેશ પરનું આટલું અવલંબન આપણા માટે જોખમી છે એ સમજીને કેન્દ્ર સરકારે હવે ભારતમાં જ આ દ્રવ્યો તૈયાર કરવા મહત્ત્વાકાંક્ષી યોજના ઘડી છે.

૧૭। વિશેષ

જીવના જોખમે જીવ બચાવે છે આ જુવાનિયા...

આમ તો એમનું કામ જ પાણી સાથે છે. પાણીમાં તરવાના જન્મજાત કૌશલ્યને એમણે અનોખી સેવામાં પલટાવી નાખ્યું છે. કોઈને ડૂબતાં બચાવવા અને ડૂબેલાને શોધી લાવવાની કામગીરી વલસાડના એક ટ્રસ્ટના યુવા તરવૈયા જાનના જોખમે બજાવે છે.

૧૪। નોખું-અનોખું

ભણતર સાથે મનનો તાગ લેવાનું કામ

'કોરોના'ને કારણે આવી પડેલા લૉકડાઉન દરમિયાન 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી'ના મનોવિજ્ઞાન વિભાગે વિશેષ હેલ્પલાઈન દ્વારા લોકોની અનેક સમસ્યાનો ઉકેલ લાવી આપ્યો અને રસપ્રદ સર્વે પણ કર્યો. શું છે એનાં તારણ..?

૩૧। વિદેશની આજકાલ

માંદા વૈશ્વિક અર્થતંત્રને બેઠું કરશે વેલ્થ ટૅક્સ?

વિવિધ દેશોની સરકાર આર્થિક પાયમાલીને પહોંચી વળવા અમીરો પાસેથી કરવસૂલાત કરવાનું વિચારી રહી છે. 'વેલ્થ ટૅક્સ' કે 'કોરોના ટૅક્સ' નામે આવો વધારાનો ટૅક્સ આપવા મુઠ્ઠીભર બિલિયોનર્સ તૈયાર તો છે, પણ...

૩૯। પ્રિયદર્શિની। એકલવ્યા

પ્રસિદ્ધ નાટક 'નાગમંડલ'ને નૃત્યનાટિકામાં ફેરવીને **કાવ્યશ્રી દાસગુપ્તા**એ કથ્થકના માધ્યમથી મેળવી છે ઑનલાઈન વાઈવા આપવાની નવતર સિદ્ધિ.

૩૫। ધારાવાહિક નવલકથા

રંગકપટ (પ્ર–૨૮)

ઉપરાંત

વાહ ભાઈ વાહ!, જલસાઘર

અને છેલ્લે... **મુખવાસ**

મુખપૃષ્ઠ તસવીરઃ **ચિત્રલેખા ગ્રાફિક્સ**

પ્રભાતનાં પુષ્પો...

એક જ ભૂમિ પર પગલાં માંડતાં આપણે પ્રવાસીઓ છીએ. આપણે બન્ને પ્રગતિપંથના પ્રેમીઓ છીએ. કુદરતે આપણને બધી જાતની સગવડો આપી છે. એમાં એણે પક્ષપાત રાખ્યો નથી. જે સૂર્ય તમારે માથે તપે છે એ જ અમને પ્રકાશ આપી રહ્યો છે અને જે હવા આપનાં ફેફસાંમાં પ્રાણ પૂરે છે એ જ અમને મળે છે.

ખરેખર, આપણે બન્ને બાદશાહોના બાદશાહ છીએ અને આમ છતાં પણ તમે તમારી જાતને સુખી બનાવી શકતા નથી. એનું મૂળ કારણ તમારી ગુલામી મનોવૃત્તિ છે કે જેમાં ઈર્ષા સિવાય બીજું કોઈ તત્ત્વ નથી.

અમે અમારી તાકાતથી આગળ વધીએ છીએ અને તમે પાછળથી પથ્થર મારીને અમારી ગતિને અટકાવવાનો પ્રયત્ન કરો છો. તમે ડગલું પણ નવું ભરવા માગતા નથી અને અમારી ગતિ અટકાવીને તમે તમારી જાતને સંતોષ આપો છો કે તમે આગળ વધી રહ્યા છો!

અમારી વાડીમાં પ્રભાતનાં પુષ્પો ખીલે છે અને દૂર દૂરથી પંખીઓ એમની સુવાસ માણવા દોડી આવે છે. સંગીત અને સુગંધને લીધે અમારો બાગ મસ્ત બની જાય છે. ભૂમિમાં અમારા રક્તનું ખાતર પૂરીને અમે સુવાસ ઉત્પન્ન કરીએ છીએ, જ્યારે તમે એવું કંઈ કરવા માગતા નથી અને કાગળનાં ફૂલ પર અત્તર છાંટીને લોકોને આકર્ષવા માટે પોકાર પાડો છો કે અહીં આવો, અમારી પાસે પણ પ્રભાતનાં પુષ્પો છે.

કોઈ પાસે આવતું નથી. તમારી વાડીમાં કાગડા ઊડે છે અને આ બધું જોઈને તમે નવા ત્રાગડા રચો છો.

અમારો જ મુગટ ધારણ કરીને તમે બજારમાં નીકળો છો અને જાહેર કરો છો કે:

'ભાઈઓ! હું બાદશાહ છું. ફરવા નીકળ્યો છું. મને સલામ કરો.'

અમારી નકલનું આ નાટક જોઈને લોકો કહે છે કે માણસની અક્કલનું લિલામ થઈ ગયું છે, ગધેડા પર જાણે અંબાડી ગોઠવી હોય એવું લાગે છે!

મિત્રભાવે હું આપને એટલું જ કહેવા માગું છું કે બીજાની પ્રગતિ અટકાવવાનો મેલો પ્રયત્ન કરવામાં જો તમે એમ માનતા હો કે તમે આગળ વધી રહ્યા છો તો એ તમારી ભૂલ છે. અહીં જ તમારા દુ:ખનું કારણ છે અને એથી જ તમારો ચારે બાજુ ફજેતો થઈ રહ્યો છે.

એ યાદ રાખો કે નવું સર્જન નકલ કરવાથી નથી થતું, પણ અક્કલ વાપરવાથી થાય છે. ◻

– વજુ કોટક

(લેખકના પુસ્તક 'પ્રભાતનાં પુષ્પો'માંથી)

સંસ્થાપક: વજુ કોટક
સહસંસ્થાપક: મધુરી કોટક
પથદર્શક: હરકિસન મહેતા

ચિત્રલેખા

તા. **૩ ઓગસ્ટ, ૨૦૨૦** | વર્ષ: **૭૧**
અંક: **૧૫** | સળંગ અંક: **૩૬૬૭**

ચેરમૅન: મૌલિક કોટક
વાઇસ ચેરમૅન: મનન કોટક
તંત્રી: ભરત ઘેલાણી

chitralekha.com
chitralekha.com/facebook
chitralekha.com/twitter
chitralekha.com/youtube
chitralekha.com/instagram

મુખ્ય કાર્યાલય | તંત્રી વિભાગ | પ્રકાશન સ્થાન
'ચિત્રલેખા': ૨૫, અંધેરી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ઑફ વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૩.

તંત્રી વિભાગ
ફોન: (૯૧-૨૨) ૬૬૯૨૧૬૯૨, ૬૭૩૦૯૮૯૮

જાહેરખબર વિભાગ
ફોન: (૯૧-૨૨) ૬૬૯૨૧૯૧૦

પ્રકાશક:
મૌલિક કોટક

મુદ્રણ:
એલાઇડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજ.) પ્રાઇવેટ લિમિટેડ, ૧૪/૨, કાલિદાસ મિલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ: ૩૮૦૦૨૧

ઈ-મેઇલ
editorial@chitralekha.com
subscribe@chitralekha.com
advertise@chitralekha.com

સરક્યુલેશન વિભાગ
મહારાષ્ટ્ર: ૦૨૨-૬૭૩૦૯૮૯૮
અમદાવાદ: (૦૭૯) ૨૬૪૬૧૭૧૧
રાજકોટ: (૦૨૮૧) ૨૪૬૭૫૨૬
વડોદરા: (૦૨૬૫) ૨૩૩૯૦૬૭

વાર્ષિક લવાજમ
ભારતમાં: ₹ ૧૬૫૦
(દશેરા-દીપોત્સવી વિશેષાંક, વાર્ષિક વિશેષાંક તેમ જ બોનસ ૩પે ઈ-મૅગેઝિન)

સંપર્ક: ૦૨૨-૬૬૯૯ ૮૩૧૬
Ext-૨૫/૭૨ વિદેશમાં: ₹ ૭૨૦૦

માલિક: 'ચિત્રલેખા' Member: INS

પરફ્યૂમ બોલે તો JASS
Shop online at worldofjass.com

ચીનની લાલસા ભારતને ક્યાં લઈ જશે?

દુનિયાઆખીની ફૅક્ટરી એવા ચીને પોતાની અચાનક ફાટી નીકળેલી સત્તાભૂખને કારણે અનેક દુશ્મન ઊભા કર્યા છે તો ભારત જેવા દેશ માટે દુનિયાદારીનાં સમીકરણ પણ બદલી નાખ્યાં છે. ચીનથી સલામત અંતર રાખીને એની સામે ઊભા રહી શકાય એવી તાકાત ભેગી કરવા સિવાય આપણી પાસે ઝાઝા વિકલ્પ નથી.

હીરેન મહેતા

ઈતિહાસ ક્યારેક ભલે રાતોરાત લખાઈ જતો હોય, એની પાછળ અનેક વર્ષોની અનેક ઘટનાનો સરવાળો પડ્યો હોય છે. આજના તેજ યુગમાં ઈતિહાસ પણ ઝડપથી બદલાતો હોવાનું લાગી રહ્યું છે. ૧૯૮૦ના દાયકામાં સોવિયેત સંઘનું વિઘટન શરૂ થયું અને રશિયા સહિત એના ટુકડા થયા ત્યારથી એટલે કે છેલ્લાં ચાલીસ વર્ષમાં દુનિયાની ભૂગોળ પણ ઘણે અંશે બદલાઈ છે.

સોવિયેત સંઘ વેરવિખેર થઈ ગયો ત્યારે વૈશ્વિક શક્તિ તરીકે અમેરિકાનો સામનો કરવા ચીન આગળ આવ્યું. ભારત વર્ષો સુધી બ્રિટિશ શાસન હેઠળ રહ્યા પછી આઝાદ થયું એ જ રીતે અને એ જ અરસામાં ચીન સદીઓથી ચાલી આવતી રાજઘરાણાની ધૂંસરી ફગાવી બહાર આવ્યું. ભારત અને ચીન વચ્ચે ફરક એ પડ્યો કે બ્રિટનની જેમ ભારતે લોકશાહી પદ્ધતિ અપનાવી, જ્યારે ચીને સામ્યવાદની આડમાં એકપક્ષી શાસન લાગુ કરી દીધું. ભારતના લશ્કરની નિષ્ઠા દેશ પ્રત્યે છે તો ચીનમાં સૈન્યની નિષ્ઠા વધુ એની સરકાર તરફ છે. આને કારણે ચીનમાં સરકાર અને લશ્કર બન્ને એકસાથે તાકતવર બની ગયાં છે અને વધુપડતા સ્વકેન્દ્રી પણ બન્યાં છે.

તાકાતની સાથે ચીની સરકારની મહત્ત્વાકાંક્ષા પણ બહુ વધી છે અને લશ્કરી બળના આધારે હવે ચીન જ્યાં-ત્યાં એની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવામાં ગુલતાન થઈ ગયું છે. આઝાદી પછીનાં શરૂઆતનાં વર્ષોમાં પંડિત નેહરુએ અમેરિકા અને સોવિયેત સંઘ એ બન્ને મહાસત્તાથી સમાન અંતર રાખવા અલિપ્ત દેશોની ચળવળ ચલાવી, પણ આ દેશોના સંગઠનની હાલત ધોબીના શ્વાન જેવી થઈ એટલે જતે દહાડે એક પછી એક દેશ એમાંથી છૂટા પડવા લાગ્યા. ભારત પોતે પણ બહુ ઓછો સમય અલિપ્ત રહી શક્યું, એ સુદ્ધાં નામ પૂરતું. અન્યથા નેહરુના અંગત ઝોકને કારણે ભારત સોવિયેત રશિયા તરફ વળી જ ગયું હતું.

૧૯૮૦ના દાયકા પછી રશિયાનું વર્ચસ ઓછું થવા લાગ્યું એટલે ભારત પાસે અમેરિકા તરફ ઢળવા સિવાય કોઈ પર્યાય નહોતો. એનો સૌથી મોટો પુરાવો શસ્ત્રખરીદીના સોદા ક્યાં થઈ રહ્યા છે એના પરથી મળે છે. પહેલાં આપણી મોટા ભાગની શસ્ત્રસામગ્રી સોવિયેત રશિયાથી આવતી, પણ છેલ્લાં વીસેક વર્ષમાં રશિયાનું સ્થાન અમેરિકાએ લઈ લીધું છે. એ રીતે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અમેરિકાના હરીફ તરીકે સોવિયેત રશિયાની જગ્યાએ ચીન ગોઠવાઈ ગયું છે.

ચીને તો અત્યારે આંતરરાષ્ટ્રીય બજારો પર પણ મજબૂત કબજો જમાવ્યો છે. પોતાને ત્યાં જંગી ઉત્પાદનક્ષમતા ઊભી કરી ચીને અનેક દેશને એની ચીજવસ્તુના ગુલામ બનાવી દીધા છે એમ કહેવામાં કશું ખોટું નથી. ઑસ્ટ્રેલિયા જેવા દેશના રાષ્ટ્રધ્વજ પણ ચીનમાં તૈયાર થાય એનાથી વિશેષ સાબિતી બીજી

ચીની પ્રમુખ સી જિનપિંગ સાથે નરેન્દ્ર મોદીઃ હીંચકે ઝૂલવાના દિવસો હવે પૂરા થયા.

શું હોઈ શકે? દુનિયા પર આધિપત્ય જમાવવા ચીને વેપારવાદની જેમ વિસ્તારવાદનો પણ સહારો લેવા માંડ્યો છે. હજી હમણાં સુધી ચીનનો દાવો હતો કે ભારત સિવાયના તમામ પડોશી દેશ સાથેના સરહદી વિવાદ પોતે ઉકેલી નાખ્યા છે, પરંતુ હવે અચાનક ચીને જૂનો ઈતિહાસ ઉખેળી ભુતાનથી માંડી જપાન, ઈન્ડોનેશિયા તથા મલયેશિયા સહિત કુલ અઢાર દેશ સાથેના ઝઘડા તાજા કર્યા છે. ચીનને હવે પડોશી દેશોની જમીન જોઈએ છે, આસપાસના મસમોટા જળવિસ્તાર પર તાબો જોઈએ છે અને એ સમુદ્રી વિસ્તારમાં આવતાં રાષ્ટ્રોની અંદર સુદ્ધાં એને પગપેસારો કરવો છે!

ભારત હમણાં વધુ ને વધુ અમેરિકા તરફ સરકી રહ્યું છે એના મૂળમાં ચીનની આ જમીન-લાલસા અને જોરતલબી પણ છે. પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર અને શ્રીલંકા સુધી પોતાની જાળ ફેલાવી ભારતને ઘેરી લીધા પછી ચીને ઈરાનમાંથી પણ ભારતનો એકડો કાઢી નાખવાનું શરૂ કર્યું છે.

ચીન એના વૈશ્વિક દબદબાના મદમાં એટલું છકી ગયું છે કે એણે એકસાથે અમેરિકા અને પશ્ચિમ યુરોપની કેટલીક મહાસત્તા સામે શીંગડાં ભેરવ્યાં છે. હોંગકોંગના મામલે અમેરિકાએ ચીન સામે અમુક આર્થિક અને રાજદ્વારી નિયંત્રણ મૂક્યાં છે તો બ્રિટને કેટલીક ચીની કંપનીને ઉચાળા ભરવા કહ્યું છે. અમેરિકા અને જપાન પોતાની ઘણી કંપનીઓને ચીનથી નીકળી જવા તોતિંગ રકમ આપી રહ્યા છે.

ભારત અત્યારે તો આર્થિક કે લશ્કરી તુલનામાં ચીનથી ઊણું ઊતરે છે, પણ આજે નહીં તો કાલે, આપણે ચીન સામે ઊભા રહેતાં શીખવું પડશે. આવો ભૂખ્યો પડોશી લમણે લખાયો હોય ત્યારે આપણે માત્ર અનાજ નહીં, વાસણ પણ સંભાળવાં પડે.

વિદેશી ડૉક્ટરોએ સર્જરી અનિવાર્ય હોવાનું કહ્યું, અમદાવાદમાં ફિઝિયોથેરાપીએ સાજા કર્યા

આફ્રિકી મહિલાએ ૧૦ વર્ષે ધરતી પર પગ મૂક્યો

મહિલા ૪૫ મિનિટ સુધી આરામથી ચાલી શકે છે

છેલ્લાં દસ વર્ષથી કમર, ગરદન, ખભા અને પગની તકલીફથી પીડાતી પૂર્વ આફ્રિકાની બિઝનેસ વુમને અમદાવાદમાં સર્જરી વિના માત્ર ફિઝિયોથેરાપીની ૩૦ દિવસની સારવાર બાદ ધરતી પર પગ મૂક્યો છે. મહત્ત્વની વાત એ છે કે દેશ-વિદેશના આઠથી વધુ ડૉક્ટરો પાસે તપાસ કરાવતાં તમામ ડૉક્ટરોએ સર્જરી વગર બીમારી મટવી શક્ય ન હોવાનું જણાવ્યું હતું. શહેરના મિશન હેલ્થ મલ્ટિસ્પેશિયાલિટી ફિઝિયોથેરાપી સેન્ટરના ડૉક્ટરોએ દરરોજ આઠ કલાકની ફિઝિયોથેરાપીની સારવારથી મહિલાને ચાલતી કરીને મોટી સર્જરીથી બચાવી છે.

પૂર્વ આફ્રિકામાં રહેતી ન્યુરિન્દા લોયંસે જણાવ્યું હતું કે છેલ્લાં ૧૦ વર્ષથી હું કમર, ખભા, ઘૂંટણ અને પગમાં અસહ્ય દુખાવાથી જમીન પર પગ મૂકી શકતી ન હતી તેમ જ રાત્રે શાંતિથી સૂઈ પણ શકતી ન હતી. ડૉક્ટરો પાસેની તપાસમાં સર્વાઇકલ સ્પાઇન (ગરદન) અને લંબર સ્પાઇન (કમર) ગાદીઓ ઘસાવાને કારણે કરોડરજ્જુમાંથી નીકળતી નસોમાં ભારે દબાણ આવતાં સાયટિકા અને પગમાં ઝણઝણાટી-અસહ્ય દુખાવાનું નિદાન થયું હતું.

સ્પાઇનના સેલ મૃત ન હોવાથી શક્ય બન્યું.

મહિલાને જે મણકાની નસનું દબાણ થતું હતું, સ્પેસિફિક તે જ લેવલ પરની ગાદી પર, નૉન-સર્જિકલ એન્ગ્યુલર સ્પાઇન ડીકમ્પ્રેશન થેરાપીથી, વધુ ફોકસ કરી, નસ પરનું દબાણ ઘટાડાયું. જેથી દુખાવામાં ઝડપથી રાહત મળી, ઉપરાંત ઝેડ-૭ લેઝર થેરાપીથી મણકાની નસમાં દબાયેલા પણ મરી ગયા ન હોય તેવા સેલને એક્ટિવ કરવામાં આવ્યા હતા.

દરમિયાન મારા એક ભારતીય મિત્ર સતીષ શાહે અમદાવાદમાં મિશન હેલ્થ મલ્ટિસ્પેશિયાલિટી ફિઝિયોથેરાપી સેન્ટરમાં જવાની સલાહ આપી. મેં તાત્કાલિક મિશન હેલ્થનો સંપર્ક કર્યો અને ડૉ. આલાપ શાહ અને ડૉ. દિશાએ મને સર્જરી વગર દુખાવો મટાડવાનું જણાવ્યું તથા મિશન હેલ્થની ગ્લોબલ પેશન્ટ્સ આસિસ્ટન્ટ ટીમે વિઝા અને અમદાવાદમાં રહેવાની તમામ વ્યવસ્થા કરી આપતાં હું ભારત આવી અને અઠવાડિયાની સારવાર બાદ દુખાવામાં ફરક પડ્યો હતો. સતત ૩૦ દિવસની સારવાર બાદ દુખાવામુક્ત થઈને હું હવે દરરોજ ૪૫ મિનિટ ચાલી શકું છું.

મિશન હેલ્થ મલ્ટિસ્પેશિયાલિટી ફિઝિયોથેરાપી સેન્ટરના ડાયરેક્ટર ડૉ. આલાપ શાહે જણાવ્યું હતું કે મહિલાની કરોડરજ્જુની ગાદીમાં દબાતી નસોને કારણે થતા દુખાવાને ધ્યાનમાં રાખી એમને ડૉક્ટરોની ટીમ રોજ આઠ કલાકની ફિઝિયોથેરાપી કરાવતી હતી, જેમાં નૉન-સર્જિકલ એન્ગ્યુલર સેગમેન્ટલ સ્પાઇનલ ડિકમ્પ્રેશન, જર્મની બેઇઝ્ડ એડ્વાન્સ ઝેડ ૭ લેઝર થેરાપી અને એડ્વાન્સ એક્સરસાઇઝની સતત ૩૦ દિવસની સારવારથી એ દુખાવામુક્ત થતાં ધરતી પર પગ માંડી શકવાની સાથે રાત્રિએ શાંતિથી ઊંઘી શકે છે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે ફક્ત ૨-૫% ગરદન/કમરના દુખાવાના દર્દીઓને સર્જરીની જરૂર પડે છે.
૯૫-૯૮% ગરદન/કમરના દુખાવા, સ્લિપ્ડ ડિસ્ક કે સાયટિકાની તકલીફો ખોટી શારીરિક પોશ્ચર કે મૂવમેન્ટના લીધે થાય છે અને એની સારવાર દવા, ઇન્જેક્શન કે સર્જરી વિના એડ્વાન્સ્ડ ફિઝિયો થેરાપી અને જીવનશૈલીના સુધારા દ્વારા કરી શકાય છે.

ડૉ. આલાપ શાહ
ફાઉન્ડર અને ડાઇરેક્ટર
મિશન હેલ્થ

Mission Health
Physiotherapy | Fitness | Rehab

Website: www.missionhealth.co.in

ગરદનનો દુખાવો, હાથનો દુખાવો, કમરનો દુખાવો, સ્લિપ્ડ ડિસ્ક કે સાયટિકાની તકલીફોના તમારા MRI અને X-RAYના રિપોર્ટ તથા તમને થતી તકલીફોનું વર્ણન અમારા સ્પાઇન નિષ્ણાતોને નીચે આપેલા નંબર પર આજે જ વૉટ્સઍપ કરી યોગ્ય માર્ગદર્શન મેળવો.

શાખાઓ: અમદાવાદ

ઘરણીધર	ડ્રાઇવ-ઇન	મણિનગર
8140737475	8530339933	8530720720
બોપલ	**ચાંદખેડા**	**સાયન્સ સિટી**
7600504005	7622811811	6356263562

દર્દીઓ માટે રહેવાની ઉત્તમ સગવડ ઉપલબ્ધ છે.

કર્યું કારવ્યું ધૂળમાં ન મળે એ જો જો...

બેફામ વસતિવધારો અને નિરક્ષરતા એ ભારતને મળેલા બે સૌથી મોટા અભિશાપ છે. દેશમાં હજી કરોડો લોકો અભણ છે અને કુટુંબકલ્યાણ વિશે કશું વિચારતા નથી એટલે દેશની વસતિ વધ્યે રાખે છે કે વસતિના પ્રમાણમાં આપણે શિક્ષણની વ્યવસ્થા ન ઊભી કરી શકવાના પરિણામે અનેક લોકો ભણતર મેળવી શકતા નથી એ મુદ્દે વિશદ ચર્ચા થવી જરૂરી છે.

આમ તો આ એક વિષચક્ર છે, જેમાંથી બહાર આવવું ભારત માટે મુશ્કેલ છે. દેશની ઘણી પ્રજા હજી દારુણ ગરીબીમાં સબડે છે એ આ વિષચક્રને કારણે.

વર્ષો કે સદીઓ અગાઉ આપણે ત્યાં ઘી-દૂધની નદીઓ વહેતી હતી એવી વાત સાંભળવામાં સારી લાગે, પરંતુ હકીકત એ છે કે આપણે ત્યાં થઈ ગયેલા જુદા જુદા વંશ કે કુળના રાજા, સમ્રાટ તથા સુલતાનોના સમયમાં અને અંગ્રેજ કાળમાં પણ દેશની બહુમતી પ્રજા ગરીબ જ રહી હશે. અમીરીનાં

સપનાં જોવાનો વૈભવ પણ એમના નસીબમાં નહીં હોય. ગરીબીની માનસિકતા માણસને વધુ દરિદ્ર બનાવે એમ આપણી પ્રજા વધુ ને વધુ ગરીબ બનતી ગઈ. મોટા ભાગનાં રાજા-રજવાડાંને એમનાં તરભાણાં ભરવામાં વધુ રસ હતો. એમાં ગરીબો સામે ધ્યાન પણ કોનું જાય? આઝાદી પહેલાં દેશના એકાદ-બે અપવાદ સિવાય ભાગ્યે જ કોઈ શાસકે જનતાને ગરીબીમાંથી બહાર કાઢવા પ્રયાસ કર્યો હતો.

એ રીતે જોઈએ તો ભારતે પાછલાં વર્ષોમાં બહુ મોટી સિદ્ધિ મેળવી છે. ૨૦૦૫થી ૨૦૧૫ એ દાયકા દરમિયાન કુલ ૨૭ કરોડ લોકોને ભારતે ગરીબીના ફંદામાંથી બહાર કાઢ્યા. *મૂડીવાદી વલણ ધરાવતા આગેવાન* તરીકે ઘણા જેને આજે પણ વગોવે છે એ મનમોહન સિંહ આ દાયકાનાં નવ વર્ષ સત્તા પર હતા. નરેન્દ્ર મોદીના શાસનમાં કેટલા વધુ ભારતીયો ગરીબી રેખાની ધૂંસરી ફગાવી શક્યા એના આંકડા હજી પાંચ-સાત વર્ષે આવશે.

જો કે મોદી સામે અત્યારે એ જ મોટો પડકાર છે. *કોરોના* વાઈરસની બીમારીએ દેશના અર્થતંત્રને ખોરવી નાખ્યું છે અને એનો વધુ માર વેપારી-ઉદ્યોગપતિઓને નહીં, પણ ગરીબ શ્રમિકોને લાગ્યો છે. એમાંથી ઘણાની તો આજીવિકા જ છિનવાઈ ગઈ છે. *કોરોના*ની બીમારી દેશની દસેક ટકા જનતાને ગરીબી અને ભૂખમરા તરફ ધકેલશે એવો ભય વ્યક્ત થઈ રહ્યો છે. એનો અર્થ એ થયો કે દેશે જે કંઈ મેળવ્યું એ બધું ધોવાઈ જશે.

આવા ખજૂરિયા બધે છે!

***કોરોના*ને** કારણે આમ તો દેશમાં પર્યટન ઉદ્યોગને અલીગઢી તાળાં લાગ્યાં છે, પણ એ તો સામાન્ય નાગરિકો માટે.

જનતાના પ્રતિનિધિઓ તો આરામથી મહાલે છે. બે જૂથમાં વહેંચાઈ ગયેલા રાજસ્થાનના કોંગ્રેસી ધારાસભ્યો હમણાં અઠવાડિયા સુધી આલીશાન હોટેલ-રિસોર્ટમાં રહ્યા. અશોક ગેહલોત સરકારનું જે થવાનું હોય એ થાય, કર્ણાટક અને મધ્ય પ્રદેશની જેમ રાજસ્થાનમાં પણ લોકશાહીની ચીરફાડ તો થઈ જ ગઈ.

૧૯૯૫માં ગુજરાતમાં કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપની પહેલી સરકાર આવી એના થોડા જ મહિનામાં પક્ષની નેતાગીરીથી વંકાયેલા શંકરસિંહ વાઘેલા પચાસ જેટલા બળવાખોર વિધાનસભ્યોને લઈ રાતોરાત અમદાવાદથી ખજૂરાહો (મધ્ય પ્રદેશ) પહોંચ્યા હતા. આ ખજૂરિયાઓની જીદને લીધે ભાજપે કેશુભાઈને ગુજરાતની ગાદી પરથી ગડગડિયું આપેલું. એ પછીનાં પચ્ચીસ વર્ષમાં તો ઘણાં રાજ્યોમાં આવા ખેલ ભજવાયા. હવે તો રાજ્યસભાની ચૂંટણી હોય કે વિધાનસભામાં નવો નેતા પસંદ કરવાનો હોય, ધારાસભ્યો ફૂટે નહીં એટલે એમને સાગમટે કોઈ હોટેલમાં ઉતારો આપી દેવાનો. ત્યાં એમના શોખની અનેક ચીજ ઉપલબ્ધ હોય એટલે એમને ફરિયાદનો મોકો ન મળે.

પૈસા કે હોદ્દા માટે તો આપણા જનપ્રતિનિધિઓ પોતાની જાતનેય વફાદાર રહેતા નથી એવા ઘણા દાખલા આપણી આંખ સામે છે. એનાથી એ જનપ્રતિનિધિઓની છાપ ખરાબ થાય જ છે, સાથે લોકશાહીની પણ મજાક થાય છે. કોઈ એક પક્ષ વતી ચૂંટાઈને આવ્યા પછી પાંચ વર્ષની મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી બીજા પક્ષ સાથે સંસાર માંડવો એ એક પ્રકારનો રાજકીય વ્યભિચાર છે.

જો કે નૈતિકતા નેવે મૂકી દેનારા રાજકારણીઓને ક્યાં એનીય શરમ નડે છે?

રાજસ્થાનમાં અત્યારે વિધાનસભ્યોની ખરીદીના આક્ષેપો વહેતા થઈ રહ્યા છે એમાં નવું કંઈ નથી. રાજીવ ગાંધી વડા પ્રધાન હતા ત્યારે સંસદે પક્ષાંતર વિરોધી ખરડો પસાર કર્યો હતો અને એ પછી સમયાંતરે એમાં સુધારા પણ થયા છે, પરંતુ એ કાયદાનાં છીંડાં શોધી સાંસદો કે ધારાસભ્યોએ એમની ટોપી કે ખેસ બદલી નાખ્યાં હોવાના અનેક દાખલા આપણી નજર સામે નોંધાયા છે.

બીજા વિશ્વયુદ્ધ વખતના અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ કહેતા કે *રાજકારણમાં અનાયાસ કે અકસ્માતે કશું થતું નથી.* મતલબ કે કોઈ પણ ઘટના બને તો સમજી લેવાનું કે એ પદ્ધતિસરના આયોજનથી થઈ છે. કર્ણાટક, મધ્ય પ્રદેશ અને હવે રાજસ્થાન... તાળો મેળવો તો રૂઝવેલ્ટના કથનનો અર્થ બરાબર સમજાઈ જાય. મુખ્ય પ્રધાનની ગાદી ન મળતાં કોંગ્રેસી નેતાગીરીથી નારાજ સચીન પાઈલટે આપમેળે કે ભાજપના કહેવાથી, સત્તાપલટાનો તખ્તો ગોઠવી કાઢ્યો છે. રાહ હવે ફક્ત ઉચિત સમયની જોવાઈ રહી છે.

સાહેબની ક્લિક...

અમરેલીઃ ૧૪ જુલાઈની સાંજે અમરેલીના જિલ્લા પોલીસવડા નિર્લિપ્ત રાય *એલસીબી* અને *એસઓજી* ટીમ સાથે કારમાં પેટ્રોલિંગ માટે નીકળ્યા. માસ્ક વિના ફરતા કે સોશિયલ ડિસ્ટન્સિંગ ન જાળવતા લોકોને પકડીને દંડવાના હતા. રાજકમલ ચોક વિસ્તારમાંથી પસાર થતી વખતે એમણે અચાનક સૂચના આપીઃ *રોકો જરા...*

ડ્રાઈવરે ગાડી રોકી. રાય સાહેબ નીચે ઊતરીને ચાલવા લાગ્યા. થોડાંક ડગલાં ચાલીને કચરો વીણતા શ્રમિક પાસે જવા લાગ્યા. સાહેબને નજીક આવતાં જોઈ વૃદ્ધા અને પાંચ બાળકો ડરી ગયાં. જો કે સાહેબે હાથના ઈશારાથી એમને ત્યાં જ ઊભાં રહેવા કહ્યું. સાહેબે પોતાના મોબાઈલમાં એમનો ગ્રુપ ફોટો પાડી લીધો. પછી હળવેકથી કંઈક કહીને ગાડીમાં ગોઠવાઈ ગયા.

સાથે રહેલા અમુક પોલીસ અધિકારીઓ વિચારમાં પડી ગયાઃ *સાહેબે પેલાં છનો કેમ ફોટો પાડ્યો હશે?* એ બધાંએ તો માસ્ક પહેર્યું હતું. જો કે અમુક પોલીસ અધિકારી સાહેબની વાત પામી ગયા.

પછીના કલાકોમાં નિર્લિપ્ત રાયે ડીએસપી, અમરેલી *ટ્વિટર* પર માસ્કધારી છ શ્રમિકનો ફોટો અપલોડ

નિર્લિપ્ત રાય

કર્યો. એના કારણ પહેલાં જાણીએ આ અધિકારી વિશે. મૂળ ઉત્તર પ્રદેશવાસી નિર્લિપ્ત રાયે સાયન્સ પોસ્ટ ગ્રેજ્યુએશન બાદ *દિલ્હી યુનિવર્સિટી*ના લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે થોડા મહિના કામ કર્યું. પછી *યુપીએસસી* એક્ઝામ પાસ કરીને *આઈઆરએસ* કેડરમાં જોડાયા. વર્ષ ૨૦૧૦માં ગુજરાત કેડરના *આઈપીએસ* બન્યા. આરંભમાં અમદાવાદના ક્રાઈમ બ્રાન્ચમાં મદદનીશ કમિશનર રહ્યા. પછી સમયાંતરે બદલી થતી રહી. અંદાજે સવા બે વર્ષથી અમરેલીમાં જિલ્લા પોલીસવડા છે.

અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા આ આઈપીએસ મોબાઈલમાં ફોટા પાડવાના શોખીન નથી. જો કે માસ્કધારી છ શ્રમિકના પાડેલા ફોટા અંગે **નિર્લિપ્ત રાય** *ચિત્રલેખા*ને વિગતે વાત કરે છે.

એ કહે છેઃ 'અમરેલીના સ્લમ વિસ્તારમાં રહેતા છ શ્રમિક કચરો ઉપાડવાનું કામ કરે છે, જે એમનાં સ્વાસ્થ્ય માટે જોખમી કામ છે. છતાંય *કોરોના* મહામારી સમયે એમણે કાયદા પ્રત્યે જાગૃતિ અને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સાવચેતી દાખવીને માસ્ક પહેર્યું છે. એમની માસ્ક પહેરવાની જાગૃતિ મને સ્પર્શી ગઈ એટલે મેં ફોટો લીધો તેમ જ *ટ્વિટર* પર મૂકવાનું કારણ એ કે લોકો આ તસવીર જોઈને નિયમિત માસ્ક પહેરવાની પ્રેરણા લે.'

સાહેબની આ સૂચક ક્લિક સૌને ગમી. સંવેદના સૌને સ્પર્શી ગઈ.

સેલ્ફી આમ બહુ મોંઘી પણ પડે...

સુરતઃ અહીંની *લાજપોર સેન્ટ્રલ જેલ* ભળતા-સળતા કારણસર ચર્ચામાં આવી છે. થોડા દિવસ પહેલાં જેલથી આઝાદી મેળવ્યાના થોડી જ મિનિટો પછી એ આનંદને વ્યક્ત કરવાના *ઉત્સાહી* પ્રયાસે એક વ્યક્તિને ફરીથી જેલમાં ધકેલી દીધી છે.

પ્રતીકાત્મક તસવીર

અહીં સેલ્ફી લેવાની મનાઈ છે.

સુધાકર સરદારની ડિસેમ્બર, ૨૦૧૯માં એની ભૂતપૂર્વ પત્નીને ખાધાખોરાકીનાં ભથ્થાં નહીં ચૂકવવાના આરોપસર ધરપકડ થઈ હતી. એને તાજેતરમાં જેલમાંથી મુક્તિ મળી. જેલવાસ દરમિયાન જેલમાં જમા થયેલી એની ચીજવસ્તુઓ પરત કરવામાં આવી, જેમાં એનો મોબાઈલ ફોન પણ હતો.

મોબાઈલ હાથમાં આવતાં સુધાકરે પોતાની જેલમુક્તિનો આનંદ મોબાઈલમાં કેદ કરી લીધો ત્યારે એને ખયાલ ન રહ્યો કે જેલબહારના મુખ્ય પ્રવેશદ્વાર અને આસપાસનો વિસ્તાર સુરક્ષાના કારણસર પ્રતિબંધિત છે ત્યાં સેલ્ફી ઝડપવો ગંભીર ગુનો છે. ટૂંકમાં, સુધાકરને ફરી જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે!

થોડા સમય પહેલાં હત્યાના કેટલાક આરોપીઓની જેલ બૅરેકની ગ્રુપ તસવીરો પણ *ફેસબુક* પર પોસ્ટ થયેલી.

આ કિસ્સામાં પણ પાછળથી ગુનો દાખલ થયેલો.

ટૂંકમાં, જેલની અંદર કે બહાર રહેવાનો આનંદ સેલ્ફી દ્વારા વ્યક્ત કરવાનું જોખમ લેવા જેવું નથી..!

આમ વદ્યી માસ્કની માથાકૂટ...

અમદાવાદ: ગુજરાતનાં અમુક શહેરમાં માસ્ક પહેર્યા વિના નીકળેલા વાહનચાલક અને પોલીસ સાથે ઘર્ષણના અમુક બનાવ બનતા રહે છે. એમાં ચોંકાવનારો આ કિસ્સો જુઓ.

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં માસ્ક પહેર્યા વિના એક બાઈકસવાર ડબલ સવારીમાં જતો હતો. પોલીસે ઈશારાથી અટકાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ બાઈકસવાર ઊભો ન રહેતાં પોલીસે છુટ્ટી લાકડી ફેંકી, જેના લીધે બાઈકસવાર યુવક બાઈક પરથી નીચે ગબડી ગયો ને લાઈટના થાંભલા સાથે અથડાયો, જેના લીધે માથામાં ગંભીર ઈજા થવાથી એને તુરંત હૉસ્પિટલભેગો કરવો પડ્યો આથી ઈજાગ્રસ્ત યુવકના પરિવારજનો અને સ્થાનિક અગ્રણીઓએ પોલીસ સામે ફરિયાદ નોંધાવવા માટે પ્રયાસો કર્યા હતા.

સુરતમાં કૉન્સ્ટેબલ સુનીતા યાદવ અને મંત્રીપુત્ર વચ્ચેના વિવાદમાં માસ્ક ન પહેરવાનો અને કરફ્યુભંગનો મામલો હતો. ગયા અઠવાડિયે અંબાજી પોલીસે મોડી સાંજે એક જીપને અટકાવી. એમાં અમુક લોકો પ્રસૂતાને દુખાવો ઊપડ્યો હોવાથી હૉસ્પિટલ લઈ જતા હતા. જો કે અમુકે માસ્ક ન પહેર્યું હોવાથી પોલીસ બધાને પોલીસસ્ટેશન લઈ ગઈ. બાદમાં મુક્ત કર્યા. એ પછી પ્રસૂતાને પાટણની જનરલ હૉસ્પિટલ લઈ જવામાં આવી ત્યાં એની કૂખે મૃત સંતાન અવતર્યું આથી નારાજ થયેલાં પ્રસૂતા અને એના સ્વજનોએ આક્ષેપ કર્યો કે *પોલીસે રોકી રાખ્યાં એના લીધે સમયસર સારવાર ન મળવાથી બાળક મૃત્યુ પામેલું જન્મ્યું.*

માસ્ક ન પહેરવા બદલ પોલીસ બસ્સો રૂપિયા દંડ કરે છે. એમાં નિયમપાલન

Jagdish Chauhan

માટે અમુક વખત પોલીસ જડ વલણ પણ દાખવે ત્યારે સામે પક્ષે ગેરવર્તન પણ થાય.

ઉકેલ શું?

એક જાગરૂક નાગરિક કહે છે કે માસ્ક પહેર્યા વિના નીકળેલી વ્યક્તિને પોલીસ અટકાવીને ૨૦૦ રૂપિયા દંડ વસૂલશે એ પછી એ વ્યક્તિ માસ્ક વિના જેટલો સમય ફરશે એટલો સમય કદાચ બીજા માટે જોખમી બની શકે. એના બદલે એ વ્યક્તિને સ્થળ પરથી માસ્ક ખરીદવાની ફરજ પાડવી જોઈએ અને નાની રકમનો દંડ કરવો જોઈએ, જેના લીધે માસ્ક ફરજિયાત પહેરવાના નિયમનો અમલ થશે તેમ જ પોલીસને દંડની આવક પણ થશે.

...રંગ સમીપે ન જાવું

અમદાવાદ: ગુજરાતના આરોગ્યમંત્રી સુરતવાસી કુમાર કાનાણીના પુત્રને રાત્રે કરફ્યુ ભંગ કરીને માસ્ક પહેર્યા વિના નીકળવા બદલ ઠપકો આપનારાં અને કારમાંથી *એમએલએ* લખેલું બોર્ડ ઉતરાવી દેનારાં *લોકરક્ષક દળ* (એલઆરડી)નાં કૉન્સ્ટેબલ સુનીતા યાદવ આજકાલ ભારે ચર્ચામાં છે.

બીજી તરફ, સુરતી સુનીતાનો મનાતો એક ફોટો ચર્ચામાં છે, જેમાં કાર પાસે સુનીતા અને એમના પિતા ઊભાં છે. કારના આગળના ભાગમાં અંગ્રેજીમાં *પોલીસ* લખેલું બોર્ડ મૂક્યું છે. ખાનગી કારમાં *પોલીસ* લખેલા બોર્ડ અંગે લોકો ટીકા કરી રહ્યા છે.

આવાં દૃશ્ય ગુજરાતમાં ઘણી જગાએ જોવા મળે. અમદાવાદમાં અમુક પોલીસપરિવાર કારના ડેસ્ક બોર્ડ પર આડી લાકડી મૂકી રાખે અથવા કારની આગળ ને પાછળ લાલ-વાદળી રંગનું સ્ટિકર લગાવે. અમુક પોલીસપરિવાર ટુ-વ્હીલર પાછળ લાલ-વાદળી સ્ટિકર લગાવે છે. એ દ્વારા વટ કે

પ્રભાવ પાડવાનો હેતુ હોઈ શકે. એક અર્થ એ થાય કે વાહનચાલક કદાચ ટ્રાફિક નિયમનો ભંગ કરી દે તો વાહન પર *પોલીસ* શબ્દ, લાકડી કે લાલ-વાદળી સ્ટિકર જોઈને ટ્રાફિક પોલીસ એને *અપનેવાલા* માનીને રોકટોક ન કરે, દંડ વસૂલે નહીં. કદાચ અમુક ટ્રાફિક પોલીસ માની લેતા હશે કે *લાલ-વાદળી રંગ સમીપે ન જાવું...*

જો કે ઘણા પોલીસ કર્મચારી-અધિકારી પ્રભાવિત કે ચલિત થતા નથી. નિયમનું ચુસ્ત પાલન કરાવે છે. કાર પર *એમએલએ* (ધારાસભ્ય), *એમપી* (સાંસદ), *આર્મી, પ્રેસ, એડ્વોકેટ,* વગેરે લખાવવાની ફૅશન બની છે. અમુક ભૂતપૂર્વ એમએલએ કે એમપીની કાર પર *એમએલએ* કે *એમપી* શબ્દની આગળ નાના અક્ષરે *એક્સ* એટલે કે ભૂતપૂર્વ લખ્યું હોય છે, જે દૂરથી ભાગ્યે જ કોઈ વાંચી શકે.

એ જ રીતે ભાજપ અને કોંગ્રેસના અમુક સ્થાનિક નેતા કારની નંબર પ્લેટ પર અમુક હોદ્દા લખાવે અથવા પક્ષનું પ્રતીક દોરાવે. અમુક રાજકીય કાર્યકરો કારમાં આગળના ભાગે પક્ષનો ખેસ લટકાવે છે.

આવાં નામ, પ્રતીક, સંજ્ઞા, રંગ, વગેરે દ્વારા ઘણા વાહનચાલક આમ પોતાની ઓળખ દર્શાવી પ્રત્યક્ષ-પરોક્ષ રીતે પ્રભાવ પાડવા ઈચ્છતા હોય છે. ગુજરાતમાં ટ્રાફિક નિયમપાલન માટે પોલીસે સઘન ઝુંબેશ આદરી છે ત્યારે લાગે છે કે ટ્રાફિક નિયમના ભંગ બદલ દંડથી બચવા નામ-રંગ-સંજ્ઞાનો આવો સહારો લેનારા વધી રહ્યા છે.

કોરોનામાં સરદાર પ્રગટ્યા ડિજિટલી!

મુંબઈ: *ઈતિહાસનું સર્જન કરવું... ઈતિહાસ લખવામાં સમય શા માટે વેડફવો?*

આ શબ્દો સરદાર વલ્લભભાઈ પટેલના છે અને આ વાત એ વારંવાર કહેતા... આ વાત સરદારનાં પુત્રી મણિબહેન પટેલે નોંધી છે.

પોતાના શબ્દો જાણે સાચા ઠેરવવા હોય એમ સરદારે પોતાના સમગ્ર જીવનકાળમાં એક માત્ર ૩૧ પાનાંની જેલ-ડાયરી નામની પુસ્તિકા લખી અને જગતઆખાએ નોંધ લેવી પડે એવો ઈતિહાસ સર્જી દેખાડ્યો... *જેલ-ડાયરી* ઉપરાંત પત્રો સિવાય સરદાર પટેલે બીજું કોઈ પુસ્તક લખ્યું નથી. હા, સરદાર પટેલ પર અનેક પુસ્તકો લખાયાં છે ખરાં. આમાંનાં મોટા ભાગનાં પુસ્તકો એમની જીવનકથા છે.

તાજેતર (૧૧ જુલાઈ, ૨૦૨૦)માં સરદારની જીવનકથા કરતાં એમની કામગીરી વિશે કશીક નવી કથા લઈને એક પુસ્તક આવ્યું છે.

ગુજરાતના મુખ્ય પ્રધાન **વિજયભાઈ રૂપાણી** દ્વારા તેજસ્વી અભિનેતા **મનોજ જોશી**ની હાજરીમાં, જેનું ડિજિટલ વિમોચન થયું એ પુસ્તક *સરદાર: ધ ગેમ ચેન્જર* જાણીતાં પત્રકાર-લેખિકા **ગીતા માણેક** દ્વારા આલેખાયું છે. અહીં સરદારની જીવનકથા નહીં, પણ એમણે વિલીનીકરણનું જે મહાકાર્ય કર્યું એની ગાથા છે.

ડિજિટલ વિમોચન અવસરે મુખ્ય પ્રધાન વિજયભાઈ કહે: 'રશિયાના નિકોલાઈ બુલગનીને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે *તમે ભારતીયો ગજબ છો. આમ રાજાઓને ખતમ કર્યા વિના તમે રજવાડાંને કઈ રીતે ખતમ કરી શક્યા?!* આવું વિરાટ કાર્ય કરનારા સરદારે આમ હિસ્ટ્રી ચેન્જ કરી નાખી-ઈતિહાસ પલટી નાખ્યો.'

આમ તો આપણે સૌ જાણીએ છીએ કે સરદાર ન હોત તો આપણે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવા માટે વિઝા લેવા પડતા હોત, પણ સાડા પાંચસોથી પણ વધુ રજવાડાંને દેશનો હિસ્સો બનાવવાનું કાર્ય સરદાર પટેલે કઈ રીતે પાર પાડ્યું એની વિસ્તૃત જાણકારી આપતું પુસ્તક ભાગ્યે જ પ્રસિદ્ધ થયું છે. કોઈ મોટી જાનહાનિ કે યુદ્ધ વિના હિંદુસ્તાનને છિન્નભિન્ન થતાં રોકવાની આ વાત અહીં આ ડોક્યુ-નોવેલ (હકીકત પર આધારિત નવલકથા)ના રૂપમાં રજૂ થઈ છે.

કોરોના કાળમાં જ્યારે સોશિયલ ડિસ્ટન્સિંગ અનિવાર્ય થઈ ગયું છે ત્યારે સૌપ્રથમ વાર કોઈ ગુજરાતી પુસ્તકનું આ રીતે ડિજિટલ વિમોચન થયું છે. *અકિલા ન્યૂઝ*ના *ફેસબુક* પેજ પરથી આ વિમોચનનો કાર્યક્રમ લાઈવ કરવામાં આવ્યો, જેમાં મુખ્ય પ્રધાન ગાંધીનગરથી, અભિનેતા મનોજ જોશી મુંબઈના વિલે પાર્લેથી, લેખિકા ગીતા માણેક થાણેથી અને સંચાલક વિરલ રાચ્છ જામનગરથી તેમ જ પુસ્તકના પ્રકાશક *કૌટિલ્ય બુક્સ*ના રાજુભાઈ અરોરા દિલ્હીથી જોડાયાં હતાં.

આ વિમોચન અવસરે જાણીતા અભિનેતા *પદ્મશ્રી* મનોજ જોશી કહે કે સરદાર પટેલનું પાત્ર રંગમંચ પર સાકાર કરવાની મારી ઘણા વખતની મહેચ્છા હતી. સરદારના સમગ્ર જીવન પર નહીં, પણ વિલીનીકરણને કેન્દ્રમાં રાખીને નાટક તૈયાર કરવાનું નક્કી કર્યું. આ નાટકની સ્ક્રિપ્ટ તૈયાર કરવા માટે ગીતા માણેકે લગભગ ચારેક વર્ષ સંશોધન કરીને અઢળક માહિતી ભેગી કરી. આ બધી જ માહિતી નાટકના બે કલાકના ફલકમાં સમાવી ન શકાય એટલે આને ડોક્યુ-નોવેલના રૂપમાં ગીતાએ લખી, જે *મિડ-ડે (ગુજરાતી)*માં ધારાવાહિક રૂપે પ્રકાશિત થઈ હતી.

સામાન્યપણે આવું પુસ્તક ઈતિહાસના પાઠ્યપુસ્તક જેવું બની જાય એવું ભયસ્થાન હોય છે, પરંતુ આ પુસ્તક માહિતીપ્રદ હોવાની સાથે સાથે રસપ્રદ પણ બન્યું છે. આ પુસ્તક પર આધારિત નાટક માટેની તૈયારીઓ શરૂ થઈ હતી, પણ લૉકડાઉનને કારણે એ પ્રોજેક્ટ અટકી પડ્યો છે. જો કે ટૂંક સમયમાં એ નાટક અથવા દૃશ્ય-શ્રાવ્ય માધ્યમમાં રજૂ થશે.

દરમિયાન આ ડોક્યુ-નોવેલ *એમેઝોન* પર પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ થઈ રહી છે.

લવ યુ, વાયા રણ!

ભૂજ: અભિષેક બચ્ચનની પહેલી ફિલ્મ *રેફ્યુજી*માં અભિષેક પાકિસ્તાન જવા ઈચ્છતા લોકોને કચ્છના રણમાર્ગે પાકિસ્તાન પહોંચાડવાનું કામ કરે છે. યુવાનો પર ફિલ્મની કેટલી ઘેરી અસર છે એ દર્શાવતો એક કિસ્સો હમણાં કચ્છમાં બહાર આવ્યો છે. રણમાર્ગે પાકિસ્તાન જવું ફિલ્મમાં બતાવ્યા જેટલું જ સહજ છે એવું માનીને એક મહારાષ્ટ્રીયન યુવાન *બીએસએફ*ના હાથે ઝડપાઈ જતાં ફિલ્મનું ભૂત ઊતરી ગયું!

વાત જાણે એમ બની કે પાકિસ્તાની યુવતીના પ્રેમમાં પાગલ બનેલો મહારાષ્ટ્રના ઓસ્માનાબાદનો એન્જિનિયરિંગ કૉલેજનો બાવીસ વર્ષી જિશાન સલીમ સિદ્દીકી આ ૧૧ જુલાઈના ગુમ થયો હોવાની ફરિયાદ મળતાં મહારાષ્ટ્ર પોલીસને એનું પગેરું છેક કચ્છના સરહદી ખડીર પંથક સુધી મળ્યું...

આ યુવાનને સોશિયલ મિડિયામાં ચૅટિંગ દરમિયાન એક પાકિસ્તાની યુવતી સાથે પ્રથમ પરિચય ને પછી પ્રેમ થયો એટલે યુવતીને મળવા એ મહારાષ્ટ્રથી પોતાની બાઈક પર કચ્છ તરફ નીકળ્યો. છેક કચ્છના રણ સુધી *જીપીએસ*ની મદદથી પહોંચી ગયેલા યુવાને પોતાની બાઈક ધોળાવીરા નજીક ફોસિલ્સ પાર્ક પાસે છોડી દઈ રણમાર્ગે પગપાળા ચાલવાનું શરૂ કરી દીધું હતું. રણના અટપટા માર્ગમાં એ ભૂલો પડી ગયો અને કચ્છના રણમાં શૂટ થયેલી જે.પી. દત્તાની ફિલ્મ *રેફ્યુજી* જેવા રિયલ સીન ભજવાયા.

છોડી દીધેલી બાઈક પાસેથી પગેરું મેળવી પોલીસ અને *બીએસએફ*ની ટુકડીએ મોટા રણમાં મોડી રાત્રે એ યુવાનને કાળા ડુંગર નજીકની શેરગિલ ચોકી પાસેથી પકડી લીધો.

આ યુવક રણમાં જતાં પહેલાં ખડીર વિસ્તારમાં બે-ત્રણ દિવસ ફર્યો અને ધોળાવીરા હેલિપૅડ પાસે સેલ્ફી ફોટા લીધા હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. આમ તો હાલ *કોરોના*ને કારણે ધોળાવીરા તરફ પ્રવાસીઓ હોતા નથી ત્યારે એકલ-દોકલ બાઈકવાળો અંદર ઘૂસી પણ આવ્યો અને રણ તરફ રવાના પણ થઈ ગયો છતાં...

હજુ સુધી પોલીસ કે *બીએસએફ*ને ખબર જ ન પડી એ પણ નવાઈ!

લૉકડાઉનમાં અનલૉક થયો શાક ઉડાડવાનો શોખ...

રાજકોટઃ *કિચન ગાર્ડન* કે *ટેરેસ ગાર્ડન* એ કંઈ નવો ચીલો નથી, પરંતુ *કોરોના* લૉકડાઉન દરમિયાન અનેક લોકો આ પ્રવૃત્તિ સાથે જોડાઈ ગયા છે. *શાકભાજી બહારથી લાવવામાં જોખમ* છે એવી એક માન્યતા દૃઢ બની એ દરમિયાન રાજકોટમાં કેટલાક પ્રકૃતિપ્રેમીઓએ લોકોને ઘરે શાક ઉગાડતાં કરી દીધા છે. *વન ટ્રી* નામનું એક ગ્રુપ વૃક્ષારોપણ, વગેરે કામ તો કરે છે, પરંતુ હમણાં શાક ઉગાડવાના કાર્યને અગ્રતા આપે છે.

ઈન્કમ ટૅક્સ વિભાગમાં નોકરી કરતા **નવનીત અગ્રાવત** *ચિત્રલેખા*ને કહે છે કે વૃક્ષ વાવવાની પ્રવૃત્તિ અમે ઘણા સમયથી કરીએ છીએ, પરંતુ લૉકડાઉનમાં બે વિચાર આવ્યા. એક તો લોકોને ઉપયોગી હોય છતાં ઓછાં ઊગતાં હોય એવાં વૃક્ષ વાવવાં. આપણે ગીતમાં સાંભળ્યું છે કે *ઝાડ માથે ઝુમખું...*

હમણાં હું ઝુમખડાના છોડ લાવ્યો ને અહીં વાવ્યાં છે. એવી રીતે પોષક તત્ત્વો આપતા છોડ પણ વાવીએ. હરડેનું ઝાડ પણ વાવ્યું. દરમિયાન *કોરોના*નું સંક્રમણ વધ્યું અને એ બધું ખૂલ્યું પછી ઘરે શાકભાજી વાવવાની માગ વધી ગઈ છે.

નવનીત અગ્રાવતઃ ઘરઆંગણે વિવિધ શાકભાજી... માટી-બિયારણ-છોડ... બધું ફ્રી!

નવનીતભાઈ અને એમના ગ્રુપના સભ્યો શાકભાજીના છોડ વાવી આપવાના કોઈ પૈસા લેતા નથી. કુંડાં, ડોલ જેવી વસ્તુ જોઈએ એનો ખર્ચ થાય એ જ. માટી, બિયારણ બધું આ લોકો આપે છે. અત્યાર સુધીમાં ૩૦૦ પરિવારે *વન ટ્રી* ગ્રુપના સહયોગથી પોતાના ઘરે શાકભાજી ઉગાડ્યાં છે. ટમેટાં, કાકડી, દૂધી બધું ઘરે ઊગતું હોય એવા પણ પરિવાર છે. *કોરોના*ની પોઝિટિવ સાઈડ ઈફેક્ટમાં આ *કિચન ગાર્ડન*ને પણ લઈ શકાય, કારણ કે રાસાયણિક દવાઓથી ઉગાડેલાં કે સ્ટોર કરેલાં શાકને બદલે નજર સામે ઊગતાં શાક વધુ સુરક્ષિત તો ખરાં.

જે છોડ કે વનસ્પતિ આ લોકો આપે એમાં ક્યાંય રાસાયણિક ખાતરનો ઉપયોગ નથી થતો. રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પર વિનામૂલ્યે આ છોડનું વિતરણ પણ કરવામાં આવે છે.

મળ્યું ઑનલાઈન જીવનદાન...

અમદાવાદઃ માર્ચ મહિનામાં જ્યારે આખું જગત *કોરોના* મહામારી સામે જંગે ચડવા હજી બાંયો ચડાવી રહ્યું હતું ત્યારે *અમદાવાદ સિવિલ હૉસ્પિટલ*માં એક પડકારજનક કેસ આવ્યો. ત્રણ વાર મિસકેરેજ-કસુવાવડનો ભોગ બનેલી મહિલા ફરી પ્રેગ્નન્સી સાથે દાખલ થઈ. અત્યંત ગરીબ પતિ-પત્ની ખૂબ પ્રાર્થના કરી રહ્યાં હતાં કે *આ વખતે ઈશ્વર એમને સંતાનસુખથી વંચિત ન રાખે.*

– પણ અધૂરા મહિને જન્મેલું શિશુ માત્ર ૬૪૦ ગ્રામ વજનનું હતું. જીવવાના કોઈ અણસાર દેખાઈ નહોતા રહ્યા. શિશુને જો ઉપલબ્ધ તમામ મોંઘી સારવાર આપવામાં આવે તો લાખોનો ખર્ચો થઈ શકે એમ હતો, જે આ ગરીબ દંપતી ક્યાંથી લાવે? એનઆઈસીયુ, શિશુ માટે વેન્ટિલેટર, અન્ય ઝીણી ઝીણી તકેદારીભરી સારવાર... અને બધું કર્યા પછી પણ માત્ર ૬૪૦ ગ્રામના શિશુને સ્વસ્થ કરવું કે બચાવવું ખૂબ મુશ્કેલ તો હતું ને એ પણ *કોરોના*ના ભયંકર સંકટ દરમિયાન!

જો કે ત્રણ વખત કસુવાવડ વેઠી ચૂકેલી આ માતાનો ખોળો આ વખતે તો ભરીને જ મોકલવો છે એવા દૃઢ સંકલ્પ સાથે સિવિલના ડૉક્ટર્સ પોતે આ શિશુના ગાર્ડિયન્સ-સાચવનારા તરીકે મેદાનમાં આવી ગયા. એમણે આ શિશુની સારવાર માટે ઑનલાઈન ક્લાઉડ ફન્ડિંગ શરૂ કર્યું અને જોતજોતામાં દાતાઓ તરફથી સારવારનો ખર્ચ આવવા લાગ્યો. ડૉક્ટર્સનો પ્રેમ અને સંકલ્પ એટલા સફળ થયા કે હમણાં જુલાઈના મધ્યમાં જ ચાર મહિનાની લાંબી સારવાર પછી એ શિશુ સ્વસ્થ બની એક કિલો આઠસો ગ્રામ વજનનું થઈ ગયું. હૉસ્પિટલમાંથી માતા-શિશુ બન્નેને રજા આપવામાં આવી ત્યાં સુધી બધી ટ્રીટમેન્ટ પાછળ રૂપિયા ૧૪ લાખ કરતાં વધુ રકમનો ખર્ચ થયો હતો, જે તમામ ક્લાઉડ ફન્ડિંગમાંથી મળી હતી.

મહત્ત્વની વાત છે કે સિવિલના જ ૩૩ ડૉક્ટરોએ પોતે એ ઑનલાઈન ઝુંબેશમાં ઘણું મોટું (પોણા છ લાખ રૂપિયા જેટલું) દાન કર્યું હતું અને બાકી રકમ ૧૫૮ દાતાઓએ ઑનલાઈન આર્થિક મદદ દ્વારા આપી હતી.

*કોરોના*ને કારણે ટપોટપ જીવ જઈ રહ્યા છે એ વચ્ચે માનવતાના આ જીવંત પ્રયાસને લીધે એ ગરીબ દંપતીની કદી ન પુરાય એવી લાગતી સંતાનપ્રાપ્તિની આશા જરૂર પૂરી થઈ ગઈ.

□ **મહેશ શાહ-સુનીલ મેવાડા** (અમદાવાદ) । **જવલંત છાયા** (રાજકોટ) । **સુનીલ માંકડ** (ભૂજ) । **ફયસલ બકીલી** (સુરત)

ટેસ્ટ સાથે મફત સલાહ... પણ આવી?

મુંબઈઃ રોજ સવાર પડે ને *કોરોના*ને નામે અનેક કિસ્સા જાણવા મળે. ક્યાંક મોટી ઉંમરના દરદી સાજા થઈને ઘરે પાછા આવ્યા હોય, ક્યાંક કોઈ હૉસ્પિટલના સંચાલકોએ દરદીને ખંખેરી નાખ્યા હોય, ક્યાંક વળી લૅબોરેટરી અથવા ડાયગ્નોસ્ટિક સેન્ટરે *કોરોના* ટેસ્ટના વધુ પૈસા પડાવ્યા હોય...

અહીં કિસ્સો એવા જ એક ડાયગ્નોસ્ટિક સેન્ટરનો છે, પણ જરા જુદા પ્રકારનો.

મુંબઈના ઉપનગર ચેમ્બુરમાં રહેતા એક વૃદ્ધજનને હર્પિસની વ્યાધિ થઈ. એમની ઉંમર હતી ૯૦ વર્ષની આસપાસ. બે દીકરા વડીલને ડૉક્ટર પાસે લઈ ગયા. હમણાં પડી ગયેલી પ્રથા મુજબ ડૉક્ટરે કહી દીધું કે *પહેલાં કોરોના ટેસ્ટ કરાવી લો. પછી ચેક કરું.*

આ અંકલ તો એકદમ ફિટ છે!

બન્ને ભાઈ પિતાને લઈ નજીકના ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં પહોંચ્યા. ત્યાં આ ટેસ્ટ માટે ખાસ્સી લાઈન હતી, પણ રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. થોડી વારમાં એક ટેક્નિશિયન એમની તરફ આવતો દેખાયો એટલે ભાઈઓને થયું કે પિતાની ઉંમરને ધ્યાનમાં રાખી કદાચ વચ્ચે એમની ટેસ્ટ કરી લેશે.

– પણ ના, એણે તો પેલા વૃદ્ધજનના એક દીકરાને બાજુ પર આવવાનો ઈશારો કર્યો અને આવતાંવેંત વાત ચાલુ કરીઃ

'જુઓ, ટેસ્ટ માટે તમારા પિતાનો વારો હજી બેએક કલાક પછી આવશે, પણ મારી તમને સલાહ છે... તમને તો ખબર હશે કે હમણાં *કોરોના*ને કારણે અનેક લોકો જાન ગુમાવી રહ્યા છે અને સ્મશાનમાં (અંતિમ સંસ્કાર માટે) પણ બહુ રાહ જોવી પડે છે. ટૂંકમાં, મારી તમને સલાહ છે કે તમે સ્મશાનમાં અત્યારથી જાણ કરી દો એટલે તમને બુકિંગ મળી જાય!'

વૃદ્ધના દીકરાને પહેલાં તો એના કાન પર વિશ્વાસ ન બેઠો કે પેલો કયા મોઢે ને શું બોલી રહ્યો છે. પછી થયું કે પેલાને એક તમાચો ચોડી દે. ત્યાં એનો ભાઈ આવ્યો. બન્નેએ મળીને ટેક્નિશિયન પાસે ખુલાસો માગ્યો. સામેથી ફરી એ જ સલાહ આવી. પિતાની ટેસ્ટ કરાવવી જરૂરી હતી એટલે બન્ને ગમ ખાઈને બેસી રહ્યા. ટેસ્ટ કરાવી ત્યાંથી નીકળ્યા ત્યારે બન્નેનું મગજ ચકરાવે ચડી ગયેલું. જેમ-તેમ પિતાને લઈ બન્ને ઘરે પાછા આવ્યા. આ હાલતમાં કરવાનું શું એય સૂઝતું નહોતું.

જો કે બે-ત્રણ દિવસમાં પિતાજીની તબિયતમાં સુધારો દેખાવા માંડ્યો અને હવે તો એ એકદમ સ્વસ્થ થઈ ગયા છે. એમનો એક પુત્ર કહે છેઃ 'મન તો એવું થાય છે કે પેલા ટેક્નિશિયનને સ્મશાનમાં લઈ જઈને લાકડે લાકડે મારું.'

એમનો ગુસ્સો વાજબી છે. એમની જગ્યાએ આપણે હોઈએ તો એમ જ વિચારીએ.

સ્વર્ગનુંય બુકિંગ કોઈ ઍડ્વાન્સમાં કરાવવાનું કહે તો પણ ન જ ગમે ને?!

□ **હીરેન મહેતા** (મુંબઈ)

પ્રખર-સિદ્ધહસ્ત-પત્રકાર

નગીનદાસ સંઘવીને સ્મરણાંજલિ

નગીનબાપા જેવા માનાર્થે, છતાં હુલામણા નામે સર્વપ્રિય એવા *પદ્મશ્રી* નગીનદાસ સંઘવીના નામ આગળ *સ્વર્ગસ્થ* ઉમેરાઈ ગયું છે.

૧૦૦ વરસનું રચનાત્મક-સર્જનાત્મક અને લાખો લોકોને પ્રેરણા આપે એવું જીવન જીવી જનારા નગીનભાઈ એક પ્રાધ્યાપક, પ્રાચાર્ય, ઈતિહાસકાર, લેખક, સમીક્ષક, વિચારક, સ્પષ્ટવક્તા હોવા ઉપરાંત સદા સાદગીભર્યા જીવન સાથે અજબની ખુમારી ધરાવતા આદમી હતા. જીવનની છેલ્લી ઘડી સુધી લેખનકાર્યમાં વ્યસ્ત રહેનારા આ કર્મયોગીની સ્મૃતિમાં

એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠાન, ગુજરાતી ભાષા ભવન, કાંદિવલી એજ્યુકેશન સોસાયટી અને *સંવિત્તિ* દ્વારા આયોજિત આ સ્મૃતિસભામાં આદરણીય-પૂજ્ય મોરારિબાપુ સ્વર્ગીય નગીનદાસભાઈ વિશે પોતાનાં વિશેષ સંસ્મરણો વાગોળશે...

એ જ રીતે, નગીનદાસભાઈના જૂના મિત્ર અને સાહિત્યકાર દિનકર જોષી, *ગુજરાતી સાહિત્ય પરિષદ*ના પ્રમુખ સિતાંશુ મહેતા, મહેશ ચંદારાણા, પ્રાધ્યાપક વિજય પંડ્યા તથા લેખક-કૉલમકાર દીપક સોલિયા પણ એમની આગવી રીતે નગીનદાસભાઈને યાદ કરશે. આ સ્મૃતિ અવસરે યુવા સંગીત વિશારદ હાર્દિક ભટ્ટ પ્રાર્થનાગીત રજૂ કરશે.

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને આ સ્મૃતિસભાનું આયોજન ડિજિટલ સ્વરૂપે ઝૂમ ઍપના માધ્યમથી ગોઠવવામાં આવ્યું છે.

દિવસઃ ૨૪ જુલાઈ, શુક્રવાર

સમયઃ સાંજના ૬:૩૦ કલાકે...

નોંધઃ ૨ દિવસ બાદ આ *સ્મૃતિસભા* યુટ્યૂબ પર નિહાળી શકાશે.

આ રહ્યા તમારા મનના એક્સ–રે..!

મગજનું સ્કૅનિંગ તો થઈ શકે, પરંતુ માણસના મનને તાગવાનું–માપવાનું કામ અઘરું છે. જો કે 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી'ના મનોવિજ્ઞાન ભવને છેલ્લા અમુક મહિનામાં, ખાસ તો લૉકડાઉનમાં કેટલાંક સર્વેક્ષણ–સંશોધન કર્યાં. વર્તમાન પ્રશ્નો માટે લોકોનાં વલણ અને અભિગમનાં આ તારણ રસપ્રદ છે.

જવલંત છાયા (રાજકોટ)

૨૦ ૨૦નો મે મહિનો. સમગ્ર દેશમાં લૉકડાઉન. વેપાર-ધંધા બંધ. રાત્રે લગભગ સાડા આઠ વાગ્યે ફોનની રિંગ વાગી:

હેલો, હું ઝાલાવાડ પંથકમાંથી બોલું છું. અમે ઘરમાં છ સભ્ય છીએ. કમાણી બંધ છે. હવે શું કરવું એ કંઈ સૂઝતું નથી. અમે એકસાથે આત્મહત્યા કરીએ છીએ. તમે ત્યાં બેઠાં બેઠાં આખા ગામને સલાહ આપો છો, પણ તમને શું ખબર જીવનની મુશ્કેલી શું છે?

બસ, ફોન કટ!

ફોન રિસીવ કર્યો એ વ્યક્તિ અને એમની સાથે જે લોકો હતા એ કામે લાગી ગયાં. રાજકોટના કલેક્ટરને ફોન કર્યો. એમણે સુરેન્દ્રનગરના વહીવટી તંત્રને જાણ કરી. લોકેશનના આધારે ફોન કરનારી વ્યક્તિનું ઘર શોધ્યું અને પોલીસ ને તંત્રના માણસો તાત્કાલિક ત્યાં પહોંચ્યા. ફોન કરનારાને સાંત્વન આપ્યું. થોડી ખાદ્ય સામગ્રી આપી. દોઢેક કલાક પ્રક્રિયા ચાલી, આવેશની ક્ષણ ટળી ગઈ અને છ જિંદગી બચી ગઈ.

જે નંબર પર ફોન આવ્યો હતો એ સૌરાષ્ટ્ર

ફોટા ઃ ધૃતિ

'મનોવિજ્ઞાન ભવન'ના કાઉન્સેલિંગ સેન્ટરને એવા વડીલોના ફોન પણ મળ્યા, જેમને ચિંતા હતી કે એમનાં સંતાન ઑનલાઇન ભણતરના નામે કંઈક ભળતું તો જોતાં નથી ને!

યુનિવર્સિટીનું મનોવિજ્ઞાન ભવન હતું. લૉકડાઉન દરમિયાન હતાશ-પીડિત માણસોને માનસિક સધિયારો આપવા માટે ત્યાં ચાલીસેક દિવસ કાઉન્સેલિંગ સેન્ટરની સેવા આપવામાં આવી. અહીં જે કિસ્સો કહ્યો એવા કુલ ૧૦૫૧ કૉલ એ ગાળામાં સેન્ટરને મળ્યા.

૨૪ માર્ચની મધરાતથી લૉકડાઉનનો અમલ શરૂ થયો એના બે જ દિવસમાં રાજકોટનાં કલેક્ટર **રમ્યા મોહને** કહ્યું કે લોકોનો માનસિક જુસ્સો ટકી રહે, ડિપ્રેશન ન આવે એ માટે કંઈક કરવું પડશે. *સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનને* એ જવાબદારી સોંપવામાં આવી. થોડા દિવસમાં જ યુનિવર્સિટીના કુલપતિ નીતિન પેથાણી અને ઉપકુલપતિ વિજય દેસાણી કહે કે *ત્યાં સેન્ટર ભલે હોય, આપણે પણ કંઈક કરવું જોઈએ.*

એ પછી દિવસના દસ કલાક યુનિવર્સિટીમાં પણ એ કામ શરૂ થયું. દરરોજ અનેક પ્રકારની સમસ્યા રજૂ થઈ. મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થી, અધ્યાપકોએ એનો ઉકેલ લાવવાની કોશિશ કરી. લૉકડાઉન દરમિયાન અને એ પછી પણ કાર્યવાહી ચાલુ રહી. આ દરમિયાન ભવને કેટલાંક અત્યંત મહત્ત્વનાં સંશોધન કર્યાં, જેને કોઈ ધારે તો *સમાજના મનનો એક્સ-રે* પણ કહી શકે... ખાસ તો લૉકડાઉનના ગાળામાં લોકોની માનસિકતા કેવી હતી એ જાણવાનો એક્સ-રે.

મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ **ડૉ. યોગેશ જોગાસણ** *ચિત્રલેખાને* કહે છે:

'વિદ્યાર્થી પોતાના અભ્યાસ, ડેઝર્ટેશન કે થિસિસના ભાગ રૂપે આ કામ તો કરે, પરંતુ *મનોવિજ્ઞાન ભવનનું* કામ માત્ર શિક્ષણ આપવાનું નથી. આ શાસ્ત્રનો ઉપયોગ કરીને સમાજને મદદરૂપ પણ થવું જોઈએ એટલે અમે તદ્દન સાંપ્રત વિષય અને સ્થિતિને ધ્યાનમાં લઈને સંશોધન હાથ ધર્યું અને સર્વેક્ષણમાં કામ લાગી શકે એ પ્રકારે બધી માહિતી એકત્ર કરવા માંડી.'

મનોવિજ્ઞાન ભવનનાં વિદ્યાર્થિની નિમિષા પડારિયાએ સોશિયલ મિડિયાની અસર અંગે કુલ ૫૯૪ લોકોને પૂછ્યું. એમાંથી આશરે ૯૫ ટકા લોકોએ કહ્યું કે લૉકડાઉન દરમિયાન સોશિયલ મિડિયા અમને ખૂબ ઉપયોગી બન્યું છે. સમય પસાર થવાની સાથે સાથે અમે પોતાના લોકો સાથે આ માધ્યમથી જોડાયેલા રહ્યા. એવો નિષ્કર્ષ પણ નીકળ્યો કે *વ્હૉટ્સઍપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક* સહિતનાં માધ્યમ પર પરિચિતોને પ્રતિક્રિયા ન આપીએ તો સંબંધ બગડે છે. *લાઈક* કે *કમેન્ટ* ન મળે તો ઘણા બેચેની અનુભવે છે એવું પણ ફોન કરનારા લોકો સાથેની વાતચીત પરથી જાણવા મળ્યું. *કોરોના* કે અન્ય કોઈ પણ બાબત વિશે ફેલાતી અફવા કે ફેક ન્યૂઝ માટે પણ લોકોએ અભિપ્રાય આપ્યા.

સોશિયલ મિડિયાની ખરાબ અસર વિશે વાત થઈ તો કેટલાક કહે કે પ્રાઈવેટ ક્લાસિસમાં ફી વધારે હોવાથી *સ્પોકન ઈંગ્લિશ* શીખવાનું શક્ય નહોતું, જે *યુટ્યૂબ*ના માધ્યમથી શીખી શકાયું. સામાન્ય તારણ એ રહ્યું કે સોશિયલ મિડિયા લૉકડાઉન દરમિયાન લોકોને ઉપયોગી નીવડ્યું હતું.

આ દરમિયાન પ્રજ્ઞાચક્ષુ લોકોનો પણ સંપર્ક કરવામાં આવ્યો. એમના જવાબ જો કે સમાજ માટે થોડી નિરાશાની લાગણી જન્માવે એવા હતા. એક અંધ વ્યક્તિએ એવું કહ્યું કે જ્યારે આફત આવે ત્યારે માણસ પોતાના જીવનું વિચારે છે. પરોપકાર, સેવા, દયા, દાન બધું પોતે સુરક્ષિત હોઈએ ત્યારે જ યાદ આવે. એક સમય એવો હતો, જ્યારે અમે રસ્તા પર નીકળીએ તો અમને હાથ પકડીને રસ્તો ઓળંગાવવા માટે અનેક લોકો તૈયાર થતા. *કોરોના*ના ડરથી એ પ્રમાણ ઘટી ગયું. અને હા, અમને પણ એ ડર લાગે છે કે કોઈ હાથ પકડે તો ક્યાંક સંક્રમણ ન થાય.

એક પ્રજ્ઞાચક્ષુ બહેને તો કહ્યું કે પરીક્ષામાં રાઈટર ન બેસી શકે કે કોઈ નજીક ન આવે એ સ્થિતિ તો અત્યારે છે, કાલે નહીં હોય, પણ અમારા માટે તો આમ પણ દુનિયા લૉકડાઉન જ છેને...

જો કે નિઃસહાય લોકોને સાવ કોઈએ મદદ નથી કરી એવું નથી. વલ્લભીપુરથી એક ફોન આવ્યો કે *મારી પત્ની મને હેરાન કરે છે. હું સહન નથી કરી શકતો. મારે મરી જવું છે.* એનો ફોન એટેન્ડ કર્યો ભવનનાં અધ્યાપક ડૉ. ધારા દોશીએ. પેલા ભાઈ બોલીને હળવા થઈ જાય એ રીતે એમને સાંભળ્યા. *સ્ત્રીનો પણ વાંક તો હોય છે* એવું પણ કહ્યું. વાત વાતમાં એનું સરનામું લઈ લીધું.

ધારાબહેને એમને વાતોમાં પરોવી રાખ્યા એ દરમિયાન ડૉ. યોગેશ જોગાસણે પોતાના એક મિત્રને એ સરનામું આપ્યું અને કહ્યું કે *આ સ્થળે પહોંચીને એ ભાઈને સંભાળ.* થોડી વારમાં એમના મિત્ર ત્યાં પહોંચી ગયા અને ફોન કરનારાને કહ્યું કે *તમે જ્યાં*

ડૉ. યોગેશ જોગાસણ: અમારું કામ માત્ર શિક્ષણ આપવાનું નહીં, પરંતુ સમાજને મદદ કરવાનું પણ છે.

ફોન કર્યો હતો ત્યાંથી મને કહેવામાં આવ્યું છે. હું નજીકમાં જ રહું છું.

એમની સમજાવટને પગલે આખરે આત્મહત્યા જેવી દુર્ઘટના ટળી ગઈ.

જે ફોન કૉલ્સ આવ્યા એમાં કેટલાક એવા હતા કે જેમાં ઘરની સ્ત્રી સામે ફરિયાદ હોય. એમાં સૌથી મોટી ફરિયાદ હતી પતિ સામે શંકા! *વર્ક ફ્રૉમ હોમ* એટલે કે પતિ ઘરેથી કામ કરતો હોય તો એ વખતે પણ પતિ પર શંકા.

રાજકોટનો એક કિસ્સો જાણો...

ફોન કરનારા પુરુષે કહ્યું કે *મારી પત્ની મારાં બાળકોનું, મારું કે મારાં માતા-પિતાનું ધ્યાન જ નથી રાખતી. 'ટિક ટોક' પર દરરોજના સોળ-સત્તર વિડિયો અપલોડ કરે છે. ડાન્સ કરે, મેકઅપ કરે... આખો દિવસ એનું આ જ ચાલે છે!* આ કેસ પણ *મનોવિજ્ઞાન ભવને* સફળતાપૂર્વક સોલ્વ કર્યો.

બીજી બાજુ, તેજલ વિરાસ નામની વિદ્યાર્થિનીએ આશરે સવા ચારસો લોકોના એક જૂથને પૂછ્યું: *વેબિનારથી તમને ફાયદો થયો કે નહીં?*

નેવું ટકાએ કહ્યું કે વેબિનારથી કોઈ માહિતી કે જ્ઞાનપ્રાપ્તિ થઈ નથી. મેસેજ ટાઇપ કરીને પૂછેલા પ્રશ્નના ઉત્તર પણ સંતોષકારક રીતે મળતા નથી. ઘણી વાર તો એમાં મન ન હોય તો પણ જોડાવું પડે છે. વેબિનારથી શિક્ષણ કે કોઈ મહત્ત્વના મુદ્દાનો હેતુ સરતો નથી.

ઑનલાઇન શિક્ષણ અત્યારે સૌથી અગત્યનો મુદ્દો છે. આ સર્વેક્ષણ દરમિયાન એક વડીલે કહ્યું કે *મને મારી પૌત્રી માટે બીક લાગે છે. એક તો એ કે આખો દિવસ મોબાઇલ ફોન કે કમ્પ્યુટર સ્ક્રીન સામે જોઈ જોઈને એની આંખ બગડે નહીં અને બીજું એ કે આ શિક્ષણના નામે કંઈ આડુંઅવળું જોવાના રવાડે ન ચડી જાય!*

ડૉ. ધારા દોશી: લૉકડાઉનને કારણે ઘણા પરિવારમાં ઊભી થયેલી ઘરેલુ સમસ્યા પણ અમે ઉકેલી શક્યાં.

એક ગૃહિણી કહે કે *મારી દીકરી આખો દિવસ ફોન પર શું કરે છે એની ખબર નથી. એનાં લેક્ચર્સ તો બે કલાક જ હોય છે. પહેલાં એ ડાહી-કહ્યાગરી હતી, પણ ઑનલાઇન શિક્ષણ પછી એનું વર્તન જ બદલાઈ ગયું છે.*

ડૉ. ધારા દોશીએ આ સર્વે માટે ૧૧૬૮ વ્યક્તિના પ્રતિભાવ મેળવ્યા. એમાં ૮૫ ટકાથી વધુ લોકોએ કહ્યું કે મોબાઇલ કે અન્ય ઉપકરણ દ્વારા આપવામાં આવતાં શિક્ષણને લીધે બાળકો પર નકારાત્મક અસરની શક્યતા છે. આઠેક ટકા લોકોએ જ ઑનલાઇન શિક્ષણની તરફેણમાં અભિપ્રાય આપ્યો હતો. મોટા ભાગના લોકોનું કહેવું હતું કે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ક્લાસરૂમમાં જે સંવાદ થતા હોય છે એ ઑનલાઇન ભણતરમાં શક્ય નથી. કેટલાંક બાળક લેક્ચરના બહાને આખો દિવસ મોબાઇલ ફોનમાં માથું ઊંધું ઘાલીને વ્યસ્ત રહે છે. કેટલાંકને પરાણે ભણવા બેસાડવાં પડે છે. વાલીઓની સમસ્યા તો જૂની છે: નાનાં ઘર, એકથી વધુ બાળકો, વગેરે. એક શિક્ષકે પણ કહ્યું કે સામે કોઈ હોય નહીં, સ્ક્રીન પર દેખાય. બાળકને ભણાવીએ છીએ કે મશીનને એ જ ખબર પડતી નથી!

બાળક ચીડિયાં થઈ ગયાં છે. સ્ટ્રેસ અને કંટાળો વધી ગયાં છે. આંખનો દુખાવો થાય છે એવી વાત પણ આ સર્વેમાં બહાર આવી. ઑનલાઇન શિક્ષણથી બાળકનો માનસિક વિકાસ અને સામાજિક વલણ બન્ને રૂંધાય છે, ઉદાસી વધે છે એ તારણ પણ છે.

પ્રોફેસર ધારાએ પોતાના સંશોધન પછી એવું સૂચન કર્યું છે કે ધોરણ એકથી ૧૨માં તો ઑનલાઇન શિક્ષણ ન જ હોવું જોઈએ. તેજલ વિરાસે અન્ય એક રસપ્રદ સર્વે કર્યો–*યુવાનોમાં શારીરિક દેખાવ અને સ્વજાગૃતિ.* આપણે ત્યાં એક માન્યતા છે કે તૈયાર થવામાં છોકરીને વધારે સમય લાગે. પુરુષો માટે કપડાં કરતાં સ્ત્રીઓ માટે કપડાંની વિવિધતા વધારે છે. જો કે આ સર્વે થોડાં અલગ તારણ આપે છે.

અહીં છોકરી કરતાં શારીરિક દેખાવ માટે છોકરા વધારે સજાગ છે. ફિલ્મ સ્ટાર્સની સિક્સપૅક બૉડી જોઈને એમને એવું લાગે છે કે જિમમાં જવું જોઈએ, બૉડી બનાવવી જોઈએ. અમુક છોકરા એમ માને છે કે આકર્ષક દેખાવ અને સારી હેરસ્ટાઇલ નહીં હોય તો એ છોકરીને આકર્ષી નહીં શકે. જો કે સ્વાસ્થ્ય માટે જાગૃતિ છોકરીમાં વધારે છે. સાથે અમુક ફિલ્મી હીરોઇનની જેમ એમને ઝીરો ફિગર બનાવવાની પણ ઘેલછા છે. યુવકો કસરત કરે, વૉક કરે છે, પરંતુ યુવતીની જેમ ડાયેટ પ્લાનમાં નથી માનતા.

આ બધા સર્વેની સાથે ઑનલાઇન શિક્ષણની ફી, સેમેસ્ટર પદ્ધતિ, વગેરે વિષય પર પણ સંશોધન થયાં.

લૉકડાઉન દરમિયાન શિક્ષણકાર્ય બંધ હતું. આ ભવને શિક્ષણને ક્લાસરૂમની ચાર દીવાલની બહાર લઈ જવાની પહેલ કરી. એમની સામે આવેલો એક કેસ તો અત્યંત રસપ્રદ છે. સાતમા ધોરણમાં ભણતી એક બાળાને આત્મહત્યાના વિચાર આવે. પિતા એને લઈ ગયા *મનોવિજ્ઞાન ભવન.* પ્રોફેસર ધારા દોશી, પ્રોફેસર ડિમ્પલ રામાણી, પ્રોફેસર હસમુખ ચાવડા, તૌફિક જાદવ બધાંએ ભેગાં થઈને એનું કાઉન્સેલિંગ કર્યું. આટલી નાની વયની છોકરીના મનમાં એક જ વાત: *સુશાંતસિંહ રાજપૂતે આત્મહત્યા કેમ કરી?* આ ટીમે બહુ કુનેહપૂર્વક પેલીના મનમાંથી આખી વાત કાઢી નાખી.

દર વર્ષે આ ભવન કે અન્ય શિક્ષણસંસ્થામાંથી મનોવિજ્ઞાન કે મનોચિકિત્સાના અનેક સ્નાતક કે *પીએચ.ડી.* બહાર આવતા હશે, પરંતુ નવી દિશા સૂચવી જતા આવા કિસ્સાને મનોવિજ્ઞાન શિક્ષણનો એક નોંધપાત્ર હિસ્સો ગણી શકાય.

પૂરક તસવીરો: **નીશુ કાથા**

વિશેષ

જીવના જોખમે જીવ ઉગારતી એક સેવા અનોખી...

કિલ્લા પારડીના ‘શ્રી માંગેલા લાઇફ સેવર ટ્રસ્ટ’ના તરવૈયાઓએ આજ સુધી સેંકડો ડૂબેલી લાશને બહાર કાઢી છે. એ જ રીતે અનેકને ડૂબતાં પણ બચાવ્યા છે. રાહત કે આવી બચાવ કામગીરીનો કોઈ હિસાબ ન રાખતા આ ગામના લોકોને બસ, મદદ કરવાનું જન્મજાત ઝનૂન છે.

ફયસલ બકીલી (કિલ્લા પારડી, વલસાડ)

ઓગસ્ટ, ૨૦૦૩ની એ ગોઝારી બપોર સંઘ પ્રદેશના ઇતિહાસમાં આંસુઓથી ખરડાયેલી છે.

એક પુલ તૂટ્યો અને શાળાએથી પરત ઘરે આવી રહેલાં બાળકો ને પુલ ઉપરથી પસાર થતા અનેક લોકો સીધા પડ્યાં દમણગંગા નદીમાં. કાળની એક થપાટ લાગી એ સાથે પચ્ચીસ જેટલાં બાળકોએ જીવ ગુમાવ્યો. જેમણે પણ આ દૃશ્ય જોયું-સાંભળ્યું છે એમને કંપારી આજે પણ છૂટી જાય છે, પણ જેમણે આ ડૂબેલાં બાળકોને પોતાના હાથથી કાઢ્યાં હોય એમનાં મનમાં આજે પણ કેવું વીતતું હશે?

‘એ વખતે ચારેકોર રુદન હતું. મા-બાપ-પરિવારવાળા રડતાં રડતાં પોતાનાં સંતાનને શોધતાં હતાં. નદીમાં પાણીનું વહેણ પણ તીવ્ર હતું. અમે કિનારા પર દોરડાં બાંધેલાં અને એના સહારે પાણીમાં ઊતરેલા. એક જ રિક્ષામાંથી બાળકોને અમે કાઢેલાં.’

ગુણવંત માંગેલા બોલતા જાય છે ને એમની આંખ સામેથી એ દૃશ્ય પસાર થતું જાય છે... ૧૭ વર્ષ પહેલાંની એ ઘટનાની વાત વલસાડ જિલ્લામાંથી

તરતા ઘણાને ફાવે, પરંતુ ઊંડા પાણીમાં અંદર રહીને નીચે કોઈને શોધી કાઢવા કે લાશ બહાર લઈ આવવાની કામગીરી કપરી હોય છે, જે અહીંના ૭૦-૮૦ યુવાનોની ટીમ નિપુણતા સાથે પાર પાડે છે...

પસાર થતી પાર નદીના કિનારે ગુણવંતભાઈ કરે છે.

આ ગુણવંત માંગેલા એક એવા સંગઠનના વરિષ્ઠ સભ્ય છે, જે પાણીમાં ડૂબી ગયેલાને કાઢવાનું અને ડૂબી રહેલાને બચાવવાનું કામ કરે છે. માત્ર ૬૫૦ લોકોની વસતિ ધરાવતું ચંદ્રપુર એક સમયે ગામ હતું. હવે એ *કિલ્લા પારડી નગરપાલિકા*નો એક વિસ્તાર છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ પર પાર નદીના એક કાંઠે ઔદ્યોગિક વસાહત અતુલ છે અને સામે કાંઠે ચંદ્રપુર. માછીમારી સમાજના માંગેલા લોકોનું આ ગામ છે. સમાજના દરેક લોકોને જન્મજાત તરતાં આવડે છે. આ ચંદ્રપુરના લોકો પૂજ્ય પાંડુરંગ આઠવલેના *સ્વાધ્યાય પરિવાર* સાથે સંકળાયેલા છે.

આ નાનકડી વસતિમાં લોકો રેતી અને માછીમારીનો વ્યવસાય કરે છે. રહેવાનું નદીની બાજુમાં એટલે પાણી સાથે રોજિંદો વ્યવહાર. માછીમારી કરે એટલે હોડી ચલાવતાં પણ આવડે અને તરતાં પણ એટલે નદીમાં કોઈ ડૂબતું હોય તો બચાવવા દોડી જાય અને કોઈ ડૂબી ગયું હોય તો શોધવા પહોંચી જાય. એમના વડવા ગજાનંદભાઈ માંગેલા પણ એ જ કામગીરી બજાવતા.

ગજાનંદ માંગેલા હાલ *કિલ્લા પારડી નગરપાલિકા*માં બાંધકામ સમિતિના અધ્યક્ષ છે. એ *ચિત્રલેખા*ને કહે છે કે જ્યારે મોરબીમાં ૧૯૭૯માં મચ્છુ ડેમની હોનારત થયેલી ત્યારે અમારા ગામના વડીલો ત્યાં ગયેલા. સુરતમાં ૨૦૦૬માં વિનાશક પૂર આવેલું ત્યારે પાણીનો પ્રવાહ બહુ જોરમાં હતો. સોસાયટીની અંદર કે નાની ગલીઓમાં કોઈ જઈ શકતું નહોતું ત્યારે અમારા યુવાનો બોટ લઈને સોસાયટીની અંદર સુધી રાહતસામગ્રી, દૂધ, વગેરે પહોંચાડી આવેલા. અનેક લોકોને અમે પાણીમાંથી બહાર પણ કાઢી લાવ્યા હતા. વલસાડ જિલ્લામાં આવી કોઈ પણ ઇમર્જન્સી સર્જાય ત્યારે અમારા યુવાનો તૈયાર જ હોય. નદીમાં, તળાવમાં કે કૂવામાં કોઈ કૂદી કે પડી જાય તો એને શોધવાનું કામ કરીએ છીએ.

આ કાર્ય માટે અમે *શ્રી માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટ, ચંદ્રપુર*ના નામે નોંધણી કરી છે.

આ ટ્રસ્ટની કામગીરી સરકાર સાથે મળીને જ થતી હોય છે. ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, ફાયર બ્રિગેડ, કલેક્ટર કે પોલીસનું કાર્યાલય એમનો સંપર્ક કરીને એમને બોલાવે છે.

કિશોરભાઈ માંગેલા કહે છે કે દરિયા, નદી, તળાવમાં કોઈ ડૂબી જાય ત્યારે કે કુદરતી આફત વખતે અમે નિઃસ્વાર્થ સેવા આપીને માનવતાનું ઉદાહરણ પૂરું પાડીએ છીએ. વલસાડ જિલ્લામાં તો લગભગ દરેક જગ્યાએ અમને બોલાવે છે. અમારા લોકો પાસે ટેમ્પો છે-હોડીઓ છે અને આવી કટોકટીમાં ઉપયોગી નીવડે એવાં બીજાં કેટલાંક સાધન પણ અમે વસાવ્યાં છે.

દમણની પુલ દુર્ઘટના હોય કે સુરતનાં ભયાનક પૂર, દર વર્ષે ચોમાસામાં પાણી ભરાઈ જાય અને લોકો ફસાઈ જાય ત્યારે પણ ચંદ્રપુરની યાદ સરકારને આવે છે. અત્યારે ચંદ્રપુરના ૭૦-૮૦ યુવાન આ કામમાં પ્રવૃત્ત છે. હિંમત અને કુનેહપૂર્વક એ પોતાનું કામ કરે છે. ફાયર બ્રિગેડ થાકી જાય પછી આ *માંગેલા ટ્રસ્ટ*નું કામ શરૂ થાય છે.

જિજ્ઞેશ માંગેલા કહે છે: 'અમે પાણીમાં ઊંડે સુધી જઈ શકીએ છીએ. પાણીમાં તરવાનું તો ઘણાને આવડતું હોય છે, પણ પાણીની અંદર રહીને નીચે શોધવાનું કામ એ બધા નથી કરી શકતા, કારણ કે અમારા લોકો પાણીમાં ડૂબકી મારીને રેતી કાઢવાનું કામ કરે છે. દર વર્ષે ગણેશવિસર્જનના દિવસે માણસો



ગુણવંત માંગેલા

ગજાનંદ માંગેલા

કિશોરભાઈ માંગેલા

ડૂબી જવાના બનાવો અનેક જગ્યાએ બને છે. અમારી પાર નદી પર આજ સુધી એક બનાવ નથી બન્યો, કારણ કે અહીં આવતી તમામ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન અમે જ કરીએ છીએ.

ચંદ્રપુરના લોકો પાસે કિસ્સા પણ અનેક છે. એક તો એમનું ગામ નદીકિનારે છે અને એ બધાનું કામ પણ નદી-દરિયા સાથે સંકળાયેલું છે. એક યુવાન આત્મહત્યાના ઈરાદે આવ્યો અને એણે નદીમાં છલાંગ લગાવી દીધી ત્યારે ચંદ્રપુરના બે-ત્રણ યુવાન ત્યાં હાજર હતા. એમણે પળનો પણ વિલંબ કર્યા વિના પેલાની પાછળ ઝંપલાવીને એને ઉગારી લીધો. એવો જ કિસ્સો એક યુવતીનો પણ છે. એને પણ પાછી કિનારે ખેંચી લાવીને એનો જીવ બચાવ્યો.

આમ તો જીવતા લોકોના જીવ ઉગારવાની તક એમને ઓછી મળે છે. મોટા ભાગે પાણીમાં ડૂબેલી લાશ કાઢવાની કામગીરી એમને ભાગે વધુ આવે છે. ઊંડા પાણીમાં ૪૦-૫૦ ફૂટ નીચેથી પણ લાશ લાવ્યાના કિસ્સા એમની પાસે સાંભળવા મળે છે. *નેકી કર દરિયા મેં ડાલ* એવી એમની માન્યતા છે. આજ સુધી એમણે કેટલા જીવ બચાવ્યા-કેટલી લાશો કાઢી એનો કોઈ ચોક્કસ આંકડો એમની પાસે નથી, કારણ કે આવી કોઈ ગણતરીથી એ કોઈ કામ કરતા નથી. ભગવાને આ કામ કરવાની કુનેહ આપી છે તો એનો ઉપયોગ એ સેવા માટે કરે છે.

મંગેશ માંગેલા કહે છે કે માણસો જ નહીં, ઘણી વખત ગુનાખોરીની વસ્તુ કે પુરાવા શોધી આપવામાં પણ પોલીસને અમે મદદ કરીએ છીએ. ડૂબી ગયેલા માણસોને શોધી લાવીએ ત્યારે એમના શરીર પર કે એમની પાસેથી અનેક કીમતી વસ્તુઓ મળે, જેને બહુ સાચવીને અમે એમના સ્વજનને આપી દઈએ છીએ. અમારી ઈમાનદારી વિશે બધા જાણે છે.

દમણ અને સુરતનાં મહત્ત્વનાં બચાવકાર્યોમાં ગયેલા ગુણવંત માંગેલા કહે છે કે દમણમાં અમે લગભગ ૧૯ બાળકની લાશ કાઢેલી, સાથે ૧૫ જેટલી બાઈક પણ કાઢેલી. સુરતનાં પૂર વખતે એક વિસ્તારમાં તો અમે રાહતસામગ્રી લઈને રાત્રે પહોંચેલા તો લોકોએ ચોર સમજીને પથ્થર મારેલા. પથ્થર ખાઈને પણ અમે લોકોને સમજાવેલા. પછી અનાજ, પાણી, દૂધ એમનાં ઘરો સુધી પહોંચાડવા ઉપરાંત અનેક લોકોને અમારી બોટમાં બેસાડી સલામત સ્થળે પહોંચાડેલા.

થોડાં વર્ષ પહેલાં ચંદ્રપુરના બાવીસ યુવાનને ડિઝાસ્ટર મૅનેજમેન્ટની તાલીમ આપવામાં આવી હતી. એ પછી વાતો અનેક થઈ, પણ નક્કર કશું ન થયું. ગજાનંદ માંગેલા કહે છે કે અમારામાં જન્મજાત રહેલું તરવૈયાનું કૌશલ્ય કોઈનો જીવ બચાવી શકે એનાથી મોટું કામ બીજું શું હોઈ શકે?

તસવીરો: **કુશલ પંડ્યા**

શું આપને

ગોઠણનો સાંધો બદલવાના ઓપરેશન (ટોટલ-ની-રીપ્લેસમેન્ટ) કરાવ્યા પછી પણ...

ગોઠણ દુઃખે છે ? | પગ ત્રાંસો છે ? | સોજો રહે છે ?

ચાલવામાં તકલીફ છે ? | ઉભા રહેવામાં તકલીફ છે ?

ગોઠણ વાળવામાં તકલીફ છે ? | પડી જવાનો ડર લાગે છે ?

ઓપરેશનની જગ્યાએથી પાક/પ્રવાહી/પરૂ નીકળે છે ?

ઓપરેશનના ઘણા અઠવાડીયા/મહિના પછી ઈન્ફેકશન થયેલ છે ?

સાંધામાં અસ્થિરતા રહે છે ? | ઓપરેશનથી અસંતોષ છે ?

પ્રભુકૃપા હોસ્પિટલ

સૌરાષ્ટ્ર-કચ્છની એકમાત્ર એક્સક્લૂસિવ હોસ્પિટલ જ્યાં ફક્ત જોઇન્ટ રીપ્લેસમેન્ટ લગતુ જ કામ કરવામાં આવે છે

કોમ્પલેક્ષ પ્રાઇમરી અને રીવીઝન રીપ્લેસમેન્ટ સર્જરીના સૌરાષ્ટ્રના સિનિયર સ્પેશ્યાલીસ્ટ આર્થ્રોપ્લાસ્ટી સર્જન

ડૉ. કેતન શાહ એમ. એસ. (ઓર્થો.) ડી.એન.બી. (ઓર્થો.)
જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન

જ્યુબેલી ગાર્ડન પાસે, કસ્તુરબા રોડ, સીનીયર સીટીઝન પાર્ક સામે, રાજકોટ.
0281-2226674 9898 778 541
/prabhukrupahospital www.prabhukrupahospital.in

દવા ઉદ્યોગને મળી રહ્યો છે આત્મનિર્ભરતાનો ડોઝ...

ચીન સામે સરહદે લડવા ઉપરાંત આપણી એક મોટી લડત છે એલોપેથિક ઔષધિમાં ચીની કાચા માલની મોનોપોલીને તોડવા માટે. એક જમાનામાં આ મોરચે સ્વાવલંબી એવું ભારત જોતજોતાંમાં ચીનથી બહુ પાછળ ધકેલાઈ ગયું છે. અત્યારે હાલત એવી છે કે દવા બનાવવા ચીન પાસેથી મહત્ત્વનાં કેમિકલ્સ અને અન્ય ઘટક તત્ત્વો ન મળે તો આપણો શ્વાસ અધ્ધર થઈ જાય. હવે કેન્દ્ર સરકારે ઘરઆંગણે એના ઉત્પાદનને નવજીવન આપવાની યોજના બનાવી છે ત્યારે જોવાનું એ રહેશે કે પાંચ–સાત વર્ષે પણ આપણે એમાં સફળ થઈશું કે નહીં?

હરિન મહેતા (મુંબઈ)

દવામાં વપરાતાં રાસાયણિક દ્રવ્યો સહિતની સામગ્રી વિકસાવવામાં પણ સંશોધન કરવું પડે છે. ચીનથી આ માલ તૈયાર મળતો હોવાથી આપણી કેટલીક ફાર્મા કંપની હવે એ પાછળ ઝાઝો ખર્ચ જ કરતી નથી.

પેરાસિટામોલ-૧૦૦ ટકા
પેનિસિલિન-૧૦૦ ટકા
એમ્પિસિલિન-૧૦૦ ટકા
લિવોડોપા-૧૦૦ ટકા
આઈબ્યુપ્રોફેન-૮૫થી ૯૦ ટકા
ટેટ્રાસાઈક્લિન-૭૭ ટકા...

આ યાદી બહુ લાંબી છે. આ યાદી એવાં બલ્ક ડ્રગ્સ તથા કેમિકલ-મટીરિયલ્સની છે, જેમાંથી શરદી-ખાંસીથી માંડી ટીબી, બ્લડ પ્રેશર, એલર્જી, વાઈ-આંચકી જેવી વ્યાધિ અને હૃદય, કિડની, મગજ, ચામડી કે આંતરડાંની બીમારીની ઘણી એલોપેથિક દવા બને છે.

– અને હા, એ પણ ઉમેરવાનું કે આ યાદી એવાં બલ્ક ડ્રગ્સ તથા કેમિકલની છે, જેના માટે આપણે મહદંશે ચીન પર નિર્ભર છીએ. યાદીમાં ઘણાં બલ્ક ડ્રગ્સ તો એવાં પણ છે કે જે આપણે સોએ સો ટકા ચીનથી આયાત કરીએ છીએ!

આમ તો આખી દુનિયા આયાત-નિકાસના વ્યવહાર પર ચાલે છે અને નભે પણ છે, કારણ કે કોઈ એક દેશ બધેબધી ચીજવસ્તુ બનાવવાની બાબતમાં સ્વાવલંબી હોઈ શકે નહીં. ઉદાહરણ તરીકે, દવા બનાવવા જરૂરી એવી આ સામગ્રી.

થોડી વિચિત્ર લાગે એવી વાત એ છે કે દવા ઉત્પાદન ક્ષેત્રે ભારત દુનિયામાં ત્રીજા ક્રમે છે, પણ એ દવા તૈયાર કરવા માટેનાં મોટા ભાગનાં (આશરે ૭૦ ટકા) દ્રવ્યો આપણે બીજા દેશથી-ખાસ તો ચીનથી મગાવવાં પડે છે. વળી, આપણે ત્યાં બનેલી દવા એકસોથી વધુ દેશમાં નિકાસ થાય છે, પરંતુ એ નિકાસ મૂલ્યની એટલે કે વૅલ્યૂની વાત કરીએ તો ભારતનો નંબર છેક સત્તરમો આવે. એક્સપોર્ટ વૅલ્યૂની બાબતમાં જર્મની, સ્વિત્ઝરલૅન્ડ, બેલ્જિયમ અને આયરલૅન્ડ સહિતના નાના યુરોપિયન દેશો આપણા કરતાં બહુ આગળ છે.

હમણાં આપણો દવા (ફાર્માસ્યુટિકલ) ઉદ્યોગ ચર્ચામાં છે. લડાખ સરહદે ચીની સિપાહીઓ સાથેની હાથાપાયીમાં આપણા વીસ જવાન શહીદ થયા ત્યારથી દેશભરમાં ચીનવિરોધી માહોલ ઊભો થયો છે. ઠેર ઠેર ચીની માલના બહિષ્કારની ઘોષણા થઈ રહી છે. જો કે ફાર્મા ક્ષેત્રે કમ સે કમ અત્યારના તબક્કે ચીનના બહિષ્કારનો વિચાર કરીએ તોય આપણે બીમાર પડી જઈએ અને શ્વાસ અધ્ધર થઈ જાય એવી હાલત છે. મુશ્કેલી તો એ છે શ્વાસ ફરી પૂર્વવત્ કરવાની દવાની કેટલીક કાચી સામગ્રી પણ પછી આપણે ચીનથી જ મગાવવી પડે એમ છે.

આ જ કારણે થોડાં વર્ષ પહેલાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલે એક પાક્કા રાજનીતિજ્ઞની ભાષામાં કહ્યું હતું કે *દવાનાં રૉ મટીરિયલ માટે (બીજા કોઈ દેશ પરનું) આટલું અવલંબન આપણા દેશ માટે જોખમી છે...* જોખમી એ રીતે કે કદાચ એ દેશ કોઈ પણ કારણસર આપણને બલ્ક ડ્રગ્સ આપવાનું બંધ કરી દે તો? અથવા તો આપણે એ આયાત અટકાવી દેવાનો વારો આવે તો?

એલોપેથિક દવા બનાવવામાં વપરાતી કાચી સામગ્રીમાં મુખ્યત્વે જુદાં જુદાં કેમિકલનાં મિશ્રણથી

તૈયાર થતાં *ઍક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રિડિયન્ટ્સ* (એપીઆઈ)નો સમાવેશ થાય છે. જે કેમિકલ્સમાંથી *એપીઆઈ* બને છે એ *ઈન્ટરમિડિયેટ્સ* અથવા *કી સ્ટાર્ટિંગ મટીરિયલ્સ* (કેએસએમ) તરીકે ઓળખાય છે.

૧૯૮૦ના દાયકાથી ચીને આ કેમિકલ્સ-*એપીઆઈ*નું એટલું તો ઉત્પાદન કરવા માંડ્યું અને એટલા ઓછા ભાવે બધે વેચવા માંડ્યું કે કોઈ દેશ એની સામે સ્પર્ધામાં ટક્કર લેવાની વાત તો બાજુએ રહી, એ ટકી પણ ન શકે.

ભારતની જ વાત કરીએ તો ૧૯૮૦ સુધી આપણે આવી માંડ એકાદ ટકો સામગ્રી ચીન પાસેથી લેતા હતા, પણ એ પછી તો ચીને પાણીના ભાવે એનો માલ આંતરરાષ્ટ્રીય બજારમાં ખડકવા માંડ્યો એટલે આપણા અનેક દવા ઉત્પાદકોએ ઘરઆંગણે એવી ચીજ બનાવવાનું બંધ કરીને ચીનથી એની આયાત કરવા માંડી. અહીં જે માલ બનાવવાનો ખર્ચ એક હજાર આવતો હોય એ માલ ઈમ્પોર્ટ ડ્યુટી પછી પણ સાતસો રૂપિયામાં પડે તો ઉત્પાદકો શા માટે તસ્દી લે?

એક દવા કંપની સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારી *ચિત્રલેખા*ને કહે છે કે એલોપેથિક દવામાં વપરાતી સામગ્રી (*એપીઆઈ* અને કેટલાંક કેમિકલ્સ) બનાવવાની પ્રક્રિયા ભારે પ્રદૂષણ ફેલાવે છે. જો કે ચેનકેન પ્રકારેણ આંતરરાષ્ટ્રીય સ્તરે પગપેસારો કરવા માગતી ચીન સરકારે એવી દરકાર રાખવાને બદલે ઝડપભેર એનાં કારખાનાં ખોલવા માંડ્યાં. એ સામે આ સમયગાળા દરમિયાન આપણે ત્યાં પ્રદૂષણ નિયંત્રણને લગતા કાયદા વધુ ને વધુ કડક બની રહ્યા હતા. એનો લાભ ચીનને મળ્યો, કારણ કે આપણા ઉત્પાદકો પ્રદૂષિત તત્ત્વો (એફ્લ્યુઅન્ટ્સ)ના નિકાલ માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા વધારાના ખર્ચ કરવા તૈયાર નહોતા. એના બદલે એમણે સસ્તો ચીની માલ અપનાવી લેવાનું પસંદ કર્યું. તૈયાર ભાણું મળતું હોય તો પછી રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટના પૈસા પણ બચી જાય ને?!

આજની તારીખે સામાન્ય ઉધરસ-શરદીની દવામાં વપરાતી કાચી સામગ્રી માટે સુદ્ધાં આપણે ચીન પર આધાર રાખવો પડે છે એ પાછળ આ એક મહત્ત્વનું કારણ છે. અત્યારે આપણે ચીન પાસેથી જે કંઈ આયાત કરીએ છીએ એમાં દવાના કાચા માલનો હિસ્સો જ દર વર્ષે સરેરાશ ૧૮૦ અબજ રૂપિયા જેટલો છે! (આ ચીજોની કુલ આયાત પાછળ ભારત વર્ષેદહાડે આશરે ૨૭૨ અબજ રૂપિયા ખર્ચે છે).

ઘરઆંગણે આપણે દવા માટેની કાચી સામગ્રી મોટા પ્રમાણમાં બનાવતાં થઈશું તો પણ આપણે કિંમત અને ગુણવત્તાની બાબતમાં ચીનના જબ્બર સામનાની તૈયારી રાખવાની છે.

ચીન પર ભારતના આટલા વધુપડતા અવલંબન સામે વર્ષ ૨૦૧૩માં પહેલી વખત સરકાર તરફથી નોંધ લેવામાં આવી. એ સમયની મનમોહન સિંહ સરકારે આરોગ્ય સેવા ક્ષેત્રના નિષ્ણાત ડૉ. વિશ્વ મોહન કટોચના નેતૃત્વમાં એક સમિતિ બનાવી. સમિતિનો ઉદ્દેશ સ્પષ્ટ હતોઃ જીવનજરૂરી દવાના કાચા માલ માટે ચીન પરનું આપણું અવલંબન ઓછું કરવા પગલાં સૂચવવાનો.

અજિત દોવલે જે ચેતવણી ઉચ્ચારેલી એના મૂળમાં *કટોચ સમિતિ*નો રિપોર્ટ જ હતો. એ પછી સત્તા પર આવેલી મોદી સરકારે એક ટાસ્ક ફોર્સની રચના કરી. *કટોચ સમિતિ*ની ભલામણના અમલમાં ક્યાંક કચાશ રહી ગઈ હોય એમ લાગતું હતું એટલે આ ટાસ્ક ફોર્સે આપણી જરૂરતનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને કુલ ૫૩ *ઍક્ટિવ ફાર્માસ્યુટિકલ*

કેવી બીમારી... કઈ દવા?

ચીન ઉપરાંત ભારત પચાસ કરતાં વધુ દેશ પાસેથી પણ *ઍક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રિડિયન્ટ્સ* (એપીઆઈ) અને *ઈન્ટરમિડિયેટ્સ* આયાત કરે છે. મોટા ભાગની ઍન્ટિબાયોટિક દવા માટેની કાચી સામગ્રી આપણે ઈમ્પોર્ટ જ કરીએ છીએ. ગળા, કાન, છાતી, ફેફસાં, મગજ, આંતરડાં, ચામડી, વગેરેનાં ઈન્ફેક્શન માટેની દવાનો એમાં સમાવેશ છે. તાવ, સાંધાનો દુખાવો, કૅન્સર, એઇડ્સ, વગેરેની ઔષધિમાં લાગતાં દ્રવ્યો આપણા ઈમ્પોર્ટ લિસ્ટમાં છે. અરે, અમુક વિટામિનની ગોળી માટેનો કાચો માલ પણ વિદેશથી આવે છે.

ભારતમાં નાની-મોટી ૩૦૦૦ ફાર્મા કંપની છે, જે એનાં ૧૦,૦૦૦થી વધુ મૅન્યુફેક્ચરિંગ યુનિટ્સમાં અબજો રૂપિયાના મૂલ્યની દવા બનાવી એની નિકાસ કરે છે, પણ એ દવા માટેનો મોટા ભાગનો કાચો માલ આજેય આયાત થાય છે!



એલોપેથિક ઔષધિ બનાવતી વખતે નીકળતાં કેમિકલ્સને કારણે કેવું પ્રદૂષણ થાય છે એની સાબિતી આપતી આ તસવીરો આંધ્ર પ્રદેશસ્થિત દવા કંપનીની છે. ભારતમાં બલ્ક ડ્રગ્સ પાર્ક ઊભા થાય એમાં આ સમસ્યા નિવારવા સરકારે ખાસ ધ્યાન આપવું પડશે.

ઈન્ગ્રિડિયન્ટ્સ (એપીઆઈ) તથા *ઈન્ટરમિડિયેટ્સ*નું લિસ્ટ બનાવ્યું.

એનાં સૂચનોના આધારે કેન્દ્ર સરકારે હવે ઘરઆંગણે જ મોટા પાયે બલ્ક ડ્રગ્સ અને *ઈન્ટરમિડિયેટ્સ* કેમિકલ્સનું ઉત્પાદન શરૂ કરાવવા મહત્ત્વાકાંક્ષી યોજના બનાવી છે. ટાસ્ક ફોર્સના વડા અને કેન્દ્રના રસાયણ-રાસાયણિક ખાતર વિભાગના મંત્રી **મનસુખ માંડવિયા** *ચિત્રલેખા* સાથેની વાતચીતમાં કહે છે:

'એલોપેથિક દવા માટેનાં ઘટક દ્રવ્યો ભારતમાં જ બનતાં થાય એ માટે કેન્દ્ર સરકાર પહેલા તબક્કે દેશમાં ત્રણ બલ્ક ડ્રગ્સ પાર્ક ઊભા કરશે. ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં હોય એમ દેશની નાની-મોટી અનેક ફાર્મા કંપની અહીં એકસાથે એમનાં મૅન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપી શકશે. બલ્ક ડ્રગ્સ પાર્કને કારણે આજુબાજુના વિસ્તારોમાં પ્રદૂષણ ન ફેલાય એ માટે સરકાર પૂરતાં પગલાં લેશે. દરેક પાર્કમાં ડિસ્ટિલેશન પ્લાન્ટ અને એફ્લ્યુઅન્ટ્સ ટ્રીટમેન્ટ પ્લાન્ટ હશે. એ ઉપરાંત, ફાર્મા કંપનીઓએ પણ પોલ્યુશન કન્ટ્રોલ માટે યોગ્ય ટેક્નોલૉજી અપનાવવી પડશે. મૂળ વાત એ છે કે દવા જેવી પ્રાથમિક જરૂરત માટે કોઈના પર આટલો આધાર રાખવો ઉચિત નથી. આ બાબતમાં દેશ પગભર થાય એ અનિવાર્ય છે.'

દવા માટેની કાચી સામગ્રી ઉપરાંત અત્યારે આપણે કૅથેટર, સ્ટેન્ટ, હાર્ટ વાલ્વ, પેસમેકર જેવી મોટા ભાગની મેડિકલ ડિવાઈસિસ આયાત જ કરીએ છીએ. એમાં પણ ઈમ્પોર્ટેડનો હિસ્સો ૮૫ ટકા જેટલો ઊંચો છે. આ ભારણ ઓછું કરવાની નેમ સાથે સરકાર હવે ચાર મેડિકલ ડિવાઈસ પાર્ક પણ ઊભા કરવા ધારે છે.

મનસુખભાઈ માંડવિયાએ આપેલી માહિતી પ્રમાણે કેન્દ્ર પ્રાથમિક રોકાણ ઉપરાંત સ્થાનિક ઉત્પાદકોને થોડાં વર્ષ પ્રોત્સાહન રકમ આપવા સહિત કુલ ૧૪,૦૦૦ કરોડ રૂપિયા આ યોજના પાછળ ફાળવશે. ગુજરાત, આંધ્ર પ્રદેશ, તેલંગણ, તામિલનાડુ, આસામ, હિમાચલ જેવાં રાજ્યોએ આવા પાર્ક ઊભા કરવા રસ દાખવ્યો છે. જમીન, માળખાગત સુવિધા, કર્મચારીઓની ઉપલબ્ધતા, વગેરે મુદ્દા ધ્યાનમાં લઈ સરકાર કયા રાજ્યમાં પાર્ક શરૂ કરવા એનો નિર્ણય લેશે. સરકારની ધારણા છે કે આઠેક વર્ષમાં દેશ દવાનો કાચો માલ ઘરઆંગણે જ બનાવવાની બાબતમાં ઘણે અંશે આત્મનિર્ભર બની ગયો હશે.

દેશની ૨૪ અગ્રગણ્ય દવા ઉત્પાદક કંપનીના સંગઠન એવા *ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ*ના મહાસચિવ **સુદર્શન જૈન** *ચિત્રલેખા*ને કહે છે કે ચીનમાં બલ્ક ડ્રગ્સ તથા *ઈન્ટરમિડિયેટ્સ* કેમિકલ્સ બનાવતાં કારખાનાંને સરકારી સ્તરે એટલી આર્થિક મદદ મળે છે કે ત્યાં આ ચીજોનું ઉત્પાદન તદ્દન ઓછી કિંમતે થાય છે અને ઉત્પાદકો પ્રમાણમાં ઓછા ભાવે વેચે છે. આ ફાયદાને કારણે દેશની ફાર્મા કંપનીઓ ચીનથી આયાત કરે છે, પરંતુ હવે ભારત સરકાર પણ આવા લાભ અહીં આપવાની છે એટલે આવનારાં વર્ષોમાં આપણે એ અવલંબન ઓછું કરી શકીશું.

અલબત્ત, આ કામ એટલું સરળ નહીં હોય. *સીએસસી ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડિયા*ના **ચૈતન્ય શાહ** *ચિત્રલેખા*ને કહે છે કે કિંમત અને ગુણવત્તામાં આપણે સતત ચીનની સ્પર્ધા કરવી પડશે. છેલ્લાં ત્રીસેક વર્ષમાં ચીને આખી બજાર પર ગજબ પકડ જમાવી છે. ત્યાં ઉત્પાદકોએ ઝાઝો મજૂરીખર્ચ ઉઠાવવો પડતો નથી અને સરકાર ઉત્પાદન જાળવી રાખવા ભરપૂર મદદ આપે છે. ચીની ઉદ્યોગપતિઓ એમનો માલ વેચવામાં પણ બહુ આક્રમક નીતિ અપનાવે છે. આપણી ફાર્મા કંપનીઓએ ચીની ઉત્પાદકોને ટક્કર આપવા કિંમત સહિત અન્ય કેટલીક વ્યવહારુ સમસ્યા માટેય તૈયાર રહેવું પડશે.

દેશમાં અત્યારે ચીનવિરોધી વાતાવરણ જામ્યું છે એ હકીકત છે, પણ *સસ્તું* એ એક શબ્દ સાંભળીને આપણી માનસિકતા બદલાઈ જાય છે એ પણ હકીકત છે એટલે આ મોરચે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આપણી માનસિકતાની પણ કસોટી થવાની છે. ◻

feedback2hiren@chitralekha.com

શરીરને ઊર્જા આપતાં સાત ચક્રને સપોર્ટ કરતી રાખડી!

આવી છે અવનવી રાખડી...

‘કોરોના’ને કારણે આ વર્ષે રક્ષાબંધન કદાચ ફિક્કી રહે, પણ રાખડીની બજારમાં ખાસ્સી ચહલપહલ છે. ચીની માલના બહિષ્કારના રાષ્ટ્રીય મૂડને લીધે રાખડી બનાવતા દેશી હુન્નરબાજો ઉત્સાહમાં છે. ઘરે કંઈક સર્જન કરતી મહિલાઓથી માંડીને કુટિર ઉદ્યોગો પણ જાત-ભાતની રાખડી બનાવવામાં પડ્યા છે. એટલે જ આ વર્ષે વીરાને કાંડે શોભશે બાંબુ-વાંસની કળાત્મક રાખડી, ગોબર-ગોમૂત્રની હકારાત્મક ઊર્જાની રાખડી ને ઉપચારાત્મક શક્તિવાળી રાખડી.

ગોપાલ પંડ્યા (વડોદરા) । **સમીર પાલેજા** । **કેતન મિસ્ત્રી** (મુંબઈ)

દેશનાં અનેક શહેરમાં ઘણી મહિલા ઘરકામથી પરવારીને બપોરનો સમય કંઈક સર્જન કરવામાં વિતાવે છે. રાખડી તૈયાર કરવામાં આવી મહિલા કારીગરોનો ફાળો મોટો છે. દેશના લોકોએ ચાઈનાની વસ્તુનો બહિષ્કાર કર્યો છે ત્યારે આત્મનિર્ભર થવાની ઝુંબેશને વેગ આપવા

વડોદરાની અનેક મહિલાએ સ્વદેશી રાખડી તૈયાર કરવા માંડી છે.

વડોદરાનાં રિચા શાહ પાંચ વર્ષથી પોતાના ઘરે અલગ અલગ ડિઝાઈન અને મટીરિયલની સેંકડો રાખડી તૈયાર કરે છે. મોતી, રુદ્રાક્ષ, સુખડ, ગોળ-ચોરસ પેન્ડન્ટ, વગેરેની રાખડી તૈયાર કરવામાં એ કાબેલ છે. રાખડી માટેની સામગ્રી મુંબઈ અને અમદાવાદથી એ મગાવે છે.

રિચાબહેન *ચિત્રલેખા*ને કહે છે: 'રક્ષાબંધનના લગભગ ત્રણ મહિના પહેલાં હું રાખડી બનાવવાનો આરંભ કરું. એ માટે પ્રથમ ડિઝાઈન તૈયાર કરવાની. પછી સામગ્રી નક્કી કરું. રાખડી તો ગણતરીની મિનિટમાં તૈયાર થઈ જાય.'

પણ ખરા. સીઝનમાં રૂપિયા ૨૦૦ કરોડથી વધારેનો ધંધો થાય છે.

ઘડિયાળી પોળમાં *અમરજ્યોત* નામની ભવ્ય દુકાન ધરાવતા **મહેન્દ્રભાઈ પોહાની** *ચિત્રલેખા*ને કહે છે કે વડોદરાની રાખડી મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન સુધી પહોંચે છે. હોલસેલના વેપારીઓ ફેબ્રુઆરીથી રાખડી તૈયાર કરવાના કામમાં લાગી જાય. આ વર્ષે લૉકડાઉનને લીધે સામગ્રી સમયસર મળી નહીં ને મળી તો ઓછી મળી. પરિણામે હોલસેલના વેપારને માર પડ્યો છે. જો કે રિટેઈલ ધંધો જામ્યો છે. રક્ષાબંધનના અઠવાડિયા પહેલાં રિટેઈલમાં ધૂમ ખરીદી નીકળે છે.

આ સીઝનમાં હોલસેલરે ચાઈનાની રાખડીનો

વડોદરામાં આ રાજસ્થાની પ્રથા શરૂ થઈ છે. કેટલીક બહેનો પોતાનાં ભાઈ-ભાભી માટે મોંઘી અને એકસરખી દેખાતી રાખડી લઈ જાય છે. એ કપલ રાખડીની કિંમત રૂપિયા ૨૦૦થી માંડી રૂપિયા ૪૦૦ સુધીની હોય છે. આજના ભાઈઓ પોતાની બહેને બાંધેલી રાખડી દશેરા સુધી કાઢે બાંધી રાખે છે. એ જોતાં અમારે મજબૂત રાખડી તૈયાર કરાવવી પડે છે.

તૈયાર મોતી, રુદ્રાક્ષ, મણકા, પેન્ડન્ટ કે અન્ય મટીરિયલમાં દોરો પરોવીએ એટલે સુંદર રાખડી તૈયાર થઈ જાય. સાદી રાખડી તો બે-ત્રણ મિનિટમાં તૈયાર કરી શકાય. એ માટે એકાગ્રતા, તેજ નજર અને અવનવી ડિઝાઈન મનમાં સ્ફૂરતી રહે એ જરૂરી છે. વડોદરાની મૈત્રી પરીખ અને

ખાણી-પીણીના વિવિધ શેપવાળી રાખડી ઉપરાંત ભાઈ-ભાભીને સાથે બાંધવાની થતી કપલ રાખડીઓ પણ આ વખતે બજારમાં છે.

રાખડી બનાવવાની શરૂઆત કરી ત્યારે રિચાબહેન રાખડીઓનું પ્રદર્શન યોજતાં, જેમાં સુંદર પ્રતિસાદ મળતો અને અનેક લોકો એમની રાખડીના કાયમી ગ્રાહક થઈ જતા. આ વર્ષે *કોરોના*ને કારણે પ્રદર્શન રાખવાનું શક્ય બન્યું નહીં. જો કે જૂના ગ્રાહકો સામેથી રાખડીનો ઑર્ડર આપે છે.

રિચાબહેન ઉમેરે છે કે સાદી રાખડીથી માંડી જડતરવાળી કળાત્મક રાખડીઓ હું તૈયાર રાખું છું. સામાન્ય રાખડી રૂપિયા દસની અને આકર્ષક રાખડી રૂપિયા ૨૫૦ની હોવા છતાં આસાનીથી વેચાઈ જાય છે.

રિચા શાહે ઝૂંપડપટ્ટીની ૨૫-૩૦ મહિલાને પણ રાખડી તૈયાર કરવાની તાલીમ આપી છે. ડિઝાઈન અને મટીરિયલ પણ રિચાબહેન આપે. રાખડી તૈયાર થાય એટલે મજૂરી ચૂકવી દે.

એકલા વડોદરામાં જ રાખડીના ૨૦૦ જેટલા હોલસેલ વેપારી છે. ૫૦૦થી વધારે નાના વેપારીઓ

બહિષ્કાર કર્યો છે. ગ્રાહકો પણ કહે છે કે ચાઈનાની રાખડી આપશો નહીં. એક સિંધી વેપારી કહે છે કે ગયા વર્ષ સુધી ચાઈનાની રાખડીની બોલબાલા હતી. વધુ નફો રળવા વેપારીઓ જથ્થાબંધ માલ મગાવતા. ગયા વર્ષની જથ્થાબંધ રાખડી પડી હોય એ વેપારી નાનાં ગામના દુકાનદારોને ચાઈનાનો માલ પધરાવી દે છે. ગયા વર્ષની ચાઈનાની રાખડી સસ્તી હોવાથી નાના દુકાનદાર હોંશે હોંશે એ ખરીદી લે છે.

આ વર્ષે ચાઈનાથી કાર્ટૂન કૅરેક્ટરવાળી રાખડી આવી નથી એટલે વડોદરાનાં ગુંજન પંડ્યાએ *બાળહનુમાન* અને *છોટા ભીમ*ની રાખડીઓ તૈયાર કરી છે. ગુંજનબહેન પાંચ-છ વર્ષથી ઘરે રાખડી બનાવીને વેચે છે. સાથે ભાઈ-ભાભીની ભેગી રાખડીનું પૅકેટ તૈયાર કરે છે. **ગુંજનબહેન** કહે છે કે રાજસ્થાનમાં કેટલીક જ્ઞાતિમાં બહેન પોતાના ભાઈ સાથે ભાભીને પણ રાખડી બાંધે છે. પાંચેક વર્ષથી

મૃગાક્ષી શાહ એક જ પરિવારની મહિલા છે. એ બન્ને બપોરના સમયે પોતાના ઘરમાં અવનવી રાખડી તૈયાર કરી વેચે છે. રાખડી બનાવતી આવી અનેક મહિલા કારીગર ત્રણ મહિનાની મહેનતના અંતે ઠીક ઠીક કમાણી કરી લે છે.

બીજી તરફ, મુંબઈમાં વાંસ કે બાંબુની રાખડી ખૂબ લોકપ્રિય થઈ રહી છે. આવી રાખડી પહેલી વાર પાંચેક વર્ષ પહેલાં આવી. મૂળ તો દેશી કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપતા સમાજસેવક કુલીન મણિયાર મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત જિલ્લા ગઢચિરોલીની મુલાકાતે ગયેલા. ત્યાં એમને બાંબુ સ્પેશિયાલિસ્ટ સુનીલ દેશમુખ સાથે ઓળખાણ થઈ ને વાતચીતમાં ખબર પડી કે વાઘ માટે પ્રસિદ્ધ મેલઘાટ તાલુકાના આદિવાસીઓ બાંબુમાંથી જાતજાતની કળાત્મક વસ્તુ બનાવે છે રાખડી સુદ્ધાં.

કુલીન મણિયાર *ચિત્રલેખા*ને કહે છે: 'વર્ષોથી મને થતું કે આપણો પવિત્ર તહેવાર રક્ષાબંધન, પણ

આ રાખડી બહેનની રક્ષા કરવા આપશે ભાઈને ઊર્જા

ગાયના છાણમાંથી ઘડિયાળ, તોરણ, વૉલપીસ, ટેબલ ક્લૉક, કૂંડાં સહિત અવનવી વસ્તુઓ બનાવવાની ગોબર ક્રાફ્ટકળાએ કચ્છને દેશ-વિદેશમાં નામ અપાવ્યું છે. હવે કચ્છના કુકમાસ્થિત *રામકૃષ્ણ ટ્રસ્ટ* દ્વારા ગાયના ગોબર એટલે કે છાણમાંથી જૈવિક રાખડી બનાવવામાં આવી છે.

*કુકમા રામકૃષ્ણ ટ્રસ્ટ*ના મૅનેજિંગ ટ્રસ્ટી **મનોજ સોલંકી** *ચિત્રલેખા*ને કહે છે કે ગાયના છાણની રાખડી બહેન વીરાના કાંડે બાંધશે એટલે વીરલાના કાંડામાં બહેનની રક્ષા કરવાનું કૌવત આવશે, કારણ કે ગાયના છાણમાં હકારાત્મક ઊર્જા હોય છે એ તથ્ય વૈજ્ઞાનિક રીતે પુરવાર થઈ ચૂક્યું છે. આ નવતર પ્રયોગ પાછળ ઊર્જાદાયી ગાયના છાણનો ઉપયોગ વધુ કરવાની જનજાગૃતિ લાવવાનો આશય છે. છેલ્લાં ત્રણ વર્ષથી આ રીતે ગાયના છાણમાંથી રાખડી બનાવવામાં આવે છે અને લોકો તરફથી એને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. પ્રથમ વર્ષે ૨૦૦૦, ગયા વર્ષે ૪૦૦૦ અને આ વર્ષે ૫૦૦૦ જેટલી રાખડી બનાવવામાં આવી રહી છે. ગોબરની આ રાખડી અમદાવાદ, સુરત, આણંદ સહિત ગુજરાત ઉપરાંત મુંબઈ સુધી પણ પહોંચી છે.

કુદરતના ખોળે વિકસાવાયેલા પ્રાકૃતિક પરિસરમાં ત્રણથી ચાર લોકો સતત બે મહિનાથી

મનોજ સોલંકી: છાણની રાખડી વીરાને ઊર્જા તો આપશે જ, પણ માટીમાં એનું વિસર્જન કરતાં એમાંથી તુલસી ઊગી નીકળશે.

રાત-દિવસ કામ કરીને છાણ અને ગૌમૂત્રમાંથી *સંજીવની રાખડી* બનાવી રહ્યા છે.

મનોજભાઈ એની બનાવટ વિશે કહે છે કે ૯૫ ટકા છાણ અને બંધારણ માટે પાંચ ટકા ગવાર ગમનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં હળદર ઉમેરી છે અને કપડાની પટ્ટી તથા દોરા સાથે અવનવી ડિઝાઈન આપવા રસાયણમુક્ત રંગનો ઉપયોગ કરવામાં આવે છે. લોકોની માગ પ્રમાણે રાખડીમાં તુલસીના માંજર પણ ભેળવવામાં આવે છે, જેથી રાખડીનું વિસર્જન માટીમાં કરો ત્યારે એમાંથી તુલસીજી ઊગી નીકળે છે. આ ઉપરાંત, વિસર્જન બાદ આ રાખડીને ખાતર રૂપે પણ ઉપયોગમાં લઈ શકાય છે.

□ **જિતેન્દ્ર રાદડિયા** (કુકમા-કચ્છ)

એમાં આપણે આર્ટિફિશિયલ મટીરિયલમાંથી બનાવેલી રાખડીનો ઉપયોગ કરીને કેટલું પ્રદૂષણ વધારીએ છે. બસ, એ વિચારથી મેલઘાટમાં બનેલી બાંબુની રાખડીઓ મુંબઈ લાવવાનું સાહસ કરેલું.'

કુલીનભાઈ ઉમેરે છે કે બાંબુની છાલ ઉતારીને એને ફોલ્ડ-મોલ્ડ કરીને આદિવાસીઓ રાખડી બનાવે છે. એક જ પીસમાં સાંધા વિનાની રાખડી બને છે. અગાઉ એમાં રંગ નાખતા હતા, પણ હવે વેલ્વેટથી સુશોભન કરે છે. વિશેષતા એ કે બાંબુમાં ફોટોકેમિકલ્સ હોય છે, જે શરીરને બૅક્ટેરિયા અને વાઇરસ સામે બચાવે છે.

આ વખતે લૉકડાઉનને કારણે મેલઘાટના કારીગરોએ મોટી સંખ્યામાં રાખડી બનાવી નથી એટલે કુલીનભાઈ સ્થાપિત એનજીઓ *ભવ્યતા ફાઉન્ડેશને* ચંદ્રપુરથી વાંસની રાખડી મગાવી છે. કિંમત ૧૫થી ૩૦ રૂપિયા સુધીની આ રાખડીઓમાં કાંડે બાંધવા માટે કૉટનનો દોરો છે. અમુક રાખડીમાં દોરો પણ બાંબુની વચ્ચેથી પસાર કર્યો છે. આ રાખડીનું વિસર્જન સીધું કમ્પોસ્ટમાં કરી શકાય.

ગામડાંના કારીગરોને ઉત્તેજન આપવા માટે *ભવ્યતા ફાઉન્ડેશન* એના સભ્યોને હોળીના રસાયણમુક્ત રંગો, રક્ષાબંધનની રાખડી અને દિવાળીનાં તોરણ ગિફ્ટમાં આપે છે. આ વર્ષે વાંસની ત્રણેક હજાર રાખડીના વેચાણનું લક્ષ્ય છે.

કુલીન મણિયાર ઉમેરે છે કે હવે દિવાળીમાં દીવડા અને વાંસનાં તોરણ ઝારખંડના આદિવાસીઓ પાસેથી લાવીશું. *ભવ્યતા ફાઉન્ડેશન* મુંબઈ નજીકના આદિવાસી-પછાત ગણાતા વિક્રમગઢ તાલુકામાં બાંબુના પ્લાન્ટેશન માટે ખેડૂતોને ઉત્તેજન અને સ્પૉન્સરશિપ પણ આપે છે.

વિક્રમગઢમાં પણ વાંસની રાખડી બનાવવાનો કુટિર ઉદ્યોગ આજકાલ જોરમાં ચાલે છે. આ કામ *આરએસએસ*ની એક પેટા સંસ્થા *કેશવ સૃષ્ટિ* સ્થાનિક મહિલાઓ પાસે કરાવે છે. આ સંસ્થાએ છેલ્લાં ત્રણ વર્ષથી વિક્રમગઢ, જવાહર, મોખાડા અને વાડા જેવા આદિવાસી તાલુકાનાં ૭૫ ગામને ૨૦૨૨ સુધી આત્મનિર્ભર બનાવવા માટે દત્તક લીધાં છે. એમાં જાતજાતના કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આ યોજનાના એક પદાધિકારી **મુકેશ પાધ્યા** *ચિત્રલેખા*ને કહે છે કે ગૌરવ શ્રીવાસ્તવ નામના અમારા કાર્યકરે ટેટવાલી ગામના લોકો સાથે ચર્ચા

કરીને ત્રીસથી વધુ મહિલાને બાંબુની કળાત્મક વસ્તુઓ બનાવવા તૈયાર કરી એક શિક્ષકની વ્યવસ્થા કરી. એમની પ્રોડક્ટ ચપોચપ વેચાવા માંડી. પછી ૧૦ ગામમાં ૩૦૦ મહિલા તૈયાર થઈ. બાંબુની ૧૦૦થી વધુ પ્રોડક્ટ આ ૧૦ ગામમાં બને છે. આ વર્ષે એમણે પચાસ હજાર રાખડી બાંબુની બનાવી છે. અમે સોશિયલ મિડિયા થકી માર્કેટિંગમાં મદદ કરીએ છીએ. *સ્પીડ પોસ્ટ* થકી રાખડી દેશભરમાં મોકલીએ છીએ. ૩૦૦ મહિલાને રાખડી થકી સાત-આઠ લાખ રૂપિયાની આવક થવાની ધારણા છે.

મુકેશભાઈ ઉમેરે છે કે દરેક મહિલાએ પોતાની પાંચ-છ ડિઝાઈન બનાવી છે એટલે દોઢ-બે હજાર જુદી ડિઝાઈન બની છે. આવતા વર્ષે પાંચથી દસ લાખ રાખડીનો ટાર્ગેટ અમે રાખ્યો છે.

'કોરોના' કાળમાં કામ આવે એવી રાખડી!

૨૦૨૦ની રક્ષાબંધન પર *કોવિડ-૧૯*નો ઓછાયો છે. લોકો તન-મન ઉપરાંત ધનથી પણ ભાંગી ગયા છે. સૌને ખોજ છે કશાક વૈકલ્પિક મલમની, જે તન સાથે મનના ઘાવ રૂઝાવે-એનો ઉપચાર કરે.

કદાચ આ જ ધ્યાનમાં રાખીને મુંબઈના **ઝરવાન બાપુના**ની વેલનેસ કંપની *નોવી કે' ક્વાર્ટ્ઝે* બહેનો માટે ઉપચારાત્મક ઊર્જાવાળી રાખડીઓ બજારમાં મૂકી છે, જે એમના ભાઈને સદા ઊર્જાવાન રાખશે... આ રાખડીઓ શરીરનાં સાત ચક્રને સપોર્ટ કરે છે.

માનવશરીરમાં ઊર્જાનાં સાત કેન્દ્ર હોય છે, જેને *ચક્ર* તરીકે ઓળખવામાં આવે છે. આપણા શરીરમાંથી નેગેટિવ (નક્કામી) ઊર્જાને બહાર ફેંકી રોમરોમમાં સારી (પોઝિટિવ) ઊર્જા સંઘરવાની પ્રક્રિયા આ ચક્રના માધ્યમથી થાય છે. આમ તો માનવશરીરમાં ૧૧૨ ચક્ર હોય છે, પણ આદિયોગી શિવે ૧૧૨ ચક્રને સાત વર્ગમાં વહેંચીને સપ્ત ઋષિને દીક્ષિત કર્યા હતા, જેને લીધે સાત ચક્રનું મહત્ત્વ વધારે છે. દરેક ચક્રનું પોતાનું આગવું માહાત્મ્ય છે. *આધાર-સ્વાધિષ્ઠાન-મણિપુર-અનાહત-વિશુદ્ધ-આજ્ઞા* અને *અજરામર* અથવા *બ્રહ્મરંધ્ર* અથવા *સહસ્રદળ* તરીકે ઓળખાતાં આ સાત ચક્રને સપોર્ટ કરતી રાખડી બનાવવાનો આઈડિયા ખરેખર નવીનતમ છે. આમાં પાછી સેવન ચક્ર ચાઈમ્સવાળી રાખડી પણ છે, જેમાંથી સંગીતની સુરાવલીઓ વહે છે. વળી, આ રાખડી ચાહો તો એક્સેસરી તરીકે રક્ષાબંધન પછી પણ લાંબો સમય પહેરી શકાય. સ્ફટિક (ક્રિસ્ટલ, ક્વાર્ટ્ઝ, અગેટા) શ્વેત કીમતી પથ્થર ચકમક અકીકમાંથી બનાવવામાં આવે છે.

રાખડી ઉપરાંત ઝરવાન બાવાએ ક્રિસ્ટલ, ક્વાર્ટ્ઝ, અગેટા, વગેરેમાંથી બનેલી ગિફ્ટ આઈટેમ્સ પણ બહાર પાડી છે, જે ભાઈ-બહેન એકમેકને ભેટ આપી શકે. એમના કહેવા મુજબ આ રાખડીઓ ભારતભરમાં કોઈ પણ સ્થળે પહોંચાડવામાં આવશે.

(જો રસ પડ્યો હોય તો *ફેસબુક* પર Novie K' qartzનું પેજ વિઝિટ કરો.)

આપણે જાણીએ જ છીએ કે સાડા ત્રણ મહિનાના લૉકડાઉનમાં ઘેરબેઠાં સર્વપ્રિય પ્રવૃત્તિ જો કોઈ હોય તો એ છે ખાણી-પીણી. કોઈએ રસોઈ બનાવતાં શીખી લીધું તો સ્વયંપાકશાસ્ત્ર જાણનારા અમુક ઉત્સાહીએ નવી નવી વાનગી પર હાથ અજમાવ્યો.

આવો, મળીએ મુંબઈની જ્યોતિ ભંડારીને, જેણે વાનગી પર હાથ અજમાવ્યો, પણ જરા જુદી રીતે. જ્યોતિએ વિવિધ વાનગી-આધારિત રાખડીઓ બનાવી છે, જે આજકાલ *વ્હૉટ્સઍપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ* પર વાઈરલ થઈ છે. *આવી રાખડી બનાવવાનો આઈડિયા કેવી રીતે આવ્યો?* એના જવાબમાં **જ્યોતિ ભંડારી** કહે છે:

'લૉકડાઉનને લીધે મુંબઈ ઉપરાંત દેશના વિવિધ પ્રાંતના લોકો ઈટિંગ-આઉટ મિસ કરે છે, બહાર જઈને ચટાકેદાર ખાણી-પીણી મિસ કરે છે તો એ ધ્યાનમાં રાખીને મેં પાણીપૂરી-પાંઉભાજી-

મહારાષ્ટ્રના મેલઘાટ, ચંદ્રપુર અને વિક્રમગઢ જેવા વિસ્તારની આદિવાસી બહેનો વાંસની કળાત્મક રાખડીઓ બનાવીને સમ્માનજનક આવક મેળવે છે.

કુલીન મણિયાર: ભારતને આત્મનિર્ભર બનાવવા તહેવારોમાં દેશી પ્રોડક્ટ ખરીદવી જરૂરી.

ગુંજન પંડ્યા: રાજસ્થાનની જેમ હવે ગુજરાતમાં પણ ભાઈ-ભાભીની રાખડી લોકપ્રિય બની છે.

જ્યોતિ ભંડારી: ખાસ પ્રકારની માટીમાંથી એક રાખડી બનાવતાં અડધો-પોણો કલાક લાગે છે.

મહેન્દ્ર પોહાની: ગયા વર્ષની ચીનની રાખડીઓ નાના દુકાનદારો સસ્તામાં ખરીદી લે છે.

વડાપાંઉ-ઢોસા, વગેરેનાં ચિહ્નવાળી રાખડી તૈયાર કરી...'

આસામથી લઈને વિશાખાપટ્ટનમ્ અને ગુજરાતથી નોઈડા પહોંચેલી જ્યોતિએ હવે કસ્ટમાઈઝ રાખડીઓ બનાવવાનું પણ શરૂ કર્યું છે. મતલબ એ કે તમે કહો એ વાનગી કે વાનગીની સાથે નામવાળી રાખડીઓ બનાવે છે. નવાઈની વાત એ છે કે જ્યોતિ પોતે તો જ્વેલરીના બિઝનેસમાં છે, પણ લૉકડાઉનને લીધે એ બિઝનેસ હાલપૂરતો ઠપ્પ થઈ જતાં છેલ્લા એકાદ-બે મહિનામાં જ એણે આ કળા હસ્તગત કરી રાખડી બનાવવાની શરૂઆત કરી ને લો, જે ઈસ્ટન્ટ હિટ નીવડી. તમામ રાખડી પોર્સેલીન ક્લે (ઝટ સુકાઈ જતી માટી)માંથી હાથબનાવટની છે અને ક્યાંય કોઈ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી. એક રાખડી બનાવતાં કમ સે કમ અડધો-પોણો કલાક લાગી જાય છે. ૧૦૦ રૂપિયાથી શરૂ થાય છે ને કસ્ટમાઈઝ રાખડી ૨૫૦ રૂપિયા સુધીમાં વેચાય છે. *(ફેસબુક પેજ વિઝિટ કરો: Daagina.)*

બાય ધ વે, રક્ષાબંધનને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. લોકોએ રાખડી ખરીદવાનો આરંભ કરી દીધો છે. જો કે જેમનો ભાઈ કે બહેનનું ઘર રેડ ઝોનમાં હોય ત્યારે ભાઈ-બહેને રક્ષાબંધન રૂબરૂમાં કઈ રીતે મનાવવી એ અંગે સરકારે કોઈ ગાઈડલાઈન જાહેર કરી નથી. ☐

પૂરક તસવીરો: **ચિરાગ ભટ્ટ**

માઈલસ્ટોન

☐ મહાન ચિત્રકાર પાબ્લો પિકાસોનાં ચિત્રોની જેટલી ચોરી થઈ છે એટલી બીજા કોઈ ચિત્રકારનાં ચિત્રોની નથી થઈ.

☐ અવકાશવિજ્ઞાનીઓએ પૃથ્વીથી માત્ર ૧૦૦૦ પ્રકાશવર્ષ દૂર એક બ્લૅક હોલ શોધી કાઢ્યો છે.

☐ સૈન્યમાં ભારે વજનના માલસામાનની હેરફેર માટે અમેરિકા રોબોટિક ઘોડા બનાવી રહ્યું છે.

☐ લોસ એન્જલિસમાં આવેલી *ટાઈમ ટ્રાવેલ માર્ટ*માં માત્ર એવી સામગ્રી મળે છે, જે તમે ટાઈમ ટ્રાવેલ કરવાના હો તો કામમાં આવે.

☐ *બ્રાઉન રેટ્સ* નામની ઉંદરની પ્રજાતિનાં માત્ર એક નર-માદા ઉંદરની જોડ બચી હોય તો પણ ૧૮ મહિનામાં એ ઉંદરો દસ લાખ થઈ જઈ શકે છે.

☐ માણસના શરીર પરથી દર વર્ષે ચાર કિલો જેટલી ચામડી ખરી જાય છે.

☐ દુનિયામાં સૌથી વધુ જંગલી ઊંટની વસતિ ઑસ્ટ્રેલિયામાં છે, જે આશરે સાડા સાત લાખથી વધુ છે.

☐ યુક્રેનની નૌસેના દરિયાઈ યુદ્ધ માટે ડૉલ્ફિન્સને પણ તાલીમ આપી તૈયાર રાખે છે.

હવે કેદીઓ પણ ભણે છે... ઑનલાઈન!

‘કોરોના’ની મહામારીને લઈને દેશભરમાં મોટા ભાગની સ્કૂલો ઑનલાઈન શિક્ષણ આપી રહી છે. અમુક ગરીબ વિદ્યાર્થીઓ લૅપટૉપ કે સ્માર્ટફોનના અભાવે ઑનલાઈન શિક્ષણ લઈ શકતા નથી. એની સરખામણીએ સુરતની ‘લાજપોર’ જેલના કેદીઓને ઑનલાઈન શિક્ષણ મળે એવી જેલ પ્રશાસન તરફથી ગોઠવણ થઈ છે. આ કદાચ ગુજરાત અને દેશની એકમાત્ર જેલ છે, જ્યાં કેદીઓને આ આધુનિક પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

દેવાંશુ દેસાઈ (સુરત)

સુરતની ગણતરી આજે ભારતના સૌથી સમૃદ્ધ અને ચોખ્ખા શહેર તરીકે થાય છે. વિકાસની વાત આવે ત્યારે સુરતના નામે કોઈ ને કોઈ રેકૉર્ડ બનતા જ રહે છે.

તાજેતરમાં સુરતની *લાજપોર સેન્ટ્રલ* જેલમાં એક નોંધનીય ઘટના ઘટી. અહીંના કેદીઓને ઑનલાઈન શિક્ષણ આપવાની શરૂઆત થઈ. ગુજરાતમાં ૨૮ જેલ છે. આ બધામાં સુરતની જેલમાં સૌપ્રથમ કેદીઓને ઑનલાઈન શિક્ષણ આપવાની શરૂઆત થઈ છે.

*કોરોના*ની મહામારી દરમિયાન કદાચ ભારતભરમાં સુરતની *લાજપોર* એકમાત્ર જેલ હશે, જ્યાં કેદીઓને ઑનલાઈન શિક્ષણ આપવાની શરૂઆત થઈ ચૂકી છે. તાજેતરમાં *ચિત્રલેખા*ના અંક (ડિજિટલ આવૃત્તિ: ૧૩ જુલાઈ, ૨૦૨૦)માં ગુજરાતની *આશ્રમ શાળા*માં ભણતાં આદિવાસીઓનાં લગભગ એક લાખ બાળકો-વિદ્યાર્થીઓ ઑનલાઈન શિક્ષણના અભાવમાં એમનાં ભાવિને કઈ રીતે અંધકારમય બનાવી શકે એ વિશે લેખ તમે વાંચ્યો હશે. એનાથી વિરુદ્ધ પોતાના જીવનમાં કોઈ ને કોઈ અપરાધની સજાના ભાગ રૂપે કેદી બનીને લાજપોરની જેલમાં સજા કાપતા આ કેદીઓ ખરેખર નસીબદાર કહેવાય. ગયા વર્ષે સમગ્ર ગુજરાતમાં લાજપોરની જેલમાં બેસીને દસમા-બારમા ધોરણની પરીક્ષા આપનારા કેદીઓનું સો ટકા પરિણામ આવ્યું હતું. આ પણ એક અલગ રેકૉર્ડ હતો.

અભ્યાસ પ્રત્યેની એમની નિષ્ઠા જોઈને આ વર્ષે સુરતના જાણીતા *પી. પી. સવાણી ગ્રુપ*ના મહેશભાઈ સવાણી દ્વારા કેદીઓ માટે ખાસ ઑનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. આ જેલના જેલ અધીક્ષક **મનોજ નિનામા** *ચિત્રલેખા*ને કહે છે કે ગયા વર્ષે *કોરોના* નહોતો એ સમયે સચીનની *એલડી હાઈ સ્કૂલ*ના શિક્ષકો અહીં કેદીઓને ભણાવવા આવતા હતા. ગયા વર્ષની પરીક્ષામાં સો ટકા રિઝલ્ટ મેળવીને સો ટકા સફળતાની પ્રાપ્તિ પણ થઈ. જો કે આ વર્ષે *કોરોના*ને લઈને બધી સ્કૂલો જ બંધ છે ત્યારે આ કેદીઓને કોણ ભણાવવા આવે?

*લાજપોર મધ્યસ્થ જેલ*ના બંદીવાનો માટે ઑનલાઈન શિક્ષણથી લઈને વિવિધ પ્રવૃત્તિઓ થકી જેલમાં એક નવી જ જિંદગીનું ઘડતર કરવાનો શ્રેય જેલ અધીક્ષક મનોજ નિનામાને જાય છે. સુરતથી નવસારી જતાં વચ્ચે આવતા લાજપોર ગામ નજીક ૨૦૧૨માં બંધાયેલી નવી જેલમાં ૩૦૦૦ કેદીઓને રાખવાની ક્ષમતા છે. હાલમાં અહીં અઢી હજારથી વધુ કેદીઓને રાખવામાં આવ્યા છે.

જેલ સુપરિન્ટેન્ડેન્ટ મનોજભાઈ કહે છે કે ગયા વર્ષે બોર્ડની એક્ઝામનું સો ટકા પરિણામ આવ્યું. ગુજરાતની જેલ તો ઠીક, સ્કૂલમાં પણ સો ટકા

જેલ અધીક્ષક મનોજ નિનામા

બંદીવાનોનાં ઑનલાઈન શિક્ષણ માટે વિશેષ સહયોગ મહેશભાઈ સવાણીએ આપ્યો...

જલદી રિઝલ્ટ આવતું નથી. એવા સમયે અમને થયું કે જો આ કેદીઓ પર હજી વધારે મહેનત કરવામાં આવે તો આવતા વર્ષે પણ વધુ સારું પરિણામ પ્રાપ્ત થાય. દુર્ભાગ્યવશ કોરોનાને કારણે ભારતભરમાં સ્કૂલો બંધ છે ને ઑનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે ત્યારે થયું કે જો અહીં પણ ઑનલાઈન શિક્ષણ આપવામાં આવે તો... ઑનલાઈન શિક્ષણ માટે ટીવી અને કમ્પ્યુટર જોઈએ, જેની સગવડ અમારે ત્યાં હતી, પણ *ઑનલાઈન શિક્ષણ કોણ આપે?* ગયા વર્ષે સચીન વિસ્તારની *એલડી હાઈ સ્કૂલ*ના પ્રિન્સિપાલ નીલેશભાઈ જોશી અને સ્ટાફના શિક્ષકો અહીં આવીને કેદીને ભણાવતા હતા. થોડા મહિના પહેલાં સુરતની *પી.પી. સવાણી સ્કૂલ અને હૉસ્પિટલ*ની વિઝિટે ગયો હતો. એ સમયે મહેશભાઈ સવાણીને જાણ કરી કે *અમારે ત્યાં બોર્ડનું સો ટકા રિઝલ્ટ આવ્યું છે...* એ જાણીને મહેશભાઈએ કહ્યું કે *મારે લાયક શિક્ષણને લગતું કંઈ પણ કામ હોય તો કહેજો.* મેં એમને ઑનલાઈન શિક્ષણસંબંધી મદદરૂપ થવાની વાત કરી. એમણે તુરંત હા પાડી.

પરિણામે *પી.પી. સવાણી ગ્રુપ*ના સહયોગથી ૮ જુલાઈના રોજ *લાજપોર* જેલની અંદર દસમા-બારમા ધોરણના વિદ્યાર્થીઓ માટે ઑનલાઈન શિક્ષણ શરૂ થયું.

બીજી રસપ્રદ વાત કરતાં મનોજભાઈ કહે છે: 'મારે આ જેલને એક આદર્શ જેલ બનાવવી છે. બંદીવાનો માટે બને ત્યાં સુધી હું કેદી શબ્દ બોલવાનું પણ ટાળું છું. કોર્ટના કહેવા પ્રમાણે અમે એમને સાચવીએ એટલે કે કેદીઓના અમે તો કસ્ટોડિયન-વાલી છીએ. આ બંદીવાનો પણ વિદ્યાર્થીઓ છે. એમને કહું છું કે *તમે એમ જ સમજો કે તમે અત્યારે હૉસ્ટેલમાં રહો છો અને તમે જ્યાં ભણો એ ક્લાસરૂમ તમારી સ્કૂલ છે.*'

આ વર્ષે આવેલા રિઝલ્ટમાં એક બંદીવાનને ૭૫ ટકાથી વધારે માર્ક્સ મળ્યા છે. આ વર્ષે દસમા ધોરણમાં ૬૨ વિદ્યાર્થી, જ્યારે ૧૮ વિદ્યાર્થી ૧૨મા ધોરણની પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા છે. મતલબ, અહીંની જેલમાં ૮૦ બંદીવાનો બોર્ડની પરીક્ષા માટે ઑનલાઈન શિક્ષણ લઈ રહ્યા છે.

લાજપોર જેલમાં દસમા ધોરણની પરીક્ષા માટે તૈયારી કરતા **જિતેન્દ્રકુમાર મૌર્ય** નામના કેદીને *ચિત્રલેખા*એ પૂછ્યું કે *ઑનલાઈન અભ્યાસ કરવામાં આનંદ આવે છે? ભણીને આગળ શું કરવું છે?*

જવાબમાં એ કહે છે: 'હા, અમને ઑનલાઈન અભ્યાસ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. ભણીને મારે મોટા ફૅશન ડિઝાઈનર બનવું છે. પોતાના વ્યવસાયમાં સફળ થઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ બનીને સમાજ-કુટુંબ માટે ફરજ નિભાવવી છે.'

એ જ પ્રમાણે **દિનેશ રૉય** નામના કેદીને પૂછ્યું કે *તમને જેલમાં ઑનલાઈન શિક્ષણ મળશે એવું વિચાર્યું હતું?*

જવાબમાં દિનેશબાબુ કહે: 'જેલની ચાર દીવાલમાં અમને ઑનલાઈન શિક્ષણ મળશે એવું તો સપનામાં પણ વિચાર્યું નહોતું. ઑનલાઈન શિક્ષણના એક નહીં, અનેક ફાયદા છે. મૂંઝવણભર્યા પ્રશ્નોનાં અમને અહીં તત્કાળ નિરાકરણ મળે છે. ગણિત કે વિજ્ઞાન જેવા વિષયના જટિલ પ્રશ્નો સંબંધી વિદ્વાન શિક્ષકો તરફથી પૂરતું માર્ગદર્શન મળી રહે છે અને અમારા જેવા બંદીવાનો માટે જેલ પ્રશાસન તેમ જ *પી.પી. સવાણી* જેવી સંસ્થાના શિક્ષકો આટલી મહેનત કરે છે એ જાણીને હૂંફ મળે છે કે અમે એકલા નથી, પણ સમાજના જાણીતા લોકોય અમારા માટે રસ લઈ રહ્યા છે...'

લાજપોર જેલમાં કેદીઓને ભણાવતા શિક્ષક **દેવાંગ દંડલ** કહે છે: 'ગયા વર્ષે અમે કેદીઓને ભણાવ્યા અને ૧૦૦ ટકા રિઝલ્ટ મળ્યું હતું. આ વર્ષે પણ અમે કોઈ કસર નહીં છોડીએ.'

જેલ સુપરિન્ટેન્ડેન્ટ મનોજ નિનામાએ ઑનલાઈન શિક્ષણ ઉપરાંત અન્ય બંદીવાનો માટે દિલ્હીની તિહાર જેલની જેમ જાતજાતના વિવિધ કોર્સ શરૂ કર્યા છે.

મહેશભાઈ સવાણી કહે છે કે ઑનલાઈન શિક્ષણ માટે સહયોગ આપવાનું મુખ્ય કારણ એ જ કે અહીં ચાર દીવાલમાં બંધ બંદીવાનોનાં માનસપટલ પર હકારાત્મક વિચારો ઉદ્ભવે અને સજા પૂરી થયા બાદ પોતાના સમાજમાં એ પાછા ફરે ત્યારે માનભેર પોતાની જિંદગી જીવી શકે-સ્વમાનભેર જીવનનિર્વાહ ચલાવી શકે.

શું કોરોના સામે કારગત નીવડશે વેલ્થ ટૅક્સ?

દુનિયાના અમુક ધનાઢ્યો ઇચ્છે છે કે એમની પર સરકારે વધુ ટૅક્સ લાદવો જોઇએ. ખાસ કરીને વિવિધ દેશની સરકાર 'કોરોના' સંકટ સામે આર્થિક મોરચે મોટો જંગ લડી રહી છે ત્યારે અઢળક સંપત્તિ ધરાવતા લોકો એમના રડાર પર સૌથી પહેલાં હોવા જોઇએ.

સુનીલ મેવાડા (અમદાવાદ)

એક ઈન્ટરવ્યૂની ઝાંખી...

સરકારે અમારી પાસેથી વધારે ટૅક્સ વસૂલવો જોઈએ... સરકાર ઈચ્છે તો મેડિકલ અને પ્રાથમિક સેવાનાં બિલ અમે ભરી શકીએ...

– આની સામે આવેલા પ્રતિભાવોમાંથી માત્ર એક: *અરે બહેન, તમારી મરજી થાય ત્યારે ચેક લખીને સરકારને (કે ગરીબોને, સેવાભાવી સંસ્થાને) મોકલી દેતાં તમને કોણ રોકે છે?*

મૂળ વાત: આર્થિક અસમાનતા ઓછી કરવા તથા ખાસ તો *કોરોના*ની લડાઈમાં ધનપતિએ આગળ આવી વધુ આર્થિક સહયોગ કરવો જોઈએ એવી વાત અમેરિકાની જગવિખ્યાત બિલિયોનર એબિગેઈલ ડિઝનીએ કરી. તો આની સામે એને સપોર્ટ કરનારા જેટલા જ એની ટીકા કરનારા પણ સામે આવ્યા.

આશરે છ મહિનાથી પડી ભાંગેલી વૈશ્વિક અર્થવ્યવસ્થાને ફરી પાટે ચડાવવા નિષ્ણાતો મગજ કસી રહ્યા છે ત્યારે એક ઉપાય તરીકે *કોરોના ટૅક્સ* કે *વેલ્થ ટૅક્સ*ના નામે ધનપતિઓ પાસે વધારાનો ટૅક્સ ઉઘરાવવો એવું સૂચન ચર્ચામાં છે. જો કે ઘણા નિષ્ણાતોનું માનવું છે કે આ અગાઉ પણ આવા પ્રયાસ સદંતર નિષ્ફળ ગયા છે તો આ વખતે શું કાંદા કાઢશે?!

અલબત્ત, આ ચર્ચા હવામાં ઊડી રહી હતી ત્યાં અમેરિકા-ન્યુઝીલૅન્ડ તથા યુરોપનાં રાષ્ટ્ર સહિત અનેક દેશોના અબજપતિઓએ એવો હુંકાર કર્યો કે *આ વખતે જ નહીં, ભવિષ્યમાં પણ સરકારે અમારા જેવા પાસેથી ઘણો વધારે ટૅક્સ વસૂલવો જોઈએ, કારણ કે અમારી પાસે લખલૂટ સંપત્તિ છે.*

પોતાની જાતને *બિલિયોનર્સ ફૉર હ્યુમેનિટી* (માનવતા માટે અબજોપતિ) તરીકે ઓળખાવતા આવા ૮૩ ધનપતિએ તાજેતરમાં એક જાહેરપત્ર લખીને કહ્યું કે *અમે અમારું ધન લૂંટાવવા તત્પર છીએ.* આ યાદીમાં અગ્રણી છે *ડિઝનીલૅન્ડ*ના સ્થાપક વૉલ્ટ ડિઝનીનાં પ્રપૌત્રી એબિગેઈલ ડિઝની. એબિગેઈલ તો લાંબા સમયથી આર્થિક અસમાનતા ઓછી કરવા પ્રયાસ કરી રહી છે. *જોઈએ તો સરકાર અમીરો પાસેથી વધુ ટૅક્સ વસૂલે, પણ ગરીબ લોકોને સ્વાસ્થ્યસેવા અને ઘર મળવાં જ જોઈએ* એવી બાયંધરી એ માગી રહી છે.

એબિગેઈલ ઉપરાંત આ પત્ર પર સહી કરનારાઓમાં *બેન ઍન્ડ જેરી આઈસક્રીમ*ના સહસ્થાપક જેરી ગ્રીનફીલ્ડ, ન્યુઝીલૅન્ડના બીજા નંબરના ધનપતિ સ્ટિફન ટિન્ડેલ, બ્રિટિશ લેખક-દિગ્દર્શક રિચર્ડ કર્ટિસ, આઈરિશ ઉદ્યોગપતિ જ્હોન ઓ' ફેરેલ, વગેરે સાથે વિશ્વના બીજા અનેક ટોચના ધનપતિ પણ છે.

પેલા પત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે કોરોના સામે લડવામાં અમે ધનાઢ્યો બીજા સમાજસેવીઓની જેમ તબીબી સેવા, કરિયાણું કે રોજિંદી સેવા તો આપી શકીએ એમ નથી, પણ અમારી પાસે અઢળક પૈસો છે, જેની અત્યારે જગતને ખૂબ જરૂર છે. એ પૈસાથી અમે થઈ શકે એટલી મદદ કરવા તૈયાર છીએ, પછી એ *વેલ્થ ટૅક્સ* (સંપત્તિકર) રૂપે હોય કે *કોરોના ટૅક્સ* રૂપે... શરત માત્ર એટલી કે પૈસા સાચી દિશામાં વપરાવા જોઈએ. કમનસીબ આવી લાગણી તો રોકડા ૮૩ પૈસાદાર લોકોએ જ વ્યક્ત કરી છે. બાકીના ધનપતિઓનું શું?

વેલ્થ ટૅક્સની વાત સામાન્ય રીતે ઘણી બહુ પૈસાદારપ્રિય નથી, કારણ કે બેફામ લૂંટથી ભેગી કરેલી પોતાની સંપત્તિ આમ લૂંટાવી દેવાની ઈચ્છા સૌને નથી થતી... ભલેને દુનિયાઆખીને આગ લાગે! આ તો થઈ વેલ્થ ટૅક્સ વિશે તાજેતરમાં હવામાં ઊડી રહેલી વાત. મૂળ તો વેલ્થ ટૅક્સ કહો કે વધારે સંપત્તિવાન લોકો પાસેથી વસૂલવામાં આવતા વધારાના ટૅક્સની વાત કરો, એ બહુ નવી બાબત નથી. અમદાવાદના પીઢ કરવેરા નિષ્ણાત **ધીરેશ ટી. શાહ** *ચિત્રલેખા*ને કહે છે:

'ભારતમાં અગાઉ પ્રયાસ થયા છે વેલ્થ ટૅક્સ ઉઘરાવવાના. હજી હમણાં સુધી એ લાગુ હતો. જેની પાસે વધારે સંપત્તિ ભેગી થાય એની પાસેથી વધારે ટૅક્સ વસૂલવાની વાત એમ સરળ લાગે, પણ એ બહુ અટપટી છે. એના માપદંડ નક્કી કરવા કપરા છે. છેલ્લાં ત્રણેક વર્ષથી આપણે વેલ્થ ટૅક્સ બંધ કર્યો. આપણે ત્યાં ટૅક્સની રકમ કરતાં એની વસૂલાત પાછળ થતો એકાઉન્ટિંગનો ખર્ચ વધી જતો હતો. આપણે ત્યાં માત્ર એક ટકા વેલ્થ ટૅક્સ લાગતો હતો એટલે એની રકમ સાવ સામાન્ય રહેતી હતી...'

ધીરેશભાઈ ઉમેરે છે કે અત્યારના સંજોગો પ્રમાણે જોઈએ તો પણ આવા મંદીના સમયમાં ટૅક્સમાં ફેરફાર કરવાનું સરકાર વિચારે એમ લાગતું નથી. જો કે બહારના દેશોમાં એ બની શકે. વેલ્થ ટૅક્સ એમ શક્ય છે, પણ એના પડકાર અનેક છે.

બ્રિટનની વાત કરીએ તો બ્રિટનમાં પૈસાદારો માટે વારસામાં આશરે સાડા આઠ કરોડ રૂપિયા કે એથી વધુની સંપત્તિ મેળવનારા પર ૪૦ ટકા જેવો તગડો ટૅક્સ લાગે છે. આ સિવાય કૅપિટલ ગેઈન્સ ટૅક્સ તો ખરો જ. ભારતમાં પણ કૅપિટલ ગેઈન્સ

ટૅક્સ છે, જે મુજબ તમારી કૅપિટલ એસેટ (પ્રૉપર્ટી)ના વેચાણ સાથે એની પર ૧૦ કે ૧૫ ટકા જેવો ટૅક્સ ભરવો પડે છે.

વર્તમાન સમયમાં કેનેડા, આર્જેન્ટિના, સ્પેન નેધરલૅન્ડ્સ, નૉર્વે, સ્વિત્ઝરલૅન્ડ, ઇટાલી જેવા જૂજ દેશોમાં જ જુદાં જુદાં રૂપે ને જુદા જુદા સ્લેબમાં વેલ્થ ટૅક્સ વસૂલવામાં આવે છે. હા, માત્ર વધુ સંપત્તિ ધરાવતા લોકોને જ એ લાગુ પડતો આવ્યો છે, પણ ક્યાંક ને ક્યાંક એની અસર સામાન્ય લોકોને પણ થતી રહે છે.

૧૯૯૦માં યુરોપના ૧૨ દેશમાં વેલ્થ ટૅક્સ હતો, જ્યારે અત્યારે માત્ર ચાર દેશમાં છે. ભારત-ફ્રાન્સ જેવા દેશોએ તો હમણાં હમણાં વેલ્થ ટૅક્સ કાઢી નાખ્યો એની પાછળ અનેક કારણ હતાં. વિશ્વભરમાં વેલ્થ ટૅક્સ નિષ્ફળ ગયો એની પાછળનું સૌથી મોટું કારણ એ હતું કે ભલે એક ટકા જેવો સામાન્ય જ ટૅક્સ હોવા છતાં અમીરો એટલા ટૅક્સથી પણ બચવા એમની સંપત્તિ જ્યાં એવો ટૅક્સ નથી ભરવો પડતો એવા દેશોમાં જમા કરવા માંડે છે. તક મળતાં આવા અબજોપતિઓ ટૅક્સથી બચવા દેશ

અમેરિકાની ધનાઢ્ય એબિગેઇલ ડિઝની: સરકારે અમારી પાસેથી ઘણો વધુ કર ઉઘરાવવો જોઈએ.

છોડવા પણ તત્પર રહે છે. નવા લખપતિઓ દેશમાં રહીને કરોડપતિઓ બનતાં ડરે છે. આ બધાંના પરિણામે પૈસાદારોનું તગડું રોકાણ પોતાના દેશને બદલે જ્યાં ટૅક્સની ઝાઝી લપ્પનછપ્પન નથી એવા સ્વર્ગ સમા દેશ (ટૅક્સ હેવન) તરફ ફંટાઈ જાય છે. અંતે સરકારોએ દેશનું ધન બહાર જતું રોકવા ટૅક્સમાં છૂટ આપવી પડે છે. આ જ કારણે વેલ્થ ટૅક્સના અનેક પ્રયાસ છતાં સરકારોએ ઈન્કમ ટૅક્સ તથા પ્રૉપર્ટી ટૅક્સથી જ રાજી રહેવું પડ્યું છે.

૨૦૧૪માં ફ્રેન્ચ અર્થશાસ્ત્રી થોમસ પીકેટીએ *કૅપિટલ ઈન ધ ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચુરી* નામનું પુસ્તક લખી ઘાતક આર્થિક અસમાનતા અને સંપત્તિના

કરવેરા નિષ્ણાત ધીરેશ ટી. શાહ: વેલ્થ ટૅક્સના માપદંડ ઠેરવવા એ બહુ કપરું કામ છે.

સંગ્રહ, વગેરેને લીધે જગતની થતી પડતી દર્શાવી અને એના ઉપાય સૂચવેલા. એમણે આખા વિશ્વ માટે એકસમાન વેલ્થ ટૅક્સ લાવવાનું સૂચન આપ્યું. જ્યાં સુધી જુદા જુદા દેશની આ સંદર્ભે વ્યવસ્થા જુદી હશે ત્યાં સુધી અમીરનાં ખિસ્સાંમાંથી પૈસા ખંખેરવા કોઈ પણ એક દેશની સરકાર માટે કપરું જ રહેશે.

કોરોના સંકટ પર પાછા ફરીએ તો અત્યારે આ કપરા સમયમાં ઘણા અમીરો બે હાથે દાન કરી રહ્યા છે, પણ આવનારા સમયમાં અર્થતંત્ર જે સંકટનો ભોગ બનવા જઈ રહ્યું છે એ જોતાં વિશાળ આવક માટે સરકારોએ અબજપતિના દરવાજા એક નહીં તો બીજી રીતે ખખડાવવા જ પડશે એવું લાગે છે. ◻

સપ્તપદી

સુમેળ

● અતિ ધનાઢ્ય, ગર્ભ શ્રીમંત ફૅમેલીના યુવક, યુવતીની યોગ્ય જીવનસાથીની પસંદગી માટે સંપર્ક કરો. ચાંદની દલાલ - એલિટ મેચ મેકર

9925018706

ઔષધ ઉપચાર

ટચુકડી જાહેરખબર

સપ્તપદી/સુપર માર્કેટ જાહેરખબરના દર

સુપર માર્કેટ: પ્રથમ ૨૦ શબ્દોના : રૂા. ૭૮૫/-
વધારાના શબ્દ દીઠ : રૂા. ૪૦/-

સુપર માર્કેટ ડિસ્પ્લે :
બ્લેક/વ્હાઇટ : ૪ સેં.મિ. X ૧ કોલમના : રૂા. ૫૨૫૦/-
વધારાના કોલમ સેં.મિ. દીઠ રૂા. ૧૦૦૦/-
કલર : ૫ સેં.મિ. X ૧ કોલમના : રૂા. ૯૪૦૦/-
વધારાના કોલમ સેં.મિ. દીઠ રૂા. ૧૮૫૦/-

સપ્તપદી: પ્રથમ ૨૦ શબ્દોના : રૂા. ૬૨૫/-
વધારાના શબ્દ દીઠ : રૂા. ૩૦/-

નોંધ : (૧) ક્લાસિફાઇડમાં સ્વીકારાતા શબ્દો માત્ર ૧૦૦.
(૨) આથી અગાઉના બધા જ દર અને યોજનાઓ રદ બાદલ થાય છે.

જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં પહોંચે ચિત્રલેખાની સપ્તપદી

શૈક્ષણિક પ્રવાસ માટે આદર્શ પસંદગી

દાંડી કૂચની ઝલક દર્શાવતા રસપ્રદ પ્રદર્શન

વિશિષ્ટ દિવસોએ વિવિધ પ્રવૃતિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો

● રહેવા-જમવાની સાથે ઉત્તમ પ્રવાસન સુવિધા
● દાંડી કૂચની સ્મૃતિ અને ગુજરાતી લોકજીવન - સંસ્કૃતિના મહેમાન થવાનો અવસર એટલે...

દાંડી પથ યાત્રી નિવાસ

દાંડી પથ પર આપની સુવિધાયુક્ત યાત્રા માટે સંપર્ક કરો ટોલ ફ્રી નંબર 1800 233 1968 | info@dandipath.in | www.dandipath.in | dandipath/

ઑનલાઈન... ઑફલાઈન

મસ્તીની મહાશાળા કે પછી પરેશાનીની પાઠશાળા...

મહેશ શાહ (અમદાવાદ)

લૉકડાઉનના ચાર અને અનલૉક-વન એમ પાંચ કામચલાઉ અવસરના લીધે આપણા જીવનમાંથી *લાઈન* (ક્યૂ) શબ્દ છૂ થઈ ગયો, પણ મંતર ભણ્યા વિના થોડા સમય બાદ લાઈન રિટર્ન જરૂર થશે.

એક લાઈન (ક્યૂ) કામચલાઉ ગાયબ છે તો બીજી લાઈનો અકબંધ છે. સહેજ આડવાત રૂપે નોંધી લેજો કે લાઈન (શિસ્ત)માં રહેનારા બધા લકી હોતા નથી. લાઈનભંગ કરનારા કે લાઈન તોડનારા લાઇટમાં રહે છે. એમનું લક જોર મારે છે.

લાઈન આપણી લાઈફલાઈન છે વાક્ય મેં ઘણા ચોરાઉ કથનકારો પાસેથી ઘરાઈને સાંભળ્યું છે. *કોરોના* કાળમાં ઘણા પરિવારોમાં લાઈન ચર્ચા-ચિંતન અને ચિંતાનો વિષય બની. એ લાઈનમાં જો કે ઊભા રહેવાનું નહીં, બેસવાનું છે અને લાઈનબંધ રહેવાની શિસ્ત પાળવાની નથી, કારણ કે વાત જુદી લાઈનની છે.

એ છે ઑનલાઈન એજ્યુકેશન...

લૉકડાઉન ઑનલાઈન એજ્યુકેશનવાળાઓ માટે લકી બન્યું છે. ઘણા શાળાસંચાલકો અને શિક્ષકોને વિદ્યાર્થીઓને ઘેરબેઠાં ઑનલાઈન એજ્યુકેશન ઉર્ફે ઈ-ક્લાસમાં પરોવી દેવાની ચાનક ચઢી છે. ચાનકમાં અમુકની દાનત સામે શંકા જાગે તો ઘણાં માતા-પિતા ઑનલાઈન ભણતાં પોતાનાં સંતાનોને ટેક્નોલૉજી ફ્રેન્ડલી માની બેઠાં છે એટલે એ વાત ગજવવા એમણે લાઈન, સાઈડલાઈન, આઉટલાઈન, ઑફલાઈન, લાઈફલાઈન કે લાઈન ઑફ કન્ટ્રોલની વાતમાં ગમ્મે તે રીતે ઑનલાઈન શિક્ષણની વાત ઘુસાડી દેવા-કહી દેવાની આવડત કેળવી છે.

હું જો કે જુદી લાઈનવાળો છું... અત્તારે એજ્યુકેશનમાં ઑફલાઈન છું, પણ પરિવારનાં બાળકો ઑનલાઈન રહે છે. સ્વાનુભવ ને નિરીક્ષણ દ્વારા હું એવા મંતવ્ય પર આવ્યો છું કે ઑનલાઈન એજ્યુકેશન બાળકો માટે *મસ્તી કી પાઠશાળા* છે ને એના પરિવાર માટે *પરેશાની કી પાઠશાળા.*

પહેલો પુરાવો છે પડોશી ભાવેશભાઈ. એમની સાતમામાં ભણતી કેયુરી અને ચોથાવાળા સુજલને ઑનલાઈન ક્લાસમાં ઘેર ભણવા બે ફોનની જરૂર પડી એટલે ભાવેશે સાળાનો નવો ફોન મગાવી લીધો ને બીજા ફોન માટે પત્ની સુરેખાનો ફોન બાળકોને આપ્યો, પણ ન્યુ જનરેશને ન્યુ ફોનની જીદ પકડી એટલે ફોન લાવવાનું ટાળવા અને બન્નેને સમજાવવાનું જોખમ સુરેખાને સોંપ્યું.

સુરેખાએ ઉકેલ માટે કેજરીવાલ સ્ટાઈલ અપનાવીઃ *ઓડ-ઈવન.* એ મુજબ એક જણ મામાવાળો નવો ફોન સોમ-બુધ-શુક્ર વાપરે અને બીજાને મંગળ-ગુરુ-શનિએ મળે. એ પત્યું ત્યાં બન્નેએ જીદ કરીઃ *હું મમ્મીના રૂમ (બેડરૂમ)માં ભણીશ.* એક રૂમમાં બન્ને સાથે ભણે તો વાતો કરે. એ નિવારવા સુરેખા ચિટ્ઠીના શરણે ગઈ. એમાં નક્કી થયા મુજબ પહેલા અઠવાડિયે કેયુરી માસ્ટર બેડરૂમમાં અને સુજલ ચિલ્ડ્રન બેડરૂમમાં ભણે છે. ઑનલાઈન ક્લાસ અને બાદમાં હોમવર્ક મેસેજ આપ-લેમાં ફોન બાળકો પાસે રહે છે એટલે સુરેખાએ પોતાનો ફોન વાપરવાનું ટાઈમટેબલ બનાવવું પડ્યું છે.

શનિવારે સવારે ઈ-ક્લાસ હતા એટલે સુરેખાએ સુજલને ફટાફટ ઉઠાડી *બોર્નવિટા* પિવડાવીને બેડરૂમમાં બેસાડ્યો. પછી જોયું તો એ પથારીમાં ઘસઘસાટ ઊંઘતો હતો. મોબાઈલમાં ગેમ ચાલુ હતી એટલે એને જગાડીને ફરી ભણવા બેસાડ્યો તેમ જ ફરી સૂઈ ન જાય એટલે એ બાજુમાં બેઠી. ટાઈમપાસ કરવા માટે મેથી ચૂંટી ને છાપું વાંચ્યું.

રવિવારે સુરેખા માટે ફોન ફ્રી થયો. એણે જોયું તો ફોનમાં ત્રીસેક નવા કૉન્ટેક્ટ અને આઠ *વ્હૉટ્સઍપ ગ્રુપ* ઉમેરાયાં હતાં. ગ્રુપનાં નામ હતાંઃ *ગુજરાતી-લીના મૅડમ, હિસ્ટ્રી-પુરાણી સર, સાયન્સ-જ્ઞાનેશ્વર સર,* વગેરે. એક ગ્રુપનું ડીઅઅ નામ વાંચીને નવાઈ લાગી. લાગ્યું કે પેરન્ટ્સ ગ્રુપ હશે અથવા કેયુરી-સુજલે પપ્પા માટે ગ્રુપ બનાવ્યું હશે.

જિજ્ઞાસાવશ સુરેખાએ ગ્રુપ ચેક કર્યું તો એમાં બીભત્સ ફોટા અને વિડિયો હતા. મોન્ટુ નામના છોકરાએ લખ્યું હતુંઃ *વેલકમ ઍન્ડ એન્જૉય ફ્રેન્ડ્સ ઈન પરફેક્ટ એડલ્ટ્સ ફૉર પોર્ન ઍક્ટ (પાપા) ગ્રુપ.*

સુરેખા કહે છેઃ 'પહેલાં બાળકો માટે ફોન લાવવાની મને ચિંતા હતી. હવે એમને ફોન આપ્યાની ચિંતા છે.'

બીજો પુરાવો છેઃ *મેરે સામને વાલી ખિડકી વાલી...* ઉર્ફે પડોશણ. એણે બાલ્કનીમાંથી પડોશીજોગ ઉદ્‌બોધનમાં કહ્યુંઃ

‘મારી ડૉટરના ટીચર ઈ-ક્લાસ વખતે પણ હાથમાં ફૂટપટ્ટી લઈને ભણાવે છે. એમને સરખું બોલતાં કે ભણાવતાં આવડતું નથી એટલે મેં ફોટા પાડીને *પેરન્ટ્સ વ્હૉટ્સઍપ ગ્રુપ*માં મૂક્યા છે. એમાં બધાની કમેન્ટ્સ આવવા માંડી છે, પછી એને સ્કૂલ મૅનેજમેન્ટને ફૉરવર્ડ કરવાની છું.’

વાતમાં ટાપસી પૂરીને બાજુવાળી બોલી:

‘મારા સનના સર રોજ બે-ચાર લિન્ક ફૉરવર્ડ કરી દે છે. ક્લાસ વખતે સ્ટુડન્ટ પૂછે તો ધમકાવીને કહે છે, *ઑનલાઈનમાંથી રિમૂવ કરી દઈશ.*’

ઑનલાઈન ક્લાસ વિશે ફ્લૅટ ગજવતો માનુની મિજાજ અચાનક ટીવી બ્રેકિંગ ન્યૂઝ જેવો બની ગયો. એમાં રિયાલિટી રિપોર્ટ આપવા જોડાયેલી એક પડોશણે સસ્પેન્સ ખોલતી હોય એમ બે-ત્રણ પડોશણ સામે જોઈને કહ્યું:

‘ભાભી, કાલે મારી સાથે શું થયું’તું એ તમને ખબર છે? મેં પિન્ટિયાને હોમવર્ક માટે *યુટ્યૂબ*ની લિન્ક ખોલી આપી તો મેથ્સના બદલે માશૂકાની લિન્ક ખૂલી. હાય બાપ રે... મેં તો ફોન પર હાથ રાખીને ફટાક મોબાઈલ સ્વિચ ઑફ કર્યો, પણ થયો જ નહીં તો પિન્ટિયો કે *લાય મમ્મી, હું સ્વિચ ઑફ કરી દઉં*... પણ *આવું છું* કહીને ફોન લઈને હું હસબન્ડ પાસે ગઈ. પછી એમણે લિન્ક ક્લોઝ કરી આપી. મેં નક્કી કરી લીધું છે, હસબન્ડ ન હોય ત્યાં સુધી લિન્ક-ફિન્ક ખોલવી જ નહીં.’

સાંભળીને હસી પડેલી બે-ત્રણ યુવતી કહે:

‘ભાભી, લિન્ક મને ફૉરવર્ડ કરજો ને!’

ત્રીજો મજબૂત પુરાવો છે મારી વાઈફની (અને મારી સૂચિત) ફ્રેન્ડ જૈમિની ટીચર. જૈમિની અમને કહેતી હતી કે ૪૦ સ્ટુડન્ટના વર્ચ્યુઅલ ક્લાસમાં અમુક છોકરા ક્યારેક વિડિયો ઑન-ઑફ કરે છે તો અમુક ઑડિયો મ્યૂટ-અનમ્યૂટ કરી દે છે. વારે વારે હાથ ઊંચા કરે છે. એક વાર મારા (હોસ્ટ-ટીચર) વિના *ઝૂમ મીટિંગ* શરૂ કરી હતી. એક છોકરો સવારે ઑનલાઈન ક્લાસ વખતે કાયમ બાથરૂમ પાસે બેસે છે એટલે બાથરૂમમાંથી ટુવાલભેર બહાર નીકળતા સભ્યો બધાને દેખાય છે. એ જોઈને છોકરાં હસે છે-કમેન્ટ પસાર કરે છે.

જૈમિનીની બહેન શર્મિલી પણ ટીચર છે. ઍક્ચ્યુઅલ ક્લાસ (સ્કૂલ)માં શર્મિલી ટીચરથી છોકરાઓ ડરતા. હવે વર્ચ્યુઅલ (ઑનલાઈન) ક્લાસમાં શર્મિલીને અમુક સ્ટુડન્ટ અને પેરન્ટ રડવા જેવી સ્થિતિમાં મૂકી દે છે.

અમારી ડૉટરની ઈ-ટીચર તો ઑનલાઈન ક્લાસમાં પણ રુઆબ જમાવવા ફૂટપટ્ટી સાથે રાખે છે..!

સાંભળો, શર્મિલીની કથની...

*ઝૂમ મીટિંગ*માં ત્રણ સ્ટુડન્ટની બાજુમાં એમનાં મમ્મી બેસે છે અને સ્ટુડન્ટ વતી મને સવાલ પૂછીને હેરાન કરે છે. મારે કોને ભણાવવાનાં? સ્ટુડન્ટને કે એની મમ્મીને? ચાર-પાંચ સ્ટુડન્ટ સ્મૉલ બ્રેક પછી દેખાતા નથી.

સ્થિતિ એ છે કે ઘર-પડોશ કે મિત્રોમાં ઍક્ચ્યુઅલ અને વર્ચ્યુઅલ ક્લાસ વચ્ચે ટીવી ડિબેટ જેવો માહોલ થઈ જાય છે. અંદર કી બાત કહું તો મમ્મીનાં બે ગ્રુપ પડી ગયાં છે. સ્ટાઈલિશ અંગ્રેજી સ્પોકન મૉડર્ન મમ્મા ગ્રુપ માને છે: ઍક્ચ્યુઅલ ક્લાસ એટલે કે સ્કૂલમાં અમે બાળકને ટુ-વ્હીલર પર લેવા-મૂકવા જતાં ત્યારે આઉટિંગ થઈ જતું. ફૂડ-ફૅશનની વાતો થતી. અમુક શૉપિંગ કરી લેતાં. એના વિના લાઈફ નૉન-જ્યુસી (નીરસ) લાગે છે!

બીજા ગ્રુપની મમ્મી માને છે: યુનિફૉર્મ, શૂઝ, સ્કૂલ બૅગ અને લંચ બૉક્સ તૈયાર કરી આપી બાળકને સમયસર સ્કૂલ વૅન કે ઑટોમાં મોકલવા માટે રોજ દોડધામ થતી. હવે ઘણી નિરાંત છે.

ક્લાસરૂમ અને ઑનલાઈન ટીચિંગના આવા અનેક ફાયદા-ગેરફાયદા-ફરિયાદની યાદી વધી રહી છે. લાગે છે કે એની વક્તૃત્વ કે નિબંધસ્પર્ધા યોજી શકાય. જો કે સ્કૂલસંચાલકો બે-ચાર કલાક ઑનલાઈન ક્લાસ ચલાવીને પૂરી ફી માગી લેતા હોય તો *જાગો ગ્રાહક જાગો* વાલીએ બનવાનું છે!

વાત ગણો કે વિવાદ, ઑનલાઈન એજ્યુકેશન લેતાં બાળકોની મન કી બાત અને દિલ કી બાત ન જાણીએ તો વિદ્યાર્થીઓને માઠું લાગે. અમુક બાળકોને આખા દિવસની સ્કૂલ કરતાં ઘેર ભણવામાં મજા આવે છે. ગરમ ભોજન મળે, આરામથી અભ્યાસ કે અભ્યાસમાં આરામ-જે ફાવે એ કરી શકે. એ માટે મોબાઈલ મળે. એમાં ટીચિંગ વત્તા ઈત્યાદિ ઈત્યાદિ બીજું પણ જોવા-જાણવા મળે.

ઘણા મસ્તીખોરોને લાગે છે ક્લાસમાં મસ્તી સાથે ભણવાનું, રિસેસમાં નોટ અને નાસ્તાની આપ-લે કરવાનું, કૅમ્પસમાં દોડધામ કે સાઈકલ અથડાવવાની મસ્તી કરવાની... કો-એજ્યુકેશનની મોજ... બધું ગાયબ થયું છે. યાર, ઘેર મજા નથી આવતી. ચલો, સ્કૂલ ચલે હમ! ◻

પળે પળે કાચિંડાની જેમ રંગ બદલતી રહસ્યકથા...

રંગકપટ

પાર્થ નાણાવટી

ટ્રુથ મૅગેઝિનનો એડિટર દલપત દોશી એની ટીવી-સ્ટુડિયોની ફ્રેન્ડ ગાયત્રીને લઈને પોતાની કારમાં ગોઠવાયો ત્યાં એનો ફોન રણક્યો. સામે છેડે મીતા હતીઃ

સર, નાઉ લિસન કૅરફુલી... ડીસીપી દેવરાજ પંડિત-વિશ્વનાથ ને હું નીકળીએ છીએ પેલા હીરાની શોધમાં!

સહેજ શ્વાસ લઈને મીતાએ દબાયેલા સ્વરે ઉમેર્યુંઃ

તમે જ્યાં હો ત્યાંથી તાત્કાલિક ગોવાલિયા ટૅન્ક પહોંચીને ત્રણ મિસકૉલ કરો...

આ તરફ, મીતાને લઈને પંડિત અને વિશ્વનાથ ગોવાલિયા ટૅન્ક વિસ્તારમાં આવેલા ઓગસ્ટ ક્રાંતિ મેદાન પહોંચ્યા ત્યારે એમની પાછળ વસંત રાઠોડ અને રાકેશ રાઉત પણ હતા.

વસંતને બિકાનેર ટ્રિપ પછી પંડિતે બે લાખ રૂપિયા આપીને છૂટો કરી દીધેલો, પણ પંડિતને એ ખબર નહોતી કે અંજલિ જૈન મર્ડર કેસનો વસંતે બારીકાઈથી અભ્યાસ કરેલો અને એ સારી રીતે જાણતો હતો કે એંસી કરોડના હીરાની સરખામણીમાં બે લાખ જેવી મામૂલી રકમ આપીને પંડિતે એની મજાક જ નહીં, અપમાન પણ કર્યું છે.

'ગેટ કે પાસ લગાઓ ઔર મેદાન મેં કિસી કો એન્ટર મત હોને દેના. કોઈ પૂછે તો બોલ દેના પોલીસ ઑપરેશન.' પંડિતે એની સાથે આવેલા એના બે માણસને સૂચના આપી.

આકાશ જૈન પણ ત્યાં પહોંચી ગયેલો. મીતાને જોઈને એણે બે હાથ જોડી, ડોક ઝુકાવીને નમસ્તે કર્યું.

હળવો વરસાદ હજુ ચાલુ હતો. આખી ટોળકી મેદાનમાં પ્રવેશી.

'સર, આપણે ત્રણે જુદા જુદા હિસ્સામાં તપાસ કરીએ.' મીતાએ સજેશન આપ્યું.

'નો. આપણે સાથે જ રહીશું. તમે કહો, શું શોધવાનું છે?' પંડિત બોલ્યો.

'ઓકે, સર. આપણે આ નાનકડું ટેમ્પલ કે આવી કોઈ ઘાટઘૂટ વગરની મૂર્તિ શોધવાની છે.'

મીતાએ ધર્મેશના પેન્ટિંગને બતાવીને કહ્યું. જો કે એના મગજમાં *રન લોલા રન* ચાલતું હતું. એ જાણતી હતી કે કંઈક બનવાનું છે અને એ જે કંઈ બને ત્યારે એને ભાગવાનું છે. હવે દલપતને મેસેજ આપી દીધો હતો કે એ આવી જાય...

'ઓકે ફાઈન. લેટ્સ સ્ટાર્ટ. પહેલાં આપણે મેદાનની ફરતે આવેલાં વૃક્ષ ચેક કરી લઈએ.' મીતાએ મેદાનમાં ચાલવાનું શરૂ કર્યું.

મેદાનની ચારે તરફ લીમડાનાં વૃક્ષ વાવેલાં હતાં અને એની ફરતે ઓટલો બનાવીને બેસવાની વ્યવસ્થા હતી. વરસાદનો માહોલ હતો એટલે મેદાનમાં ભીડ ઓછી હતી. ત્રણેએ એક પછી એક એમ બધાં જ વૃક્ષ તપાસવાનું ચાલુ કર્યું. મેઈન ગેટ પરની પોલીસની હાજરી જોઈને વસંત રાઠોડ અને રાકેશ રાઉતે પોતાની સાથે લાવેલા બે ટપોરી સાથે મેદાનના બીજા છેડેથી એન્ટ્રી લીધી. એ લોકો પણ રેલિંગ કૂદીને મેદાનમાં દાખલ થયા.

'જ્યાં સુધી હું ઈશારો ના કરું ત્યાં સુધી કોઈ જ હરકત નહીં.' વસંતે ટપોરીઓને સૂચના આપી.

'સર, આ પેલા ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પંડિત સાહેબ છેને?' એક ટપોરીએ મુંબઈ પોલીસ અંગેના એના સામાન્ય જ્ઞાનનું પ્રદર્શન કર્યું.

'હા. તો? તારી ફાટે છે, બે? હું છું ને?' વસંતને ગુસ્સો આવ્યો.

‘ના... ના, ફાટે શું? એ સાહેબ સાથે તો મારે પણ જૂનો હિસાબ ચૂકતે કરવાનો છે.’ ટપોરીને પંડિતે કરેલું ટૉર્ચર યાદ આવ્યું.

રાકેશે ઈશારો કરીને ટપોરીઓને ચૂપ રહેવા કહ્યું.

આ તરફ મેદાનના એક તરફનાં વૃક્ષ ચેક થઈ ગયાં હતાં. પંડિતના ચહેરા પર વ્યાપેલી નિરાશા જોઈને એનું ભભૂકતું બૉઈલર હવે કઈ ઘડીએ ફાટશે એનું ટાઇમર વિશ્વનાથના મનમાં ચાલુ થઈ ગયેલું. ત્યારે જ મીતાની નજર મેદાનના બીજા છેડા પર બનાવવામાં આવેલા બાળકોને રમવા માટેના પ્લે એરિયા પર પડી. એની બરોબર પાછળ એક મહાકાળી કે દુર્ગામાતાનું નાનકડું મંદિર હતું.

‘ત્યાં સર, ત્યાં જુઓ. કોઈ મંદિર છે. લેટ્સ ચેક.’ એ ઉત્સાહપૂર્વક બોલી. એના શબ્દો સાંભળતાં જ વિશ્વનાથ કાલેએ દોટ મૂકી.

‘અરે, આરામ સે.’ પંડિત હજુ બોલવા જાય એ પહેલાં તો વિશ્વનાથે દોટ મૂકી. જો કે વીસેક મીટર પણ નહીં ગયો હોય ને મેદાનની વચ્ચોવચ વરસાદને કારણે થયેલા કાદવમાં એ લપસ્યો. એની સર્વિસ રિવૉલ્વર ઊછળીને કાદવમાં પડી.

‘આયલા, એક નંબરનો મૂર્ખ માણસ છે.’ પંડિતે કહ્યું.

‘સૉરી, સર. હવે આરામથી.’ રૂમાલથી મોઢા પર ચોંટેલા કાદવને સાફ કરતાં છોભીલો વિશ્વનાથ બોલ્યો.

સામેના છેડા પર કાલેને દોડતો જોઈને વસંત પણ સમજી ગયો કે ખજાનો નજીકમાં ક્યાંક છે. એણે રાકેશ અને એની સાથે આવેલા ટપોરીઓને ઈશારો કરીને મેદાનના બે જુદા છેડે જવા કહ્યું.

‘હું ઈશારો કરું એટલે તમે આ લોકોને પાછળથી ઘેરી લેજો.’ વસંતે પ્લાન સમજાવ્યો.

‘દુર્ગામાતાનું મંદિર છે. જય મા દુર્ગા. દુ:ખ હરજે. મારી બધી ખ્વાહિશો પૂરી કરજે.’ આકાશ જૈન મંદિર તરફ જતાં બોલ્યો.

બધાં મંદિર તરફ ધીરે ધીરે આગળ વધતાં હતાં ત્યાં મીતાના મોબાઇલ પર એક પછી એક ત્રણ મિસકૉલ આવ્યા.

*દલપત સર આવી ગયા*નો એ સંકેત મળી જતાં મીતાએ હાશકારો અનુભવ્યો. આગળ જતી ટોળકીથી થોડા પાછળ રહીને એણે દલપત સરને

આકાશ, તારે અહીં મેળો ભરવો છે? સિક્સીનો અર્થ તને નથી સમજાતો? જો કોઈને ગંધસરખી પણ આવી તો...

ફટાફટ વ્હૉટ્સઍપ કર્યો: *સર, તમે અમારા પર દૂરથી જ નજર રાખો... તમે પણ અહીં છો એ અત્યારે દેખાડવું નથી...*

મીતાની સૂચના અનુસાર મેદાનમાં કોઈની નજરે ન ચઢે એવા ખૂણે દલપત દોશી ગોઠવાઈ ગયો હતો. પેલાઓથી બહુ દૂર પણ નહોતો.

મીતાનો ફોન આવ્યો ત્યારે એની સાથે કારમાં ગાયત્રી હતી. *મારે બીજે ભાગવું પડશે-અર્જન્ટ છે* એવું બહાનું કાઢીને એણે ગાયત્રીને આગળ જઈ બીજી કૅબમાં બેસાડી રવાના કરી દીધી ને પોતે મારતી સ્પીડે અહીં આવી પહોંચ્યો હતો...

નાનકડા મંદિરને અડીને વડનું એક મસમોટું ઝાડ હતું. પંડિત અને વિશ્વનાથે બૂટ કાઢીને મંદિરમાં પ્રવેશ કર્યો. મંદિરની નાનકડી પરસાળમાં એક ભિખારી જેવો દેખાતો માણસ વરસાદથી બચવા આશરો લઈને પડ્યો હતો. પંડિતે એના બરડામાં લાત મારીને ઊભો કર્યો:

‘ચલ, નિકલ યહાં સે.’

પેલો માણસ ઊંઘમાં હતો એટલે સફાળો બેઠો થઈ ગયો, પણ વિશ્વનાથ અને પંડિતને જોઈને પોતાની પોટલી ઉપાડીને એ ભાગ્યો. આ ચાલતું હતું એ વખતે મીતા મંદિરની પાછળ ગઈ. મંદિરનો પાછળનો ભાગ મેદાનની દીવાલને અડીને હતો, પણ મંદિરની પાછળની દીવાલ અને મેદાનની દીવાલ વચ્ચે લગભગ એક ફૂટનો ગૅપ હતો. એ ગૅપમાં લોકોએ મન મૂકીને કચરો ઠાલવેલો, જેને કારણે બે દીવાલો વચ્ચે એક ટેકરી જેવું બની ગયેલું.

‘સર, અહીં તપાસ કરો. મે બી, એણે બહારની બાજુએથી હીરાનું પૅકેટ નાખ્યું હોય.’ મીતા બોલી.

‘આકાશ, હીરા શેમાં હતા? આઈ મીન, કોઈ બૅગ કે કોથળી કે?’ પંડિતે પૂછ્યું.

‘લેધરના પાઉચમાં...’

‘સર, હું ટ્રાય કરું એ ગૅપમાં જવાની.’ વિશ્વનાથ બોલી તો ગયો, પણ પછી એને પારાવાર અફસોસ થયો.

‘ના, ભાઈ. તું તો રહેવા જ દેજે. આ તારા દીદાર જોયા? કોઈ તને જોઈને કહે કે આ પોલીસ ઑફિસર છે?’ પંડિતે એની ભડાસ વિશ્વનાથ પર કાઢી.

‘એક કામ કરીએ, બે-ત્રણ મજૂર બોલાવીને ખોદકામ કરાવીએ. જે થાય એ આપી દઈશું.’ આકાશ જૈન પણ મૂગો ક્યાંથી મરે?

‘આકાશ, તારે અહીં મેળો ભરવો છે? સિક્સીનો અર્થ તને નથી સમજાતો? મને અડધા મુંબઈનું મિડિયા ઓળખે છે. જો કોઈને ગંધસરખી પણ આવી તો અહીં ટોળું ભેગું થઈ જશે. આ પત્રકાર મીતા આજ માટે પૂરતી છે.’ પંડિતે હવે કંટાળેલા સ્વરે કહ્યું.

‘તો? તમે કહો એમ કરીએ. કોઈ મંત્ર ફૂંકો એટલે પાઉચ ઊડીને બહાર નીકળશે.’ બિકાનેરના સુક્કા પ્રદેશનો માણસ આકાશ મુંબઈના ક્યારેય બંધ ન થતા વરસાદથી, આ દોડભાગથી, પંડિતથી બેહદ કંટાળી ગયો હતો.

‘શાંતિ રાખો. એ પાઉચ બીજી પણ કોઈ જગ્યાએ હોઈ શકે ને? લેટ્સ ચેક.’ વિશ્વનાથ કાલેને ભય હતો કે આકાશ વધુ દલીલ કરશે તો પંડિત એની પિસ્તોલ કાઢીને આકાશને ઉડાવી ના દે.

મીતા મૂક પ્રેક્ષક બનીને આ લાલચી માણસોનો તાલ-તાસીરો જોઈ રહી હતી ત્યાં એની નજર મેદાનની બહારની બાજુએ પાર્ક થયેલી કાર પર પડી. કારના પાછળના દરવાજાના વિન્ડો ગ્લાસમાંથી કોઈ કૅમેરા કાઢી ફોટા પાડી રહ્યું હતું. મીતા કોઈને પણ શંકા ન જાય એમ સહજ રીતે મંદિર પાસેના વડની ફરતે બનાવેલા ઓટલા પર ચડી. એ જ વખતે કારની પાછળના ડોરના વિન્ડો ગ્લાસમાંથી કૅમેરા હટ્યો અને જીનાએ થમ્બ્સ અપની સાઇન કરી.

મીતા સમજી ગઈ કે હીરાનું પાઉચ આ વૃક્ષની આસપાસ જ ક્યાંક છે. જીના આ લોકોના હીરા

લેતા હોય એવા ફોટા પાડવા માગે છે. પંડિત આણી મંડળી વચ્ચે વિચાર-વિમર્શ ચાલતો હતો ત્યારે મીતા ફરીને વડના ઝાડની પાછળ ગઈ અને એની આંખો ચાર થઈ ગઈ. ધર્મેશે એના પેન્ટિંગમાં દોરેલી એવી ઘાટઘૂટ વગરની મૂર્તિ વડના ઝાડની પાછળના ભાગે હતી. મીતાએ મૂર્તિને થોડી હટાવી અને એને હીરાનું પાઉચ દેખાયું...

'ડોન્ટ ઈવન ટચ ઈટ.'

મીતા પાઉચને હાથમાં પકડવા જાય એ પહેલાં વસંત રાઠોડની પિસ્તોલની બેરલનો ઠંડો સ્પર્શ એની ડોક પર થયો. મેદાનની બહાર પંડિતના ફોટા પાડવા તૈયાર થયેલી જીના આ નવું જોઈને ચોંકી.

આ લંગૂર કોણ છે? એ મનોમન બોલી. રશિયનો સાથેનો વર્ષોનો અનુભવ એના કામે આવ્યો અને એણે તુરંત જ બાજુમાં પડેલી ડફલ બૅગમાંથી ત્રણ ટિન લઈને એ કારની બહાર નીકળી ને મેદાન તરફ સરકી.

વસંતે હળવેથી ઝૂકીને હીરાનું પાઉચ હાથમાં લીધું. એ જ વખતે પંડિતનો અવાજ સંભળાયો:

'રાસ્કલ, રાઠોડ. ડ્રોપ ધૅટ પાઉચ, નહીંતર તારી ખોપરી કાણી કરી નાખીશ.'

'સર, ખોપરી તમારી સાચવો. જુઓ, તમારી પાછળ!'

વસંતની સાથે આવેલા રાકેશ અને એના બન્ને ટપોરી એમનાં શસ્ત્રો સાથે પોઝિશનમાં ઊભા હતા. એ લોકોએ પંડિત, વિશ્વનાથ કાલે અને આકાશને બન્ને બાજુથી ઘેરી લીધા હતા. મીતાના હાથમાંથી પાઉચ ઝૂંટવી વસંતે એમાં રહેલી રેશમના કાપડની કોથળીમાંના હીરાને જોયા.

'વાહ. બેનમૂન. થેન્ક્સ, પંડિત સાહેબ. તમે મારી લાઈફ બનાવી દીધી. રિયલી થેન્ક યુ.' કહીને વસંત વડના ઓટલા પરથી નીચે કૂદ્યો.

'રાઠોડ સાહેબ, આ શું? સાવ આવું કરવાનું?' વિશ્વનાથનો બળેલો જીવ બોલ્યો.

'વિશ્વનાથ, આ નહીં તો શું કરવાનું? તારી જેમ આ પંડિતની ગુલામી કરવાની... ગાળો સાંભળવાની? મારી તો તને સલાહ છે કે તારા વતન નાગપુર જઈને સંતરાંના જ્યુસની લારી કરી લે, આનાથી વધુ ઈજ્જતથી જીવી શકીશ.' વસંતે ટોન્ટ માર્યો.

'ચાલો, મૅડમ. તમે મારા સેફ પેસેજની ચાવી છો.' કહીને વસંતે મીતાને બાવડેથી પકડીને ઘસડી.

આ દૃશ્ય જોઈને દલપત દોશી એની જગ્યાએથી બહાર નીકળીને મીતાની ટોળકી તરફ ઝડપથી આગળ વધ્યો...

મીતાની નજરો સામે ધર્મેશનું *રન લોલા રન* પેન્ટિંગ ઝબકી ગયું, પણ હાલપૂરતો તો ભયે એના શરીર પર કબજો લઈ લીધેલો. એના પગ ધ્રૂજતા હતા.

'બેટા, તું શું માને છે? આ હીરા લઈને તું કેટલે સુધી ભાગીશ? તું મને સારી રીતે ઓળખે છે. મારી પહોંચ જાણે છે. મોજ કરીશ તું બે-ત્રણ દિવસ. પછી?' સહેજ અટકીને ફરી ચીમકી આપી વસંત રાઠોડને...

'તને એવો વિચાર ના આવ્યો કે પછી તારું શું થશે? તારું તો છોડ, પણ તારા ફૅમિલીનું શું થશે? તારી દીકરી, તારી વાઈફ... વસંત રાઠોડ, મારી સામે પિસ્તોલ ઉગામીને તેં તારી જાતે તારા મોતની પાવતી ફાડી છે.' પંડિત એના ટ્રેડમાર્ક એવા *મરો યા મારો*ના મૂડમાં હતો.

'સર, એ તો સમય આવ્યે ખબર પડશે કે કોનું શું થશે? તમે મારી પાવતી ફાડવાનું છોડો... તમે મારી ચિંતા છોડી ઈન્દુરકરની કરો. મેં જો જુબાની આપી દીધીને તો આર્થર રોડમાં પેન્ટરની જગ્યાએ તમે હશો અને તમને તો એક સીધી લીટી પણ દોરતાં નથી આવડતી.' વસંતે પરખાવ્યું.

'વાહ, રાઠોડ. સાલું, ગદ્દારી તો કોઈ તારી પાસેથી શીખે અને તું, રાકેશ રાઉત?' વસંતની સાથે આવેલા રાકેશ અને એના ટપોરીઓને ઉદ્દેશીને પંડિત બોલ્યો:

બેટા, તું શું માને છે? આ હીરા લઈને તું કેટલે સુધી ભાગીશ? મારી પહોંચ જાણે છે. મોજ કરીશ તું બે-ત્રણ દિવસ. પછી?

'આ સાહેબ તો નીકળી જશે. તમારું શું? તમે ભાગીને ક્યાં જવાના? રાઉત, તું તો બહુ બહુ તો મોટી બહેનના ઘરે નાલાસોપારા? કે મામા-માસીને ત્યાં વસઈ કે પવઈ? બેટાઓ, તમને હું શોધી કાઢીશ અને પછી જાતે જ તેજાબનો ઍનિમા આપીશ!' પંડિતે ટેકટિક બદલી. વસંતની સાથે આવેલા ટપોરીને એ ડરાવીને ભગાડી મૂકે તો વસંત એકલો પડે અને...

'એય, તુમ લોગ ગભરાને કા નહીં, યે બડે સા'બ ખુદ અંદર હોનેવાલે હૈ. ચલો, નિકલતે હૈં.' વસંત પણ પંડિતની રગેરગથી વાકેફ હતો.

મીતાનું બાવડું પકડીને એ મીતાને ઘસડીને મેદાનની બીજી તરફ લઈ ગયો, જ્યાં એની કાર પાર્ક હતી. પંડિતની કાળવાણી સાંભળીને પળભર માટે ચિંતિત થયેલા ટપોરીઓ હવે પાછા કન્ટ્રોલમાં આવી ગયેલા. એ બન્નેએ પંડિત, આકાશ અને વિશ્વનાથ પર પિસ્તોલ તાણેલી.

'બધા જ લોકો મોબાઈલ અને વેપન્સ જમીન પર મૂકો.' વસંતે સૂચના આપી.

વિશ્વનાથે તરત પંડિત સામું જોયું. પંડિતે ઈશારો કરતાં એણે અને આકાશે એમના મોબાઈલ કાઢ્યા. એ જ વખતે મેદાનની બહારની બાજુએથી ત્રણેક સૉફ્ટ ડ્રિન્કનાં ટિન જેવા દેખાતા પદાર્થો આ લોકો ઊભા હતા એની આસપાસ ફંગોળાયા. વસંત હજુ કંઈ પણ વિચારે એ પહેલાં ટિનમાંથી સફેદ ફોસ્ફરસનો ગાઢો ધુમાડો ફેલાવા લાગ્યો.

'સ્મોક ગ્રેનેડ.' પંડિત ચોંક્યો.

જો કે મેદાનની બહારની બાજુએથી જીનાએ ફેંકેલા ત્રણ ટિનમાંથી બે સ્મોક ગ્રેનેડ અને એક સ્ટન ગ્રેનેડ હતો. પશ્ચિમના દેશોની ઍન્ટિ-રાયોટ અને ઍન્ટિ-ટેરરિસ્ટ સ્ક્વૉડ્સનું અતિપ્રિય હથિયાર. સ્ટેન ગ્રેનેડનો ધડાકો અને પ્રકાશ એટલો પાવરફુલ હોય કે એના ફાટવાના બે મીટરમાં રહેલા માણસની બધી જ ઈન્દ્રિયો બે મિનિટ માટે ખોરવાઈ જાય. જોવાની, સાંભળવાની, દિશાસૂચનની, વિચારવાની કે વર્તવાની ક્રિયાઓ કામચલાઉ બંધ પડી જાય. ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં પણ આવું જ થયું. ધુમાડો અને સ્ટેન ગ્રેનેડના ધડાકાને કારણે ત્યાં ઊભાં રહેલાં સૌનાં દિમાગમાં બ્લૅકઆઉટ થઈ ગયો.

મીતા પણ એમાં સામેલ હતી. એને થયું કે એના કાનના પડદા ફાટી ગયા છે. એના માથામાં

તીવ્ર દુખાવો થતો હતો. આંખોની આગળ જાણે જાળાં બાઝી ગયેલાં. ધુમાડાને કારણે એક ફૂટથી આગળનું વધુ દેખાતું નહોતું. મીતાને થયું કે એને વૉમિટ થઈ જશે. એ જમીન પર પડે એ પહેલાં જીનાએ એને પકડી અને ધીરેથી એના કાનમાં કહ્યું:

રન લોલા રન...

મીતાનો હાથ પકડીને જીના એને હળવેથી દોરી ગઈ અને મેદાનની બહાર પડેલી કારમાં બેસાડીને એ લોકો નીકળી ગયાં.

રશિયન માફિયાઓની સાથે કામ કરવાને કારણે જીના ધારે તે હથિયાર ધારે ત્યાં મેળવી શકતી હતી.

સ્ટન ગ્રેનેડની અસરને કારણે વિશ્વનાથે તો સીધી પંડિત પર ઊલટી કરેલી. આકાશ પોતાના ઘૂંટણ વચ્ચે માથું દબાવી કાદવમાં આળોટતો હતો. વસંત પણ પાછલી રાતની બિયરને ઓકતો હતો. રાકેશ અને એના ટપોરીઓ ઉંદરો ભાગે એમ પડતા-આખડતા ભાગી છૂટેલા. પંડિતની આંખે પણ અંધારાં આવી ગયેલાં, પણ વિશ્વનાથે એના પર કરેલી વૉમિટની ગંધને કારણે એ હજુ થોડો સજાગ હતો.

સ્ટન ગ્રેનેડની અસર બે મિનિટમાં શમી ગઈ, પણ ધુમાડાનું મોટું વાદળ રચાઈ ગયેલું. આ ધડાકા અને ધુમાડાને કારણે મેદાનની બહાર ટોળું ભેગું થઈ ગયેલું. પંડિતે ત્વરાથી વસંત રાઠોડના પડખામાં પિસ્તોલ દબાવીને કહ્યું:

'વિશ્વનાથ, આના હાથમાંથી પાઉચ લઈને નીકલો યહાં સે.'

વસંત રાઠોડ જાણતો હતો કે જો એક વાર એને પંડિતની જીપમાં બેસાડી દેવામાં આવશે ત્યારથી એની જિંદગીનું કાઉન્ટડાઉન શરૂ થઈ જશે એટલે એણે હતી એ બધી તાકાત ભેગી કરીને પંડિતને ધક્કો માર્યો. વસંતના સરપ્રાઈઝ અટેકથી પંડિત બીજી તરફ જમીન પર પટકાયો. વસંતે એ તકનો લાભ લઈને વિશ્વનાથના હાથમાંથી પાઉચ પાછું ઝૂંટવી લીધું અને મેદાનના પાછળના ભાગ તરફ દોટ મૂકી.

'હરામી, સાલા...' પંડિતે મોટેથી બૂમ પાડીને વસંત પર ફાયરિંગ કર્યું. ગોળી વસંતની પીઠમાં વાગી ને એ જમીન પર પટકાયો. પંડિત અનુભવી ઑફિસર હતો. પોતાની લાંબી અને લોહિયાળ કારકિર્દી દરમિયાન એણે ઘણા શૂટઆઉટ જોયેલા-

અંદર પંડિત સા'બ પે ફાયરિંગ હુઆ હૈ. જલદી સે ઍમ્બ્યુલન્સ બુલાઓ. મૈં ટેરરિસ્ટ લોગ કા પીછા કરતા હૂં...

કરેલા, પણ જે રીતે વસંત પડ્યો અને એની પીઠમાંથી લોહી ન નીકળ્યું એ જોઈને એ સમજી ગયો કે વસંતે બુલેટપ્રૂફ વેસ્ટ પહેરી છે અને હવે એ જવાબી ફાયરિંગ કરશે. બન્યું પણ એવું જ. પીઠમાં વાગેલી ગોળીના ઝટકાની થોડી કળ વળતાં જ વસંતે પડખું ફરીને જમીન પર સૂતાં સૂતાં ફાયરિંગ કર્યું. સ્મોક ગ્રેનેડના ધુમાડાને કારણે કોણ કઈ જગ્યાએ છે એ નક્કી કરવું મુશ્કેલ હતું એટલે એણે ધુમાડાની દિશામાં ફાયરિંગ કર્યું, પણ પંડિત એ વખતે કમાન્ડોની જેમ જમીન પર ઘસડાતો ફાયરિંગ ઝોનમાંથી બહાર નીકળી ગયેલો. જો કે આ ઘમાસાણમાં ત્યાં પહોંચી ગયેલો દલપત આ શૂટઆઉટમાં વચ્ચે આવી ગયો... વસંતની ત્રીજી ગોળી દલપતને ખભામાં વાગી, જેને કારણે એના ખભાના સ્નાયુનો માંસનો લોચો બહાર આવી ગયો. દલપતે દર્દથી બેવડ વળીને ગગનભેદી ચીસ પાડી.

વસંતે ચીસ સાંભળીને નક્કી કર્યું કે *ગોળી કોઈને વાગી છે એટલે બીજા લોકો એની દેખભાળમાં પડશે,* આવું વિચારીને એણે ગેટ તરફ દોટ મૂકી. ગેટ પાસે જમા થયેલા ટોળાને મેદાનમાં અંદર આવતું રોકવાના કામમાં પંડિતના માણસો વ્યસ્ત હતા.

'અંદર પંડિત સા'બ પે ફાયરિંગ હુઆ હૈ. જલદી સે ઍમ્બ્યુલન્સ બુલાઓ. મૈં ટેરરિસ્ટ લોગ કા પીછા કરતા હૂં.' એકદમ લાજવાબ અભિનય કરીને પંડિતના માણસોને ઉલ્લુ બનાવી વસંત ત્યાંથી છટકી ગયો.

એ રસ્તા પર પહોંચ્યો ત્યારે એને ખયાલ આવ્યો કે એની સાથે આવેલો રાકેશ અને એના ટપોરીઓ એની કાર લઈને છૂમંતર થઈ ગયા છે. પગપાળા અહીંથી ભાગશે તો એ બહુ દૂર નહીં પહોંચે. ગણતરીની મિનિટોમાં પંડિત એના નામનું વૉરન્ટ જારી કરશે. પૅન્ટના ખિસ્સામાં છુપાવેલા હીરાના પાઉચને હાથ અડાડી એણે ઊંડો શ્વાસ લીધો.

એ જ વખતે એક કાર એની બરોબર નજીક આવીને ઊભી રહી.

'જમ્પ ઈન.' જીનાએ કારનો દરવાજો ખોલતાં કહ્યું.

'વ્હૉટ આર યુ ડુઈંગ? આ શું કરે છે?' જીનાની બાજુમાં બેઠેલી મીતા ચોંકી ઊઠી. વસંત સાથેની એની મુલાકાતની યાદ હજુ તાજી હતી.

'મીતા, ટ્રસ્ટ મી. મેં આવા બહુ ખેલ જોયા છે. આ માણસ આપણને કામ આવી શકે છે.' જીના બોલી.

વસંત હજુ શું કરવું એની અવઢવમાં ઊભો હતો.

'આવે છે કે નહીં? તારી કે મારી પાસે બહુ સમય નથી. પંડિત હવે ફુલ ફોર્સથી અટેક કરશે.' જીનાએ કહ્યું.

'ઓકે. જે થવું હોય તે થાય.' બોલીને વસંત કારની પાછળની સીટમાં ગોઠવાઈ ગયો.

'તારી પિસ્તોલ અને મોબાઈલ ફોન મીતાને આપી દે.' જીનાએ રિયર વ્યૂ મિરરમાંથી પાછળ બેઠેલા વસંતને કહ્યું.

વસંતે કમને પોતાની પિસ્તોલ મીતાના હાથમાં મૂકી.

'અને હીરાનું પાઉચ.' જીનાએ કહ્યું.

'વ્હૉટ? નો વે.' વસંત કોઈ કાળે હીરા એના હાથમાંથી જવા દેવા માગતો નહોતો.

જીનાએ મક્કમ સ્વરે કહ્યું:

'એ હીરા તારા કોઈ કામના નથી. એ હીરા નકલી છે. તું શું સમજે છે કે અમે લોકો એંસી કરોડના હીરા આવી રીતે કોઈ જાહેર જગ્યાએ છુપાવીએ? હા, પણ જો તું અમારા કહ્યા પ્રમાણે કામ કરશે તો બની શકે ધર્મેશ દેસાઈ તને બે-ચાર કરોડ રૂપિયા પણ આપે. લાંબી ડ્રાઈવ છે. તું શાંતિથી વિચારી લે, તારે શું જોઈએ છે? ધર્મેશ દેસાઈની રકમ કે પંડિતની ગોળી?!'

(ક્રમશઃ)

ચિત્રલેખા
પ્રિયદર્શિની
૩ ઓગસ્ટ, ૨૦૨૦ આજની ટ્રેન્ડી-શનલ નારીનું મૅગેઝિન

ચૅલ્લવ્વા

કથ્થકે અપાવી ઓનલાઈન કીર્તિ...

ઑનલાઈન વાઈવા આપવા મૂંઝાતી વિદ્યાર્થિનીએ ઘરમાં ‘નાગમંડલ’ નાટકનું નૃત્યનાટિકામાં રૂપાંતરણ કરવાનો પ્રયોગ કરીને કઈ રીતે સફળતા મેળવી? વાંચો, બંગાળી કન્યા **કાવ્યશ્રી દાસગુપ્તા**ની કસોટી-કથ્થકકથા.

મહેશ શાહ

ગાંધીનગરની *પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી* (પીડીપીયુ)ની *બી.એ. ઈન માસ કમ્યુનિકેશન્સ*ની વિદ્યાર્થિની કાવ્યશ્રી દાસગુપ્તાએ પ્રસિદ્ધ અભિનેતા (હવે સ્વર્ગીય) ગિરીશ કર્નાડના વિખ્યાત કન્નડ નાટક *નાગમંડલ*ના અંગ્રેજી અનુવાદિત પુસ્તકમાંથી *નાગમંડલમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા* વિશે રસપ્રદ અભ્યાસ કરીને અંગ્રેજી ડેઝર્ટેશન તૈયાર કર્યું હતું, જેનો ૯ જૂને વાઈવા થવાનો હતો.

વિખ્યાત લેખક-અભિનેતા-દિગ્દર્શક ગિરીશ કર્નાડે ૧૯૮૮માં લખેલા કન્નડ નાટક *નાગમંડલ*માં નવપરિણીતા રાનીને પતિ સાથે વૈવાહિક સંબંધમાં તિરાડ, રાનીનો નાગ સાથે પરિચય, ગર્ભવતી રાનીના ચારિત્ર્ય સામે શંકા, ચારિત્ર્યની કસોટી, પુરુષ અવતાર, વગેરે પ્રસંગો છે. નાટકના આધારે ૧૯૯૭માં *નાગમંડલ* કન્નડ ફિલ્મ બની તથા

અંગ્રેજી અને અન્ય ભાષામાં અનુવાદિત નાટક દેશ-વિદેશમાં ભજવાયાં.

અમદાવાદની *ગુજરાત યુનિવર્સિટી*ના અંગ્રેજી વિભાગનાં પૂર્વ અધ્યક્ષ અને નારીવાદી પુસ્તકોનાં જાણીતાં લેખિકા-વક્તા ડૉ. રંજના હરીશ કહે છે: *'નાગમંડલ*માં પિતૃપ્રધાન સમાજવ્યવસ્થાના લીધે નાયિકાએ કસોટી આપવી પડે છે. એમાં પુરુષોની સત્તા ખુલ્લી પડે છે. સામાન્ય સંજોગમાં જોઈએ તો સ્ત્રીનો પોતાના શરીર પર અધિકાર દેખાતો નથી. દરેક પુરુષ પિતૃસત્તાક નથી હોતો. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે: *બાલ્યાવસ્થામાં છોકરીના શરીરનું એનાં માતા-પિતા, લગ્ન બાદ પતિ અને વૃદ્ધાવસ્થામાં સંતાન-પુત્ર રક્ષણ કરે છે.'*

આવા નારીવાદી પ્રચલિત કથાનકમાં કાવ્યશ્રીને રસ પડ્યો એથી વાઈવા વખતે *નાગમંડલ* વિશેનાં પ્રેઝન્ટેશનનાં તારણો અને નિરીક્ષણોને સહાધ્યાયીના સહયોગથી એ લઘુ નાટક રૂપે રજૂ કરવાની હતી.

અચાનક *કોરોના* મહામારી પ્રસરવાથી ગુજરાત સરકારે રાજ્યવ્યાપી લૉકડાઉન જાહેર કર્યું એથી ચિંતિત કાવ્યશ્રીએ વાઈવા અને પ્રેઝન્ટેન્શન અંગે પ્રોજેક્ટ ગાઈડ *પીડીપીયુ*ના *સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ*ના ડિરેક્ટર ડૉ. પ્રોફેસર નિગમ દવેનું માર્ગદર્શન લીધું, જે કહે કે ૯ જૂને ઑનલાઈન વાઈવા થશે.

વાઈવામાં શું થયું?

નવ જૂને ઑનલાઈન વાઈવા થયો. કાવ્યશ્રી સુરતમાં ઘેર બેઠી હતી. ગાઈડ નિગમ દવે, *પીડીપીયુ*ના ભાષા, સાહિત્ય, સૌંદર્યશાસ્ત્ર વિભાગના વડા પ્રાધ્યાપક ડૉ. પ્રદીપ મલિક, જ્યુરી અમદાવાદનાં પ્રોફેસર ડૉ. રંજના હરીશ અને પ્રોફેસર ડૉ. ઋચા બ્રહ્મભટ્ટ તથા દિલ્હીના ડૉ. રાજેન્દ્ર ગુપ્તા જુદાં જુદાં સ્થળે બેઠાં હતાં.

મોરપીંછ રંગની સાડી અને સુવર્ણ આભૂષણોથી સજ્જ કાવ્યશ્રીએ સુરતમાં પોતાના ફ્લૅટના એક રૂમમાં પ્રિરેકૉર્ડેડ મ્યુઝિક, સોન્ગ્સ અને કથાનક વૃત્તાંત સંગે *નાગમંડલ*ની નાયિકા રાનીના પ્રેમ, આનંદ, વિરહ, વેદના, ગ્લાનિ, વગેરે ભાવ ૧૭.૩૫ મિનિટના કથ્થક નૃત્ય દ્વારા રજૂ કર્યા. મેકઅપ દ્વારા અર્ધનારેશ્વરરૂપ રજૂ કર્યું. ત્રિશૂલ, દર્પણ, સિંદૂર, ફૂલમાળાને હસ્તમુદ્રાના વિનિયોગ સાથે સાંકળીને વિવિધ ભાવ દર્શાવ્યા. નેરેશનમાં



થિમેટિક પરફોર્મન્સ ચૅલેન્જ છે.

ઈતિહાસ પ્રસિદ્ધ નારી અને આજની નારીની સ્થિતિ વર્ણવી ઉપરાંત બૅકગ્રાઉન્ડમાં પાંચ હિંદી ફિલ્મગીત રજૂ થયાં. સોલો કથ્થક નૃત્ય પરફોર્મન્સ બાદ એણે જ્યુરીના પ્રશ્નોના ઉત્તર આપ્યા. કથ્થક નૃત્યનાટિકાનો પ્રયોગ વખાણાયો. કાવ્યશ્રી *પ્રિયદર્શિની*ને કહે છે કે સ્ત્રી માત્ર દેવી નથી અને દાસી પણ નથી, એ સ્ત્રી પણ છે.

જાણીને નવાઈ લાગશે કે *નાગમંડલ* નૃત્યનાટિકા માટે એણે કન્સેપ્ટ, સ્ક્રિપ્ટ, કોરિયોગ્રાફી, ડિરેક્શન, નેરેશન, મ્યુઝિક એરેન્જમેન્ટ, વગેરે ઘેરબેઠાં કર્યાં. જગા, કૉસ્ચ્યુમ, સંગીત, કોરસ, લાઈટની મર્યાદા છતાંય સોલો કથ્થક નૃત્ય કર્યું. કૉસ્ચ્યુમ માટે મમ્મી અને ઑડિયો-વિડિયો રેકૉર્ડિંગ માટે નાની બહેને મદદ કરી.

જ્યુરી ડૉ. રંજના હરીશના મતે *નાગમંડલ* ગદ્ય નાટકને પદ્યમાં ઢાળી નૃત્યમાં પરિવર્તિત કરી તાલ, સ્વર, વગેરે સાથે પરફોર્મ કરવાનો સુંદર પ્રયાસ હતો. પ્રાધ્યાપક નિગમ દવે કહે છે કે ઑનલાઈન વાઈવામાં સ્ટુડન્ટ દ્વારા શાસ્ત્રીય નૃત્યનાટિકા રજૂ કરવાનો પ્રથમ નવતર પ્રયોગ છે. થિમેટિક પરફોર્મ કરવું ચૅલેન્જરૂપ હતું.

*પીડીપીયુ*ના પ્રાધ્યાપક ડૉ. પ્રદીપ મલિક *માસ કમ્યુનિકેશન*માં *પીએચ.ડી.* ધરાવે છે. ગુજરાતનાં અખબારોમાં તંત્રી તરીકે વર્ષો સુધી કામ કરી ચૂકેલા પ્રાધ્યાપક ડૉ. પ્રદીપ મલિક કહે છે કે માસ કમ્યુનિકેશનમાં પ્રોજેક્ટ કે પરફોર્મન્સ બેઝ્ડ પ્રેઝન્ટેશન પર અમે વધુ ભાર મૂકીએ છીએ. આ અગાઉ બે સ્ટુડન્ટે અનુક્રમે ફિલ્મ અને નાટકનિર્માણની સમગ્ર પ્રક્રિયા રજૂ કરી હતી. નૃત્ય પરફોર્મન્સથી વિદ્યાર્થીની સુષુપ્ત શક્તિ ખીલે છે-વિકસે છે.

કોણ છે આ નૃત્યપ્રેમી વિદ્યાર્થિની?

બંગાળી યુવતી કાવ્યશ્રીનો જન્મ બંગાળના દુર્ગાપુરમાં. એના પિતા સુપ્રભાત દાસગુપ્તા એન્જિનિયર અને માતા કાકોલી અંગ્રેજીનાં શિક્ષિકા છે. એમને બે પુત્રી કાવ્યશ્રી અને કૌશાની.

કાવ્યશ્રી બાળવયે ઘરઆંગણે શોખથી કથ્થક શીખી. દાસગુપ્તા પરિવાર દસ વર્ષથી સુરત રહે છે. કાવ્યશ્રીએ વર્ષ ૨૦૧૬માં *પીડીપીયુ*માં અભ્યાસ દરમિયાન *પર્સેપ્ટિવ્સ ઑફ પ્રોસ્ટિટ્યૂટ* લઘુ નાટક લખ્યું-ભજવ્યું તેમ જ દેવદાસી પ્રથા આધારિત અંગ્રેજી *ફિક્શન ધ દેવદાસી ઈન સ્કાર્લેટ* (The Devadasi in Scarlet) લખી.

ગત જૂનમાં કુઆલાલમ્પુર-મલયેશિયામાં યોજાયેલી *જેન્ડર ઍન્ડ વીમેન્સ સ્ટડી કૉન્ફરન્સ*માં ભાગ લીધો હતો. અહીં દેશ-વિદેશના ૪૦ સ્કૉલરમાં કાવ્યશ્રી સૌથી નાની વયની હતી. એણે સ્ત્રીકેન્દ્રી કથાનકની ૨૦ હિંદી ફિલ્મોની અસરો વિશે સંશોધન પેપર રજૂ કર્યું. એ માટે *ગુલાલ ગૅન્ગ, ડર્ટી, મેરી કૉમ, લિપસ્ટિક અન્ડર માય બુરખા,* વગેરે ફિલ્મોનો અભ્યાસ કર્યો. એ કહે છે કે પ્રત્યક્ષ-પરોક્ષપણે સ્ત્રીસમસ્યા દર્શાવતી અનેક હિંદી ફિલ્મો બની, પરંતુ બહુધા દર્શકોએ મસાલા કે મનોરંજક ફિલ્મો વધુ પસંદ કરી. કદાચ એથી સ્ત્રીઓની સમસ્યાનો ઝટ ઉકેલ આવ્યો નથી. સ્ત્રીકેન્દ્રી વિષયની ઘણી ફિલ્મો બૉક્સ ઑફિસ પર સફળ થઈ નથી.

*ઍડ્વર્ટાઈઝિંગ ઍન્ડ માર્કેટિંગ કમ્યુનિકેશન*નો અભ્યાસ કરવા અને લેખક બનવા ઈચ્છતી કાવ્યશ્રી દાસગુપ્તા કહે છે: 'સમાજના નબળા વર્ગની સ્ત્રીઓની સમસ્યા મારે જુદાં જુદાં માધ્યમ દ્વારા રજૂ કરવી છે.'

આમ કથા અને કથ્થકની કસોટીએ કાવ્યશ્રીને કીર્તિ અપાવી છે.

સો વર્ષ સુધી સુખી ને સક્રિય રહેવું છે?!

‘ઇકિગાઇ’ એટલે સો–સવા સો વર્ષ સુધી આનંદપૂર્વક જીવવાની કળા. જપાનના ઓકિનાવા પ્રદેશનાં સ્ત્રી–પુરુષોએ સહજપણે અપનાવી લીધેલી આ સરળ વિદ્યા આપણે પણ શીખવા જેવી છે.



આ બેસ્ટસેલર પુસ્તક બે લેખક મિત્રો હેક્ટર ગાર્શિયા-ફ્રાન્સિસ મિરેલ્સે સાથે મળીને લખ્યું છે.

શિશિર રામાવત (અમદાવાદ)

કોરોના વાઇરસથી બચવા અત્યારે લગભગ સમસ્ત માનવજાત પોતપોતાનાં ઘરમાં કેદ થઈ ગઈ છે ત્યારે આપણને સમજાઈ ગયું છે કે આપણી મૂળભૂત જરૂરત તો આ ત્રણ જ છે: *બે ટંક પેટ ભરાય એટલો ખોરાક, શરીર ઢંકાય એટલાં કપડાં ને માથા પર છત.*

ઓકે ચાલો, રોટી, કપડાં ઔર મકાનની સાથે ચોથી વસ્તુ પણ ઉમેરી દો, દવા-તબીબી ઉપચાર. આ રીતે ટકાવી રાખેલા જીવનને આનંદમય પણ બનાવવું હોય તો માનવીય સંબંધો, પ્રેમ, આત્મીયતા, મૈત્રી અને એકમેકની દરકાર લેવાની વૃત્તિની પણ જરૂર પડશે. જે વૈભવી અને ફેન્સી લાઇફસ્ટાઇલ માટે આપણે ઘાંઘા થઈને દોડમૂદોડ કરતા હતા એ તમામની નિરર્થકતા કોરોના વાઇરસે સ્પષ્ટ કરી આપી.

આ પરિસ્થિતિમાં *ઇકિગાઇ* નામનો જપાની શબ્દ એકદમ પ્રસ્તુત બની ગયો છે. *ઇકિગાઇ* એટલે હંમેશાં સક્રિય રહેવાનો આનંદ. બીજા શબ્દોમાં કહીએ તો જીવનનો ઉદ્દેશ યા તો પછી સુખી જીવન જીવવાની ચાવી. આ એક સરસ મજાનું અંગ્રેજી પુસ્તક છે:

ઈકિગાઈ-ધ જપાનીઝ સિક્રેટ ટુ અ લોન્ગ ઍન્ડ હૅપી લાઈફ.

આ બેસ્ટસેલર પુસ્તક **હેક્ટર ગાર્શિયા** અને **ફ્રાન્સિસ મિરેલ્સ** નામના બે લેખકે સાથે મળીને લખ્યું છે. બન્ને મિત્ર છે. એક સ્પેનના બાર્સિલોના શહેરમાં રહે ને બીજો જપાનના ટોકિયો શહેરમાં. બન્ને એકબીજાનાં કામથી પરિચિત, પણ મળવાનું ભાગ્યે જ બને. આખરે એક દિવસ એમનો મેળાપ થયો ત્યારે સાઈકોલૉજી, વેસ્ટર્ન ફિલોસોફી, વગેરે જેવા કેટલાય વિષયોની ચર્ચા થઈ. વાતવાતમાં ઈકિગાઈ વિશે પણ વાત થઈ.

જપાનીઓ સામાન્યપણે લાંબું જીવે છે એ જાણીતી વાત છે. દક્ષિણ જપાનમાં ઓકિનાવા નામનો નાના નાના ટાપુઓનો એક સમૂહ છે, જેની કુલ વસતિ ૧૪.૫ લાખ કરતાં વધારે નહીં હોય. અહીં વસતા દર સો માણસમાંથી ૨૪ વ્યક્તિની ઉંમર સો વર્ષ કરતાં વધારે છે! દુનિયાના કોઈ પણ હિસ્સા કરતાં ઓકિનાવાના નાગરિકોની સરેરાશ ઉંમર વધારે છે.

શું છે એનું કારણ?

હેક્ટર ગાર્શિયા અને ફ્રાન્સિસ મિરેલ્સે આ વિષયમાં ઊંડા ઊતરવાનું નક્કી કર્યું. એમણે આખો પ્રોજેક્ટ ઘડી કાઢ્યો ને પછી પોતાનો સરંજામ લઈને પહોંચી ગયા ઓકિનાવા. સો વર્ષ વટાવી ચૂકેલાં સો તંદુરસ્ત સ્ત્રી-પુરુષોના એમણે લાંબા ઈન્ટરવ્યૂ કર્યા. સૌને પૂછવામાં આવેલો મુખ્ય સવાલ તો આ એક જ હતો:

તમારા દીર્ઘ અને સુખી જીવનનું રહસ્ય શું છે?

ગામમાં ઉત્સવ જેવો માહોલ થઈ ગયો. લેખકોએ જોયું કે આ તમામ સુપર સિનિયરો ખુશખુશાલ છે. બધાં ખૂબ હસમુખાં ને હૂંફાળાં છે. સતત ખુદની અને એકમેકની મસ્તીમજાક કર્યા કરે છે. એમનામાંથી જાણે કે ક્યારેય ન ખતમ થતા આનંદનો અખૂટ ઝરો વહે છે. જાણે કે એ બધાં કશુંક *ભાળી* ગયાં છે.

જે સો લોકોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા એ તમામ લોકોને બાગકામનો ખૂબ શોખ હતો. એ ઘરમાં શાકભાજી ઉગાડતાં હતાં. સૌ કોઈક ને કોઈક સામાજિક સંસ્થા કે મિત્રમંડળનાં સભ્ય હતાં, સૌ સામાજિક સ્તરે ઍક્ટિવ-સક્રિય હતાં. આ સોશિયલ ગ્રુપ્સમાં એમને પરિવાર જેવી જ હૂંફનો અનુભવ થતો. એ બધાં સતત કંઈક ને કંઈક સેલિબ્રેટ કરતાં જ હોય. કાં કોઈનો જન્મદિવસ હોય કાં કોઈક તહેવાર હોય. એમનું નાચવા-ગાવાનું જાણે અટકવાનું નામ જ ન લે. સમજોને કે સંગીત અને નૃત્ય એમના દૈનિક જીવનનો જ એક ભાગ છે. નાનામાં નાનું કામ પણ એ ખૂબ ઉમંગ અને ચીવટથી કરે. પોતાની સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે એમને ખૂબ માન. મજાની વાત એ કે આટલી ઉંમરે પણ કોઈ નિષ્ક્રિય ન બેસે. તમને બધા સતત બિઝી દેખાય.

સૌની સાથે વાતચીત કરીને, જે કંઈ સામગ્રી મળી એનું વ્યવસ્થિત સંપાદન કરીને વિક્ટર ગાર્શિયા અને ફ્રાન્સિસ મિરેલ્સે સંયુક્તપણે *ઈકિગાઈ: ધ જપાનીઝ સિક્રેટ ટુ અ લોન્ગ ઍન્ડ હૅપી લાઈફ* પુસ્તક લખ્યું છે.

આ પુસ્તકમાં એક વાત ઊભરીને એ આવે છે કે સુખેથી જીવવા માટે આપણી ઈકિગાઈ શું છે એટલે કે આપણા જીવનની સાર્થકતા કઈ વાતમાં છે એની આપણને ખબર હોવી જોઈએ. ઈકિગાઈનો સીધો સંબંધ તમે કેટલા જલદી *ફ્લો*માં આવી શકો છો એની સાથે છે.

મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો ફ્લોમાં આવવું એટલે જે-તે કામમાં તલ્લીન થઈ જવું. હાથમાં લીધેલી પ્રવૃત્તિમાં એટલા ઊંડા ઊતરી જવું કે બીજું બધું ભુલાઈ જાય. જાણે કે બીજા કશાનું અત્યારે મહત્ત્વ કે અસ્તિત્વ જ નથી. રમમાણ-તન્મય થઈ જવાની આ લાગણી એટલી બધી આનંદદાયક હોય છે કે એ અનુભવવા માટે માણસ કોઈ પણ કિંમત ચૂકવવા માટે તૈયાર થઈ જતો હોય છે. મહાન ખેલાડીઓ જ્યારે રમતના મેદાન પર અદ્‌ભુત દેખાવ કરતા હોય ત્યારે સમજી જવાનું કે એ અત્યારે ફ્લોમાં છે. કોઈ સંગીતકાર, ગીતકાર, અભિનેતા, ચિત્રકાર કે લેખકની સર્જનાત્મકતા તમને ચકિત કરી નાખે ત્યારે સ્વીકારી લેવાનું કે આ સર્જન એણે ફ્લોમાં આવીને કર્યું છે.

આ ફ્લોમાં કઈ રીતે આવવું?

પુસ્તકમાં ફ્લોમાં આવવા માટેની સાત પૂર્વશરત ગણાવી છે:

તમને ખબર હોવી જોઈએ કે શું કામ કરવાનું છે, કેવી રીતે કરવાનું છે, તમે એ કામ કેટલી સારી રીતે કરી શકો એમ છો, કામને કયા સ્તરે લઈ જવાનું છે, આ કામ કરતી વખતે કયા પડકાર આવશે, એ પડકારને પહોંચી વળવા કયા

> ***સુખી અને દીર્ઘ આયુષ્યનું રહસ્ય છે, ચિંતા નહીં કરવાની. મનથી-દિલથી યુવાન રહેવાનું. બુઢ્ઢા જેવા વિચારો કે લાગણીઓને નજીક ફરકવા પણ નહીં દેવાની.***

કૌશલ્યની જરૂર પડશે અને તમારું ધ્યાનભંગ કરી શકતી વિવિધ બાબતથી શી રીતે બચવાનું છે...

એવું બિલકુલ ન માની લેતા કે આપણે જેની વાત કરી રહ્યા છીએ એ અતિ વરિષ્ઠ જપાની નાગરિકો કલાકાર ને ખેલાડી છે. ના રે ના. દુન્યવી અર્થમાં જોઈએ તો એ સૌ સાધારણ સ્ત્રી-પુરુષો જ છે, પણ તોય એ ફ્લોમાં જીવે છે. એમની પાસેથી શીખવા જેવું એ છે કે સરસ અને ખૂબ લાંબું જીવવા માટે પોતપોતાનો આનંદનો ઝરો જાતે શોધી લેવો જોઈએ.

ઓકિનાવાના નાગરિકોના દીર્ઘ આયુષ્ય વિશે ઘણાં સંશોધનો થયાં છે. સાદું તારણ એવું નીકળ્યું છે કે પૌષ્ટિક ખાણી-પીણી, સરળ જીવન, સમૂહમાં હળીમળીને રહેવાની વૃત્તિ અને સારું હવામાન આ છે એમના લાંબા અને સુખી જીવનનું રાઝ. પુસ્તકમાં લાંબી અને આનંદપૂર્ણ જિંદગી જીવવાની ટિપ્સ ઠેર ઠેર વેરાયેલી છે. હવે પછીના શબ્દો ઓકિનાવાનાં કેટલાંક અલગ અલગ સુપર સિનિયર સિટિઝનના છે. એમની ઉંમર ૧૦૦થી ૧૨૨ વર્ષ સુધીની છે!

આ લોકોનાં નામનું મહત્ત્વ નથી, પણ એ બધાં શું કહે છે એ ધ્યાનથી સાંભળો...

■ સુખી અને દીર્ઘ આયુષ્યનું રહસ્ય છે, ચિંતા નહીં કરવાની. મનથી, દિલથી યુવાન રહેવાનું. બુઢ્ઢા જેવા વિચારો કે લાગણીઓને નજીક ફરકવા પણ નહીં દેવાની. ખડૂસ નહીં બનો. કોઈની પણ સાથે વાત કરો તો દિલથી વાત કરો, ચહેરા પર સ્મિત લાવીને વાત કરો. જો તમે હસમુખા હશો તો તમારા પૌત્રો, પ્રપૌત્રો સહિત સૌકોઈના પ્રિય બની શકશો.

■ હંમેશાં પોતાની જાતને કહેતા રહેવું કે બધું બરાબર છે, કશી ચિંતા કરવાની જરૂર નથી. એવરીથિંગ ઈઝ ફાઈન.

■ અજંપો જેવું લાગતું હોય, મન ઉચ્ચક થઈ ગયું હોય તો એનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે, ઘરમાંથી બહાર નીકળીને શેરીમાં આવી જાઓ. આવતા-જતા સૌકોઈને *કેમ છો? મજામાં?* કહો. સૌ સાથે હળોમળો. હું આવું રોજ કરું છું.

લાંબું જીવન જીવવાનો એક સચોટ મંત્ર છે. બધાને હળો-મળો સાથે હસો... અમે સાથે જિમમાં જઈએ હળવી કસરત કરીએ અને શનિ-રવિની રજામાં પાર્ટીઓ પણ કરીએ.

પછી ઘરે આવીને મેં ઉગાડેલાં શાકભાજી અને ફળફળાદિની સારસંભાળ લઉં છું. બપોરે મારા દોસ્તારો સાથે સમય પસાર કરું છું.

■ હું રોજ સવારે છ વાગે ઊઠીને પહેલું કામ બારીનો પડદો હડસેલી મારા બગીચામાં નજર ફેરવવાનું કરું છું. પછી બહાર જઈ છોડવાઓને પાણી પાઉં છું. બગીચામાં એક કલાક પસાર કરું એટલે હું રિલેક્સ થઈ જાઉં. પછી હું ઘરમાં જઈ મારા માટે સવારનો નાસ્તો તૈયાર કરું.

■ મોટી ઉંમરે દિમાગ સતેજ રાખવાની ચાવી તમારી આંગળીઓમાં છે. યાદ રાખો, તમારી આંગળીઓ અને મગજ વચ્ચે સીધો સંબંધ છે. જ્યાં સુધી તમારી આંગળીઓ એટલે કે હાથ ચાલતા રહેશે ત્યાં સુધી તમારાં તન-મનની ચુસ્તી-દુરસ્તી જળવાઈ રહેશે.

■ કામ કરો... કામ કરો... કામ કરો. જો તમે ઍક્ટિવ નહીં રહો તો તમારું શરીર અને મન, બન્ને તંત્ર ખોરવાઈ જશે.

■ હું રોજ સવારે ઊઠીને મારા બાપ-દાદાઓની તસવીરો સામે અગરબત્તી કરું છું. તમારે તમારા પૂર્વજોને ક્યારેય ભૂલવા ન જોઈએ. દિવસમાં પહેલું કામ હું એમના પ્રત્યે કૃતાર્થતા વ્યક્ત કરવાનું કરું છું.

■ સુખી અને લાંબું જીવન જીવવું હોય તો આ ત્રણ વસ્તુ કરવી: *નિયમિત કસરત, પૌષ્ટિક ભોજન અને લોકો સાથે હળવું-મળવું.*

■ મારા જીવનનો સૌથી મોટો ઉદ્દેશ જ આ છે: દોસ્તો સાથે સમય વિતાવવો. અમે બધા રોજ ભેગા થઈને દુનિયાભરની વાતો કરીએ છીએ. મને ખબર હોય છે કે આ બધા મને રોજ મળવાના છે. મારા જીવનનો આ સૌથી મોટો સધિયારો છે.

■ તમે જેમને ચાહતા હો એ સ્વજનો અને પ્રિયજનો સાથે રોજ વાતચીત કરવી. આ છે દીર્ઘાયુષનું રહસ્ય.

■ હું રોજ સવારે સાડા સાતે ઘરની બહાર શેરીમાં ખુરસી નાખીને બેસું છું. પછી રસ્તે આવતા-જતા લોકોનું હાથ હલાવીને, હસીને અભિવાદન કરું. *કેમ છો?* પૂછું. સ્કૂલે જતાં બાળકોને *સંભાળીને જજો, હમ્મ્...* એવું કહું. એકાદ કલાક પછી ઘરમાં જઈને મારાં કામે વળગી જાઉં.

■ મારી દિનચર્યા કંઈક આવી છે. રોજ સવારે પાંચ વાગે હું ઘરની બહાર નીકળી જાઉં. કલાક-દોઢ કલાક ચાલુ. પછી સીધો મારા મિત્રને ઘરે જાઉં. અમે સાથે ચા-પાણી કરીએ. લાંબા આયુષ્યનું આ જ તો સિક્રેટ છે: લોકો સાથે હળીમળીને આનંદ કરવાનો ને ફરતાં રહેવાનું.

■ હું રોજ મારી જાતને કહું છું: *મારો આજનો દિવસ એકદમ મજામાં જવાનો, મારી તબિયત ટનાટન રહેવાની. હું આજે પણ ભરપૂર જીવીશ.*

■ હું એકસો બે વર્ષનો થયો, પણ મને નથી લાગતું કે હું વૃદ્ધ છું. મારે તો હજુ કેટલું બધું કરવાનું બાકી છે.

■ હસો. હસતા રહો. હસવા કરતાં વધારે મહત્ત્વનું બીજું કશું જ નથી.

■ તમારા પૌત્રો અને પ્રપૌત્રો સાથે નાચો, ગાઓ, રમો... જીવનમાં આનાથી વધારે સુંદર બીજું કશું જ નથી.

■ હું બીજાઓને કામ આવું છું, સ્વયંસેવક તરીકે કામ કરું છું, જેમ કે કોઈ બીમાર હોય તો મારી કારમાં એને હૉસ્પિટલે લઈ જાઉં, વગેરે. સમાજે મને ખૂબ આપ્યું છે. મારે હવે સમાજ માટે મારાથી થાય એટલું કરવું છે...

બોલો, આમાં ક્યાંય કશુંય કૉમ્પ્લિકેટેડ કે ન સમજાય એવું છે? ક્યાંય ધર્મ કે ફિલોસોફીની ભારેખમ વાતો છે?!

જપાનનાં આ દીર્ઘાયુષી સ્ત્રી-પુરુષો પાસેથી આપણે એ જ શીખવાનું છે કે સુખી અને લાંબું જીવવા માટે પાંડિત્યભર્યા જ્ઞાન કે માહિતીના બોજ તળે દબાઈ જવાની જરૂર નથી. અહંકાર રાખવાની કે લઘુતાગ્રંથિ યા તો અપરાધીભાવથી પીડાવાની પણ જરૂર નથી. બસ, સ્વાભાવિકપણે જીવવાનું છે. જીવનનાં મહાનતમ સત્યો સહજ અને સરળ જ હોય છે.

*કોરોના*ના લૉકડાઉને પણ આપણને આ જ વાત સાનમાં સમજાવી દીધી છેને?!

જયેશ ચિતલિયા

સંખ્યાબંધ સ્ટાર્ટ-અપ્સના અંતનો આરંભ..!

‘સ્ટાર્ટ–અપ્સ ઈન્ડિયા’ માટે કેટલીય સારી–આશાવાદી વાતો થઈ–રાહત ને પ્રોત્સાહનના નામે નવી આશા જગાડવામાં આવી, પણ અચાનક પલટાયેલી પરિસ્થિતિમાં બધાનાં ભાવિ અદ્ધર થઈ ગયાં છે. સરકાર આના ઉપાય માટે યુદ્ધના ધોરણે નક્કર કદમ ભરે એની રાહ જોયા વિના સમય વર્તીને ઘણાં સ્ટાર્ટ–અપ પોતે જ દિશા બદલી રહ્યાં છે...

કોરોનાના કોપને લીધે ભારતનાં સંખ્યાબંધ સ્ટાર્ટ-અપનો આરંભના અમુક સમયમાં જ અંત આવી ગયો છે. અનેક સ્ટાર્ટ-અપ કાગળ પર જ રહી ગયાં છે અને જે થોડાં કાર્યરત થયાં હતાં એ રોકાણના અભાવે અટવાઈ ગયાં છે.

સમગ્ર સ્ટાર્ટ-અપ્સ સેગ્મેન્ટ પર *કોવિડ-૧૯*ની ગંભીર અસર નોંધાઈ છે. રાષ્ટ્રીય સ્તરની વેપાર-ઉદ્યોગ સંસ્થા *ફિક્કી* (ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ)ના એક વ્યાપક સર્વેક્ષણનું તારણ આમ બોલે છે.

*કોવિડ-૧૯*ના પરિણામે સરકારના અગ્રતાક્રમ બદલાયા છે અને કૉર્પોરેટ્સ કંપનીઓ સામે વેપારની અનિશ્ચિતતા સર્જાઈ છે. લાંબા લૉકડાઉનને કારણે અસંખ્ય સ્ટાર્ટ-અપ આર્થિક સંકટમાં અટવાઈ ગયાં છે. નવા બિઝનેસ પ્લાન તથા નવાં રોકાણ પણ અટકી ગયાં છે.

કોસ્ટ કટિંગનો વ્યાપ

*ફિક્કી*એ *ઈન્ડિયન એન્જલ નેટવર્ક* સાથે મળીને કરેલા રાષ્ટ્રીય સર્વે અનુસાર *કોવિડ-૧૯*ની અસર રૂપે ૭૦ ટકા સ્ટાર્ટ-અપ્સ સંઘર્ષ કરી રહ્યાં હોવા ઉપરાંત ૧૨ ટકા સ્ટાર્ટ-અપ્સે કામકાજ બંધ કરી દીધાં છે. ૬૦ ટકા સ્ટાર્ટ-અપ્સ સંખ્યાબંધ અવરોધ સામે લડી રહ્યાં છે. ૩૦ ટકા સ્ટાર્ટ-અપ્સે વહીવટી અને રોજિંદા ખર્ચ પર કાપ મૂક્યા છે. ૪૩ ટકા સ્ટાર્ટ-અપ્સે કર્મચારીઓને છૂટા કર્યા છે, જ્યારે ૪૩ ટકાએ એપ્રિલથી જૂનમાં ૨૦થી ૪૦ ટકાની રેન્જમાં પગારકાપ મૂક્યો છે. હાલ માત્ર ૨૨ ટકા સ્ટાર્ટ-અપ્સ પાસે ત્રણથી છ મહિના ચાલે એટલી કૅશ રિઝર્વ છે. ૩૩ ટકા કેસમાં ઈન્વેસ્ટરોએ એમનાં રોકાણના નિર્ણય અટકાવી દીધા છે, જ્યારે દસ ટકા કિસ્સામાં તો ડીલ જ રદ કરી દેવામાં આવે છે. કેવળ આઠ ટકા કેસમાં ડીલ મુજબ રોકાણ થયાં છે.

નિયમિત આવક ને રેવન્યૂ મૉડેલ કયાં?

સ્ટાર્ટ-અપ્સનો અભ્યાસ ધરાવનારા ટોચના ટૅક્સ એક્સપર્ટ અને વિશ્વભરમાં સલાહકારી સર્વિસ આપતી કંપની ધ્રુવ ઍડ્વાઈઝર્સના સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર **દિનેશ કાનાબાર** *ચિત્રલેખા* સાથેની વાતચીતમાં કહે છે કે સંખ્યાબંધ સ્ટાર્ટ-અપ્સ માત્ર ઈન્વેસ્ટમેન્ટ મેળવવાના પ્રયાસમાં છે, જેમની કોઈ નિયમિત આવક નથી. ઘણાં વૅલ્યુએશનની રમતમાં સક્રિય છે, જેથી માત્ર પોતાનું નામ કે બ્રાન્ડ બનાવી એ સાહસ બીજી સક્ષમ પાર્ટીને ઊંચા ભાવે વેચી દઈ નાણાં ઘરભેગાં કરવાની ફિરાકમાં કહી શકાય. મોટા ભાગનાં સ્ટાર્ટ-અપ્સ પાસે નક્કર રેવન્યૂ મૉડેલ જ નથી. આવાં સ્ટાર્ટ-અપ્સનું ટકી શકવાનું મુશ્કેલ છે. ઈક્વિટી યા ડેટમાર્ગે નાણાં ઊભાં કરી બિઝનેસ ચલાવવા માગતાં સાહસો માટે હાલની સ્થિતિમાં ભંડોળ મેળવવાનું કઠિન બન્યું હોવાનું સ્પષ્ટ કરતાં દિનેશ કાનાબાર કહે છે કે હવે નવા અજોડ આઈડિયાવાળાં સાહસ જ ક્લિક થશે-ચાલશે.

નવા કયાં ફીલ્ડ-સેક્ટર છે?

હાલ કયા ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ્સ માટે અવકાશ કે સારી તક છે? એના જવાબમાં દિનેશ કાનાબાર કહે છે કે હેલ્થ-કૅર, ફિનટેક (ફાઈનાન્સ અને ટેક્નોલૉજી), ઑનલાઈન એજ્યુકેશન, બાયોટેક્નોલૉજી, ટેલિકૉમ સર્વિસીસ અને કૃષિ ક્ષેત્રે વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ સેક્ટરમાં સફળતા અને વિકાસની તક વધુ હોવાથી ઈન્વેસ્ટર્સ આ સેક્ટર્સ માટે ઉત્સુક છે. અનેક સ્ટાર્ટ-અપ બદલાતા સમયને ધ્યાનમાં રાખી હવે નવા પ્લાન ઘડી રહ્યાં છે. કરુણતા એ છે કે અત્યારનાં મોટા ભાગનાં સ્ટાર્ટ-અપ પાસે વધુ ત્રણથી છ મહિના ચાલે એટલી આર્થિક ક્ષમતા છે.

કરલાભ કોને આપવો?

કરરાહત આપીને સ્ટાર્ટ-અપ્સને ટેકો આપી શકાય? એના જવાબમાં દિનેશભાઈનું કહેવું છે કે જે સ્ટાર્ટ-અપ્સ નફો જ નથી કરતાં, એમને કરલાભ આપવાનો કોઈ અર્થ નથી. હા, એના ઈન્વેસ્ટર્સને કરલાભ આપવાથી ફરક પડી શકે અને આ સાહસોને ધિરાણ આપનારાને વ્યાજ પર કરરાહત આપવાથી કંઈક ફરક પડી શકે. સ્ટાર્ટ-અપ્સને અત્યારે તો ભંડોળ સહાય, સરકારી ઑર્ડર્સનો ટેકો મળવાની જરૂર છે.

સ્ટાર્ટ-અપ્સની ભંડોળની-પ્રવાહિતાની સમસ્યાને ધ્યાનમાં રાખી વેપાર-ઉદ્યોગના મંત્રી પીયૂષ ગોયલે થોડો વખત પહેલાં *ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ* (ડીપીઆઈઆઈટી)ને *કોવિડ-૧૯* સંબંધિત સ્ટાર્ટ-અપ્સ યોજનાઓના પ્રસ્તાવોનો ઝડપી નિકાલ લાવવા સૂચના આપી છે તેમ જ *સિડબી* (સ્મૉલ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બૅન્ક ઑફ ઈન્ડિયા)ને ભંડોળ ઉપલબ્ધ કરવા પણ કહ્યું છે.

જોઈએ, આનાં શું પરિણામ આવે છે...

નફરતના તમંચા પર ડિસ્કો...

સુશાંતસિંહ રાજપૂતનું દુ:ખદ અકાળ અવસાન અને એની આસપાસ ગૂંથાયેલું રહસ્યનું જાળું વધુ ને વધુ ગૂંચવાતું જાય છે.

મંગળવારે (૨૧ જુલાઈએ) જાણીતા ફિલ્મ જર્નલિસ્ટ રાજીવ મસંદની પોલીસે પૂછપરછ કરી. વાત એમ છે કે મૂળ ટીવી-પત્રકાર રાજીવ મસંદે અમુક અંગ્રેજી સાપ્તાહિકમાં અવારનવાર સુશાંતસિંહ રાજપૂતની કારકિર્દી વિશે, એના અંગત જીવન વિશે (સુશાંતનું નામ લીધા વિના) એલફેલ લખ્યું હોવાનું કહેવાય છે. હવે પોલીસે એને શું પૂછ્યું ને એના રાજીવે શું જવાબ આપ્યા એ બધું ફરી ક્યારેક. અત્યારે તો રઘુ વાત કરવા માગે છે સુશાંતસિંહના અપમૃત્યુ બાદ બની ગયેલા ચિત્રનગરીના કલુષિત વાતાવરણ વિશે... અનેક એક્સપર્ટો ચાલુ ગાડીમાં ચડી બેઠા છે.

કંગના રણોટ

જો કે કંગના રણોટ માટે આમ કહી શકાય એમ નથી, કેમ કે નેપોટિઝમ એક્સપ્રેસ નામની ગાડીની ડ્રાઇવર જ એ પોતે છે. બીજા કેટલાક તકસાધુ મૌકે કા ફાયદા ઉઠાવી એમાં ચડી બેઠા છે. એમને સમાચારમાં રાચવું છે. એમને પ્રાઈમટાઈમમાં ન્યૂઝચેનલ પર ચમકવું છે. આવી જ એક પ્રાઈમટાઈમ ન્યૂઝચેનલ પર કંગનાએ પ્રતિભાશાળી અભિનેત્રી તાપસી પન્નૂને (અને સ્વરા ભાસ્કરને) બી ગ્રેડની ઍક્ટ્રેસ લેખાવતાં કહ્યું: 'બન્ને આલિયા ભટ્ટ-અનન્યા પાંડે કરતાં દેખાવમાં સારી હોવા છતાં અભિનય બન્ને કરતાં સારો કરતી હોવા છતાં કેમ એમને કામ નથી મળતું? એમને એમ થતું હશે કે કંગનાને જ નેપોટિઝમનો પ્રોબ્લેમ છે... અમને તો કરણ જોહર ગમે છે... જો તમને કરણ જોહર ગમે છે તો તમને કેમ કામ નથી મળતું?'

તરત આનો તર્કબદ્ધ જવાબ આપતાં તાપસીએ કહ્યું: 'તમે (કંગના) જેને નફરત કરો છો, ધિક્કારો છો એને હું નફરત નથી કરતી એનો અર્થ મને એ વ્યક્તિ ગમે છે કે હું એને તાબે થઈ ગઈ એવો નથી થતો... હું એને (કરણને) ઓળખતી પણ નથી. *કેમ છો? મજામાં? થેન્ક યુ...* સિવાય અમારી વચ્ચે કોઈ વાત થતી નથી. (આ તો બસ, મને એ નથી ગમતો તો ઈન્ડસ્ટ્રીમાં કોઈને ન ગમવો જોઈએ!) છે આમાં કોઈ તર્ક? કંગનાને એનો મત વ્યક્ત કરવાનો પૂરો અધિકાર છે તો મને પણ. અને જસ્ટ બિકોઝ, મારો ઓપિનિયન એના ઓપિનિયન સાથે મૅચ ન થાય તો એનાથી કંઈ હું ઊતરતી નથી બની જતી.'

બસ, મુદ્દો આ છે. કંગનાની અને એને આંખ મીંચીને ટેકો આપનારા, જેમને બોલીવૂડ કેવી રીતે કામ કરે એના વિશે કોઈ ગતાગમ નથી એવા લોકોનો માત્ર એક એજન્ડા છે: અમે કહીએ છીએને કે બોલીવૂડમાં અમુક માફિયાની દાદાગીરી ચાલે છે એટલે બીજાએ પણ એ માનવાનું-અને માનવાનું એટલું જ નહીં, અમારી સાથે નફરતની એ ધૂન ઝીલતાં ઝીલતાં ડિસ્કો કરવાનો અને એ રીતે ટીઆરપી (પોતાની ચેનલ વધુ ને વધુ જોનારા દર્શકો) મેળવવાના. શું કામ ભાઈ? તાપસી કહે છે એમ, *ન તો મારે (કોઈના માટે) કડવાં વેણ કાઢવાં છે કે નથી કોઈના મૃત્યુનો અંગત અદાવત માટે ફાયદો ઉઠાવવો.*

તાપસી પન્નૂ

– અને એવું નથી કે તાપસીએ પોતાને થયેલા અન્યાય સામે અવાજ નથી ઉઠાવ્યો. હજી આ જ વર્ષે *પતિ, પત્ની ઔર વોહ*માંથી ખોટા કારણસર રાતોરાત તાપસીને કાઢીને અનન્યા પાંડેને લેવામાં આવી ત્યારે એણે સોઈ ઝાટકીને જાહેરમાં વિરોધ નોંધાવેલો. ફિલ્મના ડિરેક્ટર પણ તાપસીની તરફેણમાં બોલેલા. કહેવાનો અર્થ એ કે વાતમાં સચ્ચાઈ હોય, ઈરાદો પવિત્ર હોય તો અહીં ટેકો આપવાવાળા પણ છે.

રઘુને એમ થાય કે હાલ ચિત્રપુરની સમસ્યા નેપોટિઝમ છે કે બેકારીની? અત્યારે તાતી જરૂરત છે સૌએ સાથે મળીને લૉકડાઉનને લીધે બેકાર બનેલા કસબીઓની સમસ્યા સુલઝાવવાની... ફિલ્મનાં શૂટિંગ ઠપ્પ છે, ટેક્નિશિયનો પાસે કામ નથી.

રઘુની એવા કસબી સાથે વાત થઈ, જેમને માટે એક-એક દિવસ કાઢવા મુશ્કેલ છે. આના વિશે કોઈ ક્યારે બોલશે? બાકી, સુશાંતસિંહ રાજપૂતના અપમૃત્યુની પૂરી તપાસ થવી જ જોઈએ અને એ માટે જે જવાબદાર હોય એમને કડક સજા થવી જ જોઈએ, પણ રોજ રાતે ટેલિવિઝન પર ન્યાય તોળીને સજા આપવાનો અધિકાર હજી સુધી તો બંધારણે કોઈને આપ્યો હોય એવું રઘુની જાણમાં નથી. ◻

ઘી એન્ડ...

આ આખી ચર્ચામાં શ્રુતિ સેઠ કરીને એક અભિનેત્રીએ ઝંપલાવતાં કહ્યું કે ઇન્ડસ્ટ્રીમાં મારાં કોઈ કનેક્શન ન હોવા છતાં મને મારા વ્યવસાયમાંથી ઘણું બધું મળ્યું છે. યાદગાર ફિલ્મો મળી, પ્રતિભાશાળી લોકો સાથે કામ કરવા મળ્યું, વગેરે વગેરે. તરત કોઇએ જવાબ આપતાં કહ્યું: 'બહેન, તારી પૂરી કારકિર્દીમાં તેં આઠેક ફિલ્મમાં કામ કર્યું હશે. એ બધી ફિલ્મના રોલની લંબાઈ ભેગી કરીએ તો માંડ ત્રીસ મિનિટ થાય. એક કૉમેડી શોમાં ઍન્કર બનતી તો ત્યાં પણ બેઇજ્જત જ કરવામાં આવતી. તું તો રહેવા જ દેજે!'

આ છે પુસ્તકપ્રેમીઓનો નવો અફેર..!

ઈશિતા પાસે એક બહુ મજાનું બુકમાર્ક છે. પુસ્તક વાંચતાં વાંચતાં બંધ કરીએ ત્યારે કયા પૃષ્ઠ પર આપણે અટક્યાં એની નિશાની રૂપે ઘણા એ પાનાનો એક ખૂણો વાળે, જેથી ત્યાંથી વાંચન આગળ ધપાવી શકાય. જો કે આવી *નિશાની* કરીને પુસ્તકનાં પાનાંને લાંબે ગાળે નુકસાન થતું રોકવા હવે બધા બુકમાર્ક વાપરે છે.

આ *બુકમાર્ક* એટલે શું એને ગુજરાતીમાં કંઈક આ રીતે સમજાવી શકાય:

પુસ્તકમાં નિશાની માટે મૂકવામાં આવતી કાચા કાર્ડ-બોર્ડની ઊભી કાપલી કે પુસ્તક સાથે સંકળાયેલી દોરી આવાં જાત-ભાતનાં બુકમાર્ક *ઈશિતા*ના સંગ્રહમાં છે. એ બધાં પર પુસ્તક-વાંચનને લગતાં પ્રેરક સૂત્રો છે.

આમાંનું એક, જે *ઈશિતા*ને બહુ ગમે છે એ છે વિદ્વાન રાજકારણી **ગંગાધર ટિળક**નું સૂત્ર:

હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે એનામાં એક શક્તિ છે કે એ જ્યાં હશે ત્યાં સ્વર્ગ રચી દેશે!

પુસ્તકને લગતાં આવાં સૂત્રને અનુસરનારા અનેક

પુસ્તકપ્રેમીઓ હોય છે. *ઈશિતા*ને કોઈ અચ્છું પુસ્તક વાંચવા મળી જાય તો એ તરત જ એના મિત્રોને એ પુસ્તક વાંચી જવા કહે. હવે તો સારાં-વાંચવાલાયક પુસ્તકો વિશે *વ્હૉટ્સઍપ* કે *હૅન્ગઆઉટ* જેવી ઍપ દ્વારા પણ માહિતી આપી શકાય.

સોશિયલ નેટવર્કિંગ મિડિયા પર *ઈન્સ્ટાગ્રામ* પણ એક બહુ લોકપ્રિય સર્વિસ છે, જેના દ્વારા ફોટા, વિડિયો ક્લિપ ને મેસેજ મોકલી શકાય-મેળવી શકાય. આજે જાહેર જીવનની લોકપ્રિય વ્યક્તિઓ *ઈન્સ્ટાગ્રામ*નો છૂટથી બહોળો ઉપયોગ કરે છે. *ઈન્સ્ટાગ્રામ* દ્વારા લાખો-કરોડો કમાતા સિનેસ્ટાર્સ અને ક્રિકેટરો પણ છે. ટૂંકમાં, આજની યુવાપેઢીમાં પૉપ્યુલર થવું હોય તો *ઈન્સ્ટાગ્રામ* જેવું બળૂકું અસરકારક સાધન બીજું એકેય નથી. હમણાં હમણાં બુકલવર્સ એટલે કે પુસ્તકના ચાહકોમાં *ઈન્સ્ટાગ્રામ*નો ઉપયોગ જોરશોરથી થવા લાગ્યો છે.

ગમતાં પુસ્તકોનાં મુખપૃષ્ઠ કે એનાં અમુક રસપ્રદ પૃષ્ઠ અથવા તો પુસ્તકની સમીક્ષા, ઈત્યાદિ પુસ્તકપ્રેમીઓ અન્ય પુસ્તકચાહકોને મોકલે છે-ફૉરવર્ડ કરે છે *ઈન્સ્ટાગ્રામ*થી... આવા પુસ્તકચાહકો માટે સોશિયલ મિડિયામાં એક નવો શબ્દ પણ ઉમેરાયો છે: *ઈન્સ્ટાગ્રામર્સ* ને આવા મેસેજ કે પોસ્ટ *બુક્સટાગ્રામ* તરીકે જાણીતા છે. પુસ્તકોને લગતી આવી *બુક્સટાગ્રામ* પોસ્ટ બહુ જ ઝડપથી પ્રચલિત ને પૉપ્યુલર થઈ રહી છે. પુસ્તકો વિશેનાં આવાં આદાનપ્રદાન ઉત્સુકતા જગાડે એવાં છે... પુસ્તકપ્રેમી *ઈશિતા* પણ બહુ જ જલદી આવી *ઈન્સ્ટાગ્રામર* બનવાની છે!

બહાનાંબાજીના બાદશાહ

***હોઠ** સાજા તો ઉત્તર ઝાઝા* એવી આપણી એક કહેવત છે. *બોલે એનાં બોર વેચાય* ને *ન બોલવામાં નવ ગુણ* એવી વિરોધાભાસી ઉક્તિઓ પણ છે. હકીકત એ છે કે માનવમાત્ર વાચાળ પ્રાણી છે, પણ ક્યારે બોલવું ને ક્યારે મૌન રહેવું એ પણ એક કળા છે, જે બધાંને સહજ કે સાધ્ય નથી હોતી.

બોલવું આપણા માટે એકદમ સહજ છે એટલે અચાનક એવી નાઅનુકૂળ પરિસ્થિતિમાં મુકાય તો જીભની હાજરજવાબી દ્વારા રસ્તો કાઢવો પડે. આ કળા મોટા ભાગે સરકારીબાબુ કે કર્મચારીને બહુ જ અચ્છી રીતે હસ્તગત હોય છે. ખાસ કરીને કામ ટાળતા-ન કામ કરતા આળસુ લોકો જવાબ ઉપજાવવાની કળામાં માહેર હોય છે.

આવા કામચોર કર્મચારીઓથી ત્રાસીને રશિયા-સાયબેરિયાના મેજિયોન નગરના મેયરે તાજેતરમાં સરકારી કર્મચારીઓ જોગ એક નોટિસ બહાર પાડી છે, જે અનુસાર અહીં દર્શાવેલાં કેટલાંક વાક્ય (હકીકતમાં બહાનાં!) પોતાના ઉપરી તેમ જ નાગરિકો સમક્ષ ઉચ્ચારવાની ચોખ્ખી ના પાડી દીધી છે, જેમ કે...

- સૉરી સર, એ ફાઈલ મળતી નથી...
- કાલે મારી તબિયત બરાબર નહોતી એટલે કામ થયું નથી. સૉરી, સર...
- સર, આ કેસ-ફાઈલ તો હું નહીં, પણ ઢીંકણો સંભાળે છે એટલે આઈ નો નથિંગ...
- લંચ ટાઈમ... પછી આવજો!
- સાહેબ મીટિંગમાં છે. ફ્રી થશે પછી જાણ કરીશ...

મેયરશ્રીએ જાહેર કર્યું છે કે આ પ્રકારનાં કારણ કે બહાનાં ઉપરી અમલદાર કે સરકારી કામ માટે ઑફિસે આવેલી વ્યક્તિ સમક્ષ ઉચ્ચારવાનાં નહીં... આનો ભંગ થશે તો એ સરકારી કર્મચારી વિરુદ્ધ સખત પગલાં લેવામાં આવશે! રશિયા હોય કે આપણી સરકારી કચેરી, કાગડા બધે બ્લૅકમ બ્લૅક!

એલચી

*'ચિત્રલેખા'*ના સંસ્થાપક-તંત્રી ***વજુભાઈ કોટક***નું એક વિધાન અહીં એલચી રૂપે:

તમારું તીર નિશાન પર ત્યારે જ પહોંચે જો તમે એને હાથમાંથી છૂટું મૂકો તો...!!

પૃષ્ઠ સંખ્યા: ૪૮

NK Proteins

Sunpride
SUNFLOWER OIL

વિટામિન્સ અને એન્ટી-ઓક્સિડન્ટ્સમાં સમૃદ્ધ

MY CHOICE
MY PRIDE

Sonam A Kapoor

"હંમેશાં દરેક ભૂમિકામાં મારો શ્રેષ્ઠતમ પ્રયાસ કરું છું. અને ઉત્તમ પર્ફોર્મન્સ કરવા માટે ઉત્તમ આરોગ્ય જરૂરી છે! મારા આરોગ્યનું સિક્રેટ સનપ્રાઈડ સનફ્લાવર ઓઈલ છે." **- સોનમ કપૂર**

સનફ્લાવર ઓઈલના ફાયદા

- વિટામિન A, D અને E થી સમૃદ્ધ
- બેડ કોલેસ્ટરોલ ઓછું કરે છે
- MUFA, PUFA સહિત અને ઓછું સેચ્યુરેટેડ ફેટ્સ

Tiger

CG-RNI 1747/57-Regd No. MCN/182/2018-2020. License to post without prepayment under "WPP" license No. MR/Tech/WPP-55/North/2018-2020
Posted At- PSO, AHD-380002. Published on 20-7-2020 posted on every Friday & Saturday. Pages 48

સૌના મોઢે સ્વાદ ને સ્માઈલ લાવે !

મસાલાનાં માપ યાદ રાખવાથી મુક્તિ અપાવે,
હોય ચાઈનીઝ, પંજાબી કે ગુજરાતી વાનગીઓ,
ચપટી વગાડતા બનાવે !

SINCE 2008

રસોઈ માટે તૈયાર...

શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

સંપૂર્ણ જૈન

વિવિધ 52 પ્રકારના તૈયાર મસાલાની વિશાળ શ્રેણી...

NO onion garlic

NO tuber-roots

100% natural product

★ બીજો કોઈપણ જાતનો સુકો મસાલો તેમજ મીઠું વાપરવું નહિ.
★ વાનગી પેકેટ પાછળ આપેલ રીત મુજબ જ બનાવવી.

IMAGE MAKER - 09327020557

★ હવે ઘેર બેઠાં ઓનલાઈન શોપીંગ કરો,
વેબ સાઈટ દ્વારા....

www.shriharimasala.com

CUSTOMER CARE : Whatsapp 94092 00015

E-mail: shriharimasalahalol@gmail.com

સંપૂર્ણ સાઉથ ગુજરાત માટે અને સંપૂર્ણ મુંબઈ શહેર માટે
(પ્રત્યેક એરિયાનું નેટવર્ક ધરાવતા) સુપર સ્ટોકિસ્ટો જોઈએ છે...

તાત્કાલીક સંપર્ક કરો: 09228312439

બનાવે ઘેર ઘેર અવિરત વાનગીઓ...